# આપણી મા

**ખંભોળજ ધર્મવિભાગનું ત્રિમાસિક મુખપત્ર**

★ વર્ષ : ૫ ★ અંક : ૧૯ ★ જુલાઈ થી સપ્ટેમ્બર ૨૦૧૮ ★

## ખંભોળજ તીર્થ ધામ આપને હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે....






પ્રભુ કહે છે....
આ મંદિરના પહેલાંના વૈભવ કરતાં
હવે પછીનો વૈભવ ચઢી જશે....
અને આ મંદિરમાં આવનારને હું સુખ
અને શાંતિ આપીશ....(હગાઈ ૨ : ૯)




આપણી ચિત્રચા માટે

ધો. ૧૦ તથા ૧૨, કોલેજ પાસ-નાપાસ માટે ૧૦૦% જોબ લક્ષી કોર્ષ

હોસ્ટેલ સુવિધા

ગ્લોબલ હેલ્થ એન્ડ એજ્યુકેશન

# સંકલ્પ એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટ

સ્કોલરશીપ સુવિધા

પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજનાના અધિકૃત તાલીમ ભાગીદાર

GOVERNMENT OF INDIA MINISTRY OF SKILL DEVELOPMENT & ENTREPRENEURSHIP

| ક્રમ | કોર્ષનું નામ | લાયકાત | મુદ્દત |
|---|---|---|---|
| ૧ | જી. એન.એમ. (બેંગ્લોર) | ૧૨ પાસ | ૩ વર્ષ |
| ૨ | પેશન્ટ કેર આસીસ્ટન્ટ | ૧૦, ૧૨ પાસ | ૧ વર્ષ |
| ૩ | ડીપ્લોમા ઈન પ્રેકટીકલ નર્સીંગ એન્ડ પેશન્ટ કેર આસીસ્ટન્ટ | ૧૦, ૧૨ પાસ | ૨ વર્ષ |
| ૪ | ડીપ્લોમા ઈન ઓ.ટી આસીસ્ટન્ટ | ૧૦, ૧૨ પાસ | ૧ વર્ષ |
| ૫ | ડીપ્લોમા ઈન મેડીકલ હેલ્થ પેશન્ટ કેર આસીસ્ટન્ટ | ૧૦ નાપાસ | ૧ વર્ષ |
| ૬ | P.C.B.Sc. (બેંગ્લોર) | GNM | ૨ વર્ષ |
| ૭ | બી.એસ.સી. નર્સીંગ (બેંગ્લોર) | ૧૨ પાસ (સાયન્સ) | ૪ વર્ષ |

ST/SC વિદ્યાર્થીઓ માટે
અત્યંત નજીવી એડમીશન ફી માં

GNM

NIOS (National Institute of Open School)
દ્વારો ધો. ૧૦ અને ધો. ૧૨ નાપાસ થયેલ
વિદ્યાર્થીઓ માટે પાસ થવાની સુર્વણ તક

ગુજરાત સરકાર એજ્યુકેશન બોર્ડ
સમકક્ષ સર્ટીફીકેટ ભારત સરકાર માન્ય

અનાથ બાળકો માટે તદ્દન મફત એજ્યુકેશન

# અર્પણ કેશવલાલ મધુકર

બી-૫, ત્રીજો માળ, વીર્ગો શોપીંગ સેન્ટર, સંતરામ રોડ, નડિયાદ.

Mo. 99740 89409, 94094 52002

બ્રાન્ચ -૧ : એફ. ૧૪, મારૂતી કોમ્પલેક્ષ, નિઝામપુરા બસ ડેપોની સામે, છાણી જકાતનાકા રોડ, વડોદરા.

Mo. 98981 33780, 99740 89409

# આપણી મા

ખંભોળજ ધર્મવિભાગનું ત્રિમાસિક મુખપત્ર :
(જુલાઈ-૨૦૧૮ થી સપ્ટેમ્બર-૨૦૧૮) વર્ષ-૫, અંક-૧૯
આશીર્વાદ : પ.પૂ. બિશપ રત્નસ્વામી
પ્રકાશક : ફાધર લૉરેન્સ એ., સભા પુરોહિત
મેનેજિંગ તંત્રી : ફાધર પાક્યરાજ
તંત્રી : શૈલેષ પી. વાણિયા
તંત્રી મંડળ : (૧) ફાધર અરૂલ (૨) ફાધર અપ્પાતુરાઈ (૩) ફાધર અરસકુમાર (૪) રાજુભાઈ પરમાર (ઓડવાળા) (૫) રાજબંધુ જયંત એમ., વડોદરા (૬) પ્રકાશચંદ્ર ટી. પરમાર, પેટલાદ (૭) વિમળાબેન મેકવાન, નડીયાદ (૮) શૈલેષ રાઠોડ (૯) શૈલેષ ક્રિસ્ટી (૧૦) રમેશ ક્રિસ્ટી (૧૧) અનિલ વાઘેલા (૧૨) સુનિલ રાઠોડ (૧૩) સિ. રેશ્મા
મુદ્રણ : વનિતા કોમ્પ્યુટર એન્ડ પ્રિન્ટર્સ, આણંદ. ૯૯૭૪૨૮૨૨૪૭
કાર્યાલય : કેથોલિક ચર્ચ, ખંભોળજ - ૩૮૮ ૩૩૦.
જિ. આણંદ. (ફોન : ૦૨૬૯૨-૨૭૨૪૬૩)

આપના સૂચનો અને પ્રતિભાવો તંત્રીને અવશ્ય લખી મોકલો, જે પ્રસિધ્ધ કરવામાં આવશે. પ્રત્યેક લેખકે પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો અગાઉ ન મોકલ્યો હોય તો પોતાના લેખ સાથે અવશ્ય મોકલવો. સહકારની અપેક્ષા સાથે આભાર.

## : આપણી મા મુખપત્ર જાહેરાતના દર :

રંગીન કવર પેજ (બહારનું છેલ્લું પાન) : ૩૦૦૦/-
રંગીન કવર પેજ (અંદરની બાજુ) : ૨૫૦૦/-
આખુ પેજ (અંદરનું Black & white) : રૂપિયા ૧૦૦૦/-
અડધું પેજ (અંદરનું Black & white) : રૂપિયા ૫૦૦/-

જે શ્રધ્ધાળુ ભાઈબહેનો પરમપૂજા અર્પણ કરે છે તેમને આપણી મા સામયિક ફ્રી આપવામાં આવે છે. જાણ સારુ.

બર્થડે ઉજવણી, લગ્નની ઉજવણી, પ્રથમ ખ્રિસ્તપ્રસાદ ગ્રહણ કરનાર ધર્મજનો માટે શ્રધ્ધાંજલિ, નાતાલ-નવા વર્ષની શુભેચ્છા, પાસ્ખા પર્વની શુભેચ્છા, દાંપત્ય જીવનની રજત જયંતિ ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી માટે 'આપણી મા' મુખપત્રમાં જાહેરાત આપો અને માની અઢળક કૃપાઓ મેળવો.

આપણી મા ત્રિમાસિક સામયિકનું વાર્ષિક લવાજમ માત્ર ૬૦ રૂપિયા છે. આપનું લવાજમ આજે જ ભરો.

પાનાં પલટાવતાં...

| | |
|---|---|
| સંદેશ- ફાધર લૉરેન્સ એ. | ૨ |
| સૌંદર્ય -તંત્રી શ્રી શૈલેષ વાણીયા | ૩ |
| ઋણ સ્વીકાર - આગમન - નિર્ગમન | ૪ |
| ઈસુનુ મન -અનિલ વાઘેલા | ૫ |
| પિતાના આશીર્વાદ - ફ્રાન્સિસ ગાલુસ મેકવાન | ૭ |
| ટેલિપથી - દૂરદર્શન મારી સંવેદના... - ડૉ. કે.પી. રાજભારતી | ૮ |
| ટીનેજર્સ શક્તિઓ જાગૃત કરીએ- શૈલેષ રાઠોડ | ૯ |
| જીવન ઝરમર - થીઓફિલ એમ. પરમાર | ૧૦ |
| ટેલીવીઝન ઈડીયટ બોક્સ - એડવીન મેકવાન | ૧૧ |
| અનમોલ - ડૉ. આર. કે. પરમાર | ૧૨ |
| પ્રાર્થના -લૉરેન્સ રાઠોડ | ૧૨ |
| બાળમિત્ર -સ્વભાવ -તંત્રી શ્રી શૈલેષ વાણીયા | ૧૩ |
| દનિયાની માંદગીની સાચો ઉપાય-પ્રેમ -રાજબંધુ જયંત પરમાર | ૧૪ |
| નાઝરેથના મરિયમ - છાયાબેન બી. ખ્રિસ્તી | ૧૫ |
| એક કડવું સત્ય - અશ્વિન સાયમન | ૧૫ |
| આપણી મા -રાજેશ ચૌહાણ | ૧૬ |
| માવલડીએ હાંક સાંભળી -ક્રિસ્ટી રમેશભાઈ ગુતાલવાળા | ૧૭ |
| પ્યારી મા - રાજેશભાઈ ઓડવાળા | ૧૮ |
| પ્રભુ પુરુ પાડશે - ડૉ. આર. કે. પરમાર | ૧૯ |
| હસતા રહેજો... - સુનિલ રાઠોડ | ૨૦ |
| રોટી ડે - જોન ફિલીપ મેકવાન | ૨૧ |
| બાઈબલ ક્વીઝ | ૨૨ |
| જીવન બદલો - ઈમાનુએલ (ઈમુ) | ૨૩ |
| મનની શક્તિ - શૈલેશ ક્રિસ્ટી | ૨૪ |
| અનાથોની માતાની મળેલી કૃપાની સાક્ષી | ૨૫ |
| અનાથોની માતાનું તીર્થધામ સમાચાર | ૨૬ |
| તમારો પત્ર | ૨૯ |
| કાવ્ય વિભાગ | ૩૧ |

તમારો પત્રવ્યવહાર નીચેના ઈમેઈલ એડ્રસ પણ આપ કરી શકો છો.

E-mail : ફાધર લૉરેન્સ એ. : frlawrencea@gmail.com
Mo. 9426759326
તંત્રી : શૈલેષ વાણિયા મો. ૯૭૨૪૦ ૫૧૪૭૨
shailesh.v18174@gmail.com

ખંભોળજ ધર્મવિભાગના મુખપત્ર આપણી મા બાબત :

મુખપત્ર માટે ખ્રિસ્તી, સામાજિક તેમજ ધાર્મિક મુદ્દાઓની યોગ્ય છણાવટ કરતા તેમજ સામાજિક ઉન્નતિમાં મદદરૂપ થાય તેવું હકારાત્મક વલણ ધરાવતું લખાણ મોકલવું. ચર્ચ, સમાજ કે વ્યક્તિ વિરોધી વલણ ધરાવતા લેખોને પ્રાધાન્ય આપવામાં આવશે નહીં. જે તે લેખની જવાબદારી જે તે લેખકની રહેશે. મુખપત્રમાં ધંધાની જાહેરાત, શ્રધ્ધાંજલિ, કોઈપણ પ્રકારની શુભેચ્છાઓ નિયત દરે આપી શકાશે. આપણી માના પ્રકાશન કાર્ય માટે ઉદારતાથી ફાળો આપ. આપની 'અનાથોની મા' વિશેની સાક્ષી ફોટા સાથે આવકાર્ય 'આપણી મા' મુખપત્ર માત્ર ખાનગી વિતરણ માટે જ છે.



# સંદેશ

- ફાધર લૉરેન્સ એ.

મે મહિનામાં કોઈ  ફાધર મને મળવા આવ્યા. પાસ્ટર સેન્ટર નડિયાદમાં મેં કહ્યું જૂન મહીનાની ૧૨ તારીખ પછી હું નથી.  તેમણે મને પૂછ્યું ક્યાં જાવ છો. મેં જવાબ આપ્યો અનાથોની માતા ખંભોળજ ધામમાં સભાપૂરોહિત તરીકે. તમે કેટલા વર્ષથી નડિયાદ પાસ્ટર સેન્ટરમાં છો. મેં જવાબ આપ્યો નવ વર્ષથી આ સેન્ટરને મેં સાચવ્યું છે, ચલાવ્યું છે. અચાનક તાબામાં જાવ છો ત્યાં તમે સેટ થશો. એકઝસ થશો, ત્યારે મેં કહ્યું દરેક પીસ્ટ એક પાસ્ટર છે. પાસ્ટર એટલે ધર્મજનોને આધ્યાત્મિક ભાથું પીરસનાર સાચા ગોવાળની જેમ ધર્મજનોની કાળજી લેનાર, માર્ગદર્શન આપનાર તેઓને આધ્યાત્મિક રીતે દોરવા.

માના ધામમાં ભલે અનેક પડકારો આવે હું સતત પડકારોને ઝિલતો રહીશ. ઈશ્વરનું કામ કરતો રહીશ. મા મરિયમ મને પ્રેરણાને શક્તિ પુરા પાડતા રહેશે. આ સમયે મને એક સંત મધર ટેરેસાની કવિતા યાદ આવે છે. તમારી અને ઈશ્વરની વચ્ચે લોકો વારંવાર સ્વકેન્દ્રીત અને અમર્યાદિત તેઓને માફ કરી દો. ગમે તે રીતે તેઓને માફ કરજો.

- તમે પ્રેમાળ અને It's between you and God દયાળુ બનશો તો તમારા વાંક કાઢશે.
- તમે સ્વાર્થી છો, તમારો હેતુ બીજો હશે એમ કરશો તો પણ ગમે તે રીતે તમે સફળ બનશો.
- અમુક ખોટા મિત્રોને મેળવશો અને અમુક સાચા દુશ્મનોને પણ જીતશો તો પણ ગમે તે રીતે સફળ થશો.
- તમે પ્રામાણિક અને સરળ હશો. લોકો તમને છેતરશે. ગમે તે રીતે પ્રામાણિક અને સરળ રહેજો.


અન્ય લોકો તમારી ઉપર અદેખાઈ રાખશે તો પણ આનંદમાં રહેજો. જે સારું તમે આજે કરો લોકો આવતી કાલે ભૂલી જશે, ગમે તે રીતે સારું કરજો. દુનિયાને તમારામાં સૌથી સારું છે તે આપજો. તે કોઈપણ પ્રકારે પૂરતું હોતું નથી ગમે તે રીતે દુનિયાને તમારામાં જે સારું છે તે આપજો. કેમ ? કેમ કે છેલ્લે આ બધું તમારી અને ઈશ્વર વચ્ચેનું છે. કદી તમારી અને લોકો વચ્ચેનું નહોતું. આજ મારો સંદેશ છે. જે કંઈ કરવા માંગુ છું તે લોકો માટે નહીં ઈશ્વર માટે છે.

# અનાથોની માતાનું ધામ

## :: કાર્યક્રમની રૂપરેખા ::

| | |
|---|---|
| ૧૫-૭-૧૮ | રવિવાર સવારે ૧૦-૦૦ કલાકે બાળદિન કાર્યક્રમ |
| ૨૯-૭-૧૮ | રવિવાર સવારે ૧૦-૦૦ કલાકે સિનિયર સિટીઝનની ઉજવણી |
| ૧૬-૯-૧૮ | રવિવાર સવારે ૧૦-૦૦ કલાકે મહિલાઓ માટે કાર્યક્રમ (મહિલા દિનની ઉજવણી) |
| ૨૩-૯-૧૮ | રવિવાર સવારે ૧૦-૦૦ કલાકે યુવક-યુવતિઓ માટે કાર્યક્રમ |

**સભાપુરોહિત - ફાધર લોરેન્સ એ.**
**ખંભોળજ**



## ધર્મશિક્ષણ વર્ગ

બીજો ને ચોથો રવિવાર

સવારે ૯-૪૫ થી ૧૦-૩૦

**:: સ્થળ ::**

કેથૉલિક ચર્ચ, ખંભોળજ,

**સભા પુરોહિત : રેવ. ફાધર લોરેન્સ એ.**



# સૌંદર્ય

તંત્રીશ્રીની કલમે -શૈલેષ વાણીયા

જીવન જીવવા માટે શું કરીએ છીએ. પેટનો ખાડો પુરવા અર્થાત પરિશ્રમ કરવો પડતો હોય છે. હું ડૉક્ટર છું, હું આચાર્ય છું, હું મેનેજર છું, હું ખેડુત છું, હું પત્રકાર છું, હું બેકાર છું. પ્રશ્ન જાતને પુછીએ. મારું યોગદાન શું ? ઘર, કુટુંબ, સમાજ, દેશ માટે સારા પૈસા કમાવવા, એસો આરામની જિંદગી વિતાવવી, વૈભવશાળી મકાનોમાં રહેવું, મોજશોખ પાછળ પુષ્કળ સંપત્તિ ઉડાડવી, એથી બીજી વ્યક્તિને શો લાભ ? અન્યને શું ફાયદો ? મોટો પ્રશ્ન છે.

વાંચક મિત્રો મનમાં મૂંઝવણ થતી હતી કે લાવ કંઈ એવું સર્જન કરું કે મારા ઘર, કુટુંબ, સમાજ, દેશ હિતમાં ઉપયોગી થાય. લખતા લખતા વિચાર આવ્યો કે સૌંદર્ય પામવા માટે માનવી વલખે છે. જાતજાતની મેડીસનનો ઉપયોગ કરે છે. અવનવા રસ્તા અપનાવે છે. ધુમ નાણાંને સમય બરબાદ કરે છે. સાચું સૌંદર્ય તો આપણી ભીતર છે. આપ પણ વિચાર શો કે લેખક/સર્જક વળી આ પાછું શું લઈ આવ્યા. સુંદર વસ્તુ બધાને ગમે એ વાત સાવ સાચી છે. સારું સૌને ગમે બહારથી હમે કે અંદરથી એ એક સત્ય છે આજે જ્યાં જુઓ ત્યાં એક બોલે, સારું તો બીજો વિચાર્યા વગર વાતને સારી કહેશે. વાસ્તવિકતા કંઈ ઔર હોય છે. એક વખાણે તરત જ બીજો વખાણ કરવા લાગે. હાજર હોય ત્યાં સુધી પછી નિવેદન બદલાય છે. પહેલા સારું કહ્યું હોય ને બીજો આવતા તૈયારીમાં તે ખરાબ થઈ જાય છે. માટે જ ગુજરાતીમાં સરસ મઝાની કહેવત છે. ગાઈ તેને ગાવા લાગે, કુટે તેને કુટવા લાગે. આ પરિસ્થિતિ આજે બધાની છે. સૌંદર્ય એક સત્ય છે. હકીકત છે. તેનો સ્વાકીર ખૂબ અઘરી બાબત છે.

શ્રી શૈલેષ રાઠોડ મિત્રનો સરસ મઝાનો લેખ વાંચવા મળ્યો. તેમાં તેઓ જણાવે છે કે આનંદ અને વિશ્વાસ સાથે જેની સવાર પડે તે દુનિયાનો સૌથી સુખી માણસ. આ વાત સાથે વ્હાલા વાંચક મિત્રો હું તો સંમત છું, તમે ખરા ? જરા તપાસીએ આપણા અંતર જો હું આનંદ અને વિશ્વાસ સાથે દિનની શરુઆત કરું છું, જો કરતો હોઉ તો મારા માટે સૌંદર્ય. ને ન કરતો હોઉં તો પછી સૌંદર્ય વિસે ચર્ચા કરવાનો મને કોઈ હક્ક નથી. ઉપરના વાક્યમાંથી જીવનમાં ઘણું બધું શીખવા મળે છે. જેના જીવનમાં આનંદ, વિશ્વાસનો અભાવ છે. તેવી વ્યક્તિ સૌંદર્યને કેવી રીતે પામી શકવાની. પોતે ભાગી ગયેલ અવસ્થામાં હોઈ બીજાને શું કહેવાનો. કોઈ કવિએ સાચેજ કહ્યું છે, "સૌંદર્ય બનતા પહેલાં સૌંદર્ય પામવું જોઈએ.'' બાહ્ય સુંદરતાની સાથે આંતરીક સુંદરતા એટલી જ અગત્યની છે. અત્યારે સર્વ સામાન્ય રોગ સર્વમાં વ્યાપી ગયો છે. તે છે સહનશક્તિનો અભાવ. સૌંદર્યને માણવું છે. પામવું છે, જોવું છે, તો ઘણી બાબતોને જીવનમાંથી દૂર કરવી પડશે. જે સર્વ સામાન્ય છે. આજે માણસમાં રોગની માત્રા વધી ગઈ છે. શારીરિક રોગનો રાફડો ફાટી નીકળ્યો છે. કોઈને કોઈની સાથે વાતચીત કરતા જોતા સહન થતું નથી. તરત જ ઘટના ઘોડા પુરપાટ દોડવાના ચાલુ થઈ જાય છે. મનમા વિચારો હરણફાળ વેગ પકડે છે. શું કહેતો હશે ? મારી વાત ચાલતી હશે, કેમનો પેશી ગયો. ખોટું થયું. ભેગા થઈ ગયા. અનેક જાતના વિચારો અનેક પ્રશ્નો ખાલી દિમાગમાં ભરી દે છે. વાંચકો આજુબાજુ રોગથી પીડાતા ઘણી વ્યક્તિઓ તમને જોવા મળશે. દર્દી વિચારે છે કે હું કહું છું સામાવાળાને ગતાગમ લેતી નથી. ના... ના... તદ્દન ખોટી વાત છે. જોનારા જાણે છે. કે આ ભાઈ-બહેનની માનસિકતા પછાત છે, સારો વિચાર તેમના મગજમાં ક્યારેય ન આવી શકે. જીવનમાં તેઓએ ક્યારેય સારું વિચાર્યું નથી. આવી બિમારી વાળી વ્યક્તિ બાહ્ય સૌંદર્ય છે, આંતરીક સૌંદર્ય ક્યાંથી મેળવે. તેના ઘણા બધા ઉપાયો છે. સત્સંગ કરવો. નિયમિત પ્રાર્થના કરવી, શાસ્ત્ર પાઠનું વાંચન, પ્રભુની સ્તુતિ આરાધના. આવી વ્યક્તિઓએ બતાવેલ ઈલાજ જલ્દી કરાવવો જોઈએ. વગર પૈસે મળ્યું છે. વગર પૈસે મેળવી લે. પોતાનામાં રહેલી મલીન વિચારને દૂર કરી જલ્દી જીવનની નવી કેડી તરફ આગળ વધવું જોઈએ.

પવિત્ર ગ્રંથ બાઈબલમાં ઘણી જગ્યાએ જોવા મળે છે. શાસ્ત્રીઓ/ફરોશીઓ ઈસુ વિશે મનમાં વિચાર કરતાં હોય છે. ત્યારે પ્રભુ તેમના મનના વિચાર જાણી તેઓને મીઠો ઠપકો આપે છે. લાઈન બતાવે છે. ખોટુ વિચારો મા આગળ વધો, કોઈ કાર્યનો અવરોધ ન કરો. નિયમો ને વળગી ન રહો. જે નિયમ આચરણમાં મૂકવા જેવા છે, તેને ધ્યાનમાં લો. સારા કાર્યનો વિરોધ ન કરો. પોતાના વચનો દ્વારા ઈસુ સૌંદર્ય તરફ લઈ જવાનો પ્રયત્ન કરે છે. તેમનામાં રહેલી નબળાઈઓને સુધારવાનો પ્રયાસ કરે છે. સૃષ્ટિના સર્જનમાં બધું જ સૌંદર્યથી ભરપૂર સર્જન કર્યું છે. જ્યાં આપણામાં ખોટ હોય તો બીજાને શું કહેવાનું તમારું ને મારું માનવ તરીકે સર્જન કર્યું એજ મોટું સૌંદર્ય છે. માણસ આજે પોતાના જાતભાઈનો સ્વીકાર કરવા સક્ષમ નથી તો તે સૌંદર્ય કેવી રીતે પામવાનો. ઈશ્વરી રચના અજોડ છે. પર્વત, નદી, જંગલ, વૃક્ષો, પશુ-પક્ષી, જીવજંતુ દરેક રચના આબેહુબ લાજવાબ છે. નયનરમ્ય છે. આટલી સુંદરતા ઉપર તેની આછી પ્રત્ય હોવા છતાં માનવી માનવતા ભૂલીને બીજી તરફ આકર્ષાય છે. સહનશક્તિને નેવે મૂકી કુટેવનો ભોગ બનતો જાય છે. સૌંદર્યને પીછાણવામાં પોતાની સાચી ઓળખ ખોઈ બેઠો છે. મારો લેખ સો ટકા પસંદ ન કરે તો કંઈ નહીં માત્ર ૧% પસંદ થશે તો હું મારા સર્જનને સાર્થક ગણીશ.

અંતમાં એટલું કે સૌંદર્ય પ્રત્યેક માનવીમાં છે તે વાતનો સ્વીકાર કરી આગળ વધીએ. લેખ સંદર્ભે કોઈએ ઉછીનું, કે બંધ બેસતું ઓઢી ન લેવું. મળેલ જીવનનો ભરપેટ આનંદ માણવો. આનંદ માણવા દેવો.

# ઋણ સ્વીકાર

## આગમન - નિર્ગમન



રેવ. ફાધર લોરેન્સ એ.



રેવ. ફાધર અરૂલ

મા મરિયમના ભક્તો દિન પ્રતિદિન વધે, માનો મહિમા થાય, ભક્તોની મુરાદ મા પૂર્ણ કરે. યાત્રાધામમાં આવનાર દરેકની ઈચ્છાઓ પૂર્ણ થાય. સાક્ષીઓ દ્વારા ભક્તોની શ્રદ્ધા વધુ મજબુત બને તે હેતુથી માતૃભાષામાં ત્રિમાસિક સામાયિક આખા ગુજરાત સાથે જોડાઈ ગયું હતું. ઘણા બધા નામોમાંથી માત્ર એક નામ પણ મહોર વાગી હતી, તે છે "આપણી મા''. નડિયાદ પાસ્ટર સેન્ટરમાંથી આપ પૂ. ફાધર લોરેન્સ ખંભોળજ ધરા ઉપર આવી રહ્યા છો. ત્યારે જોગાનુજોગ "આપણી મા''નો ઓગણીસમો અંક પ્રસિદ્ધ થઈ રહ્યો છે. હવેથી અંકમાં પ્રકાશક તરીકે રેવ. ફાધર લોરેન્સનો લેખ આવશે.

ધર્મજનોના જીવનમાં થયેલ ચમત્કારો મા મરિયમની શ્રદ્ધાને વિરલ ઘટના "આપણી મા''માં પ્રગટ કરવા બદલ મંડળ આપનું ઋણ સ્વીકારે છે. આ શ્રદ્ધાના સામાયિકને સતત વેગવંતુ રાખશો તેવી આશા સાથે રેવ. ફાધર લોરેન્સ "આપણી મા'' આપને આવકારે છે.

આપણી મા રેવ. ફાધર અરૂલનો આભાર માને છે. બીજી તરફ રેવ. ફાધર લોરેન્સ આપને અભિનંદન પાઠવે છે.

**-આપણી મા પરિવાર**

# ઈસુનુ મન (કાલ્પનિક)

-અનિલ વાઘેલા

ઈસુએ ચારેકોર નજર નાંખી. સૂર્ય ઉદિત થઈ ગયો હતો ને હજારો લોકો નિંદ્રા તજી પ્રભુ ઈસુના દર્શન કરવા આતુર થઈ ગયા હતા. પણ અહીં આ વેરાન વગડમાં નાસ્તા-પાણીની પણ કોઈ સગવડ થાય એમ નથી, એ જાણી નિરાશ થયા.

ચારે બાજુ ઉજ્જડ ને વેરાન જગ્યા, કોઈ નદી-તળાવ કે કૂવો નજરે દેખાતા નથી. જ્યાં ત્યાં સૂકાં વૃક્ષોનાં ઠૂંડા, ખડકાળ જમીન વનચર પ્રાણીઓ ઈધર તિધર હરતા ફરતા ને આ લોકોને જોઈ વિસ્મીત નજરે જોઈ વિચરતા હતાં.

પર્વતના ઉંચા શીખરેથી સૂર્ય ઉગ્રતા ધારણ કરી રહ્યો હતો. પહાડ પરથી વાતો પવન ભૂખનો પણ અનુભવ થવા દેતો ન હતો. ઈસુ પણ આ વેરાન જગ્યામાં ભેગા થયેલાં દીન દુખિયા લોકો પર નજર ઠારી વિસ્મીત થતા હતા. એમાં આંધળા, વયોવૃદ્ધો, બિમારો, માતા અને બે છોકરાઓની શ્રદ્ધા જોઈ અચંબો પામતા હતા. તેમનું હૈયું ભરાઈ આવ્યું. આંખો અશ્રુમ્રિશ્રિત થઈ ગઈ. ત્રણ ત્રણ દિવસથી તેઓ મારી સાથે છે, તેમણે શઉં ખાધુ પીધું હશે ને લાગલગાટ અહીં પડયાં પાથર્યા રહ્યા છે, કોઈને પોતાના ઘરની પણ ચિંતા નથી ! આટલી ઉંડી શ્રદ્ધા તેમનાં દુઃખદર્દ કેમ ન હરે !

ઈસુએ તેમની સામે સાજા થવાની તથા તેમનો ઉપદેશ સાંભળવાની ધગશ જોઈ તીવ્ર દયાદ્રષ્ટિથી જોયું. આ બિચારાં જન્મથી જ દરિદ્ર માણસો માટે હું શું કરું. જીવનની સઘળી ચિંતાઓ દુઃખો લઈ તેઓ અહીં આસ્થાથી આવ્યા છે. એમાં સમાજથી બહિષ્કૃતો, વંચિતો, શોષિતો એવા સર્વ પ્રકારના માણસો છે. ખાવાપીવાની પરવા કર્યા વગર. આ લોકોએ ડુંગરની તળેટીમાં આ ધગધગતી વેરાન જગ્યામાં ખાધું શું હશે તેની સમજણ પડતી નથી. એમાં કોઈ ખાંડુ પણ પડતું નથી, હે પિતા તમે આ લોકોને કેમ આવા પાંગળા બનાવ્યા, જીવનનો આનંદ તેમના નસીબમાં જ નથી. અહીં તો પાણી નથી, પાણીના વહેળા નથી, કે નથી કોઈ દુકાન કે ચા-પાણીના ગલ્લા તેમને માટે તું કંઈક કર. ને તેમને સદા સુખી આનંદિત કર.

અંતરમાં જવાબ મળ્યો તો હવે મારે એમના માટે શું કરવું જોઈએ. એવો પ્રશ્ન ઉભો થયો. અહીં તો કોઈ જ સાધન સગવડ પણ નથી. ને માણસ સદા ભૂખ્યો તો રહી શકે નહી. તેમને અચરજ એ થતું હતું કે આટલા દિવસથી તેઓ મારી પણની અટલ શ્રદ્ધાને જોરે ટકી રહ્યા છે. ધન્ય છે એમની પ્રબળ શ્રદ્ધાને. જો હું એમના માટે કશઉં ન કરું તો તેઓ અહીં ને અહીં ભૂખે મરી જશે. ને એનો દોષ મારી પર ઉતરશે. ને પેલા વિરોધીઓને કહેવાનું કારણ મળી જશે કે બધાને ભેગા તો કર્યા પણ કશઉં ખાવાનું તો આપતો નથી ને મફતની કીર્તિ કમાય છે તો મારે હવે એમના માટે કરવું પડશે જ. આબરૂનો સવાલ છે. હે પિતા મને શક્તિ આપ, આ તો તારી પણ આબરૂ હઠે ચડી છે. શિષ્યો પણ નવરા પડીને કશું કરતા નથી. બિચારા થઈ બેસી રહ્યા છે. એને દયા પણ આવતી નથી. આ શિષ્યો પણ પોતાના ઘરબાર, માતા-પિતા, ભાઈ બહેનો છોડી મારી પાછળ આવ્યા છે એ પણ શ્રદ્ધાને જોરે, જીવનની પરવા કર્યા વગર. પણ લાવને એમને પુછી તો જોઉ એ લોકો શું કરે છે ? એમને આ વિચાર આવે છે કે નહિ ! આ ભારે મેદનીમાં એય ગરકાવ થઈ  ગયા કે શું ? એમની નજર ટોળામાં શોધી રહી, પણ અહીં તો બધા જ પીતર ને યોહાન જેવા જ દેખાય છે. કોઈ ઓળખાય એવો નથી. કોઈના પગમાં જૂતાં નથી, દાઢીઓ જંગલની જેમ વધી ગઈ છે. ગાલો બેસી ગયા છે, ખૂભે પેટ પણ બેસી ગયું છે, વાળ પણ જાણે ઝાંખરાં, ફાટેલા ઝભ્ભા આવા દાઢી મુછવાળા ટોળામાં પીતર યોહાન પણ ઓળખાય નહિ. ત્રણ ત્રણ દિવસથી નાહ્યા ધોયા વગરના છે. કેવી કરુણ દશા ?

ભરવાડ વગરના ઘેટા જેવી દશા છે આ લોકોની, શિષ્યોને શોધી કાઢી ઈસુએ કહ્યું, આ લોકો માટે ખાવા-પીવાની સગવડ થાય એમ છે કે નહિ ? શિષ્યો આંખો પટપટાવવા લાગ્યા. ઝભ્ભાના ખિસ્સા ફંફોસવા લાગ્યા. પણ માંય કાંઈ હોય તો ને ? ખાલી હાથ પાછા વળ્યા. તેમણે યહૂદા પર નજર ફેરવી. પણ એ તો નિર્મળ થઈ બેસી રહ્યો. ઈસુએ વંદનાભરી નજર શિષ્યો સામે કરી, એ કોઈ બંદોબસ્ત કરે તો...

શિષ્યોએ તો પોતાની અશક્તિ જાહેર કરી દીધી. પીતર બોલ્યો પ્રભુ અમારી પાસે તો શું હોય ? તમે છો પછી અમારે ચિંતા કરવાની હોય ? અમનેય ચણા-મમરા ખાવાની ઈચ્છા થાય, ચા પીવાની તલપ ચઢે, ફણ અમેય આ લોકોની જેમ નિઃસહાય છીએ.

શિષ્યોના મનમાં ક્યારનોય સળવળાટ થઈ રહ્યો હતો. ગઈ વખતે તેમણે પાંચ હજાર માણસોને નહોતા જમાડયા ! તો આ વખતે પણ પ્રભુ દયાનું ઝરણું વહેતું મુકશે જ. ઈસુ તેમના મનની વાત સમજી ગયા. તેમના ચિત્રવિચિત્ર મોં સામું જોઈ રહ્યા. કેટલા નફકરા માણસો ? બધુ મારે માથેજ નાંખી દે છે.

સ્હેજે તેઓ પ્રયાસ કરવા માંગતા નથી. તેમની આ મનોવૃત્તિ માટે તે દુઃખી થઈ રહ્યા આ લોકોને શું કહેવું ! વિશ્વાસ વગરના. આટઆટલા ચમત્કાર કરી બતાવ્યા ને આ લોકો હજુ પણ શ્રદ્ધાવિહીન રહ્યા છે ? એમને મેં ખુલ્લા દિલે કહી દીધું છે કે મારે નામે તમે જે માગશો તે મળશે ને રાઈના દાણા જેટલી શ્રદ્ધા રાખશો તો પણ પર્વતને પણ હટાવી શકશો. તોફાને ચડેલા દરિયાને અંકુશમાં રાખનાર પ્રત્યે આટલો અણવિશ્વાસ ? આ મારું અભયદાન પણ તેમને યાદ નથી ? પણ તેમનામાં જ આત્મ વિશ્વાસ ના હોય તો શું કરવું ?

હવે ? અમને મેં પસંદ કર્યા છે સાચવ્યા છે સંભાળ્યા છે એમનો વાળ પણ વાંકો થવા દીધો નથી ને અત્યારે કટોકટીની પળે હું એમનો અનાદર કરું ? મારે પણ એમનામાં શ્રદ્ધા રાખવી જોઈએ. હવે મારે ફરીવાર બહાર પડવું પડશે. મારે જ શક્તિનો પરચો બતાવવો પડશે. અહીં લોકો માથુ શેકી નાખે એવા તાપમાં તપી રહ્યા છે ઝાડ પાન છે નહીં ને ભૂખે મરી રહ્યા છે ને હું વિચારોમાં અટવાઈ પડયો છું.

તેમણે શિષ્યોને ફરી આહવાન કર્યું તમારી પાસે જે કંઈ છે તે લાવો આ લોકો ભૂખે ટટળી રહ્યા છે ને તેમને માટે કંઈક બંદોબસ્ત કરો. આ દરિદ્રો જોઈને મારું હૈયું ભરાઈ આવે છે. ત્રણ દિવસથી તેઓ આપણે આશરે દિવસો કાઢી રહ્યા છે. આ છેલ્લે દિવસે હું તેમને ભૂખ્યા પેટે વિદાય કરવા માગતો નથી. શિષ્યો આટલા બધા લોકોને થઈ મેં એટલા રોટલા નિર્જન જગ્યામાં ક્યાંથી મળે !

ઈસુ - તમારી પાસે કેટલા રોટલા છે ?

શિષ્યો - સાત ને થોડી મચ્છી

ઈસુ - તો પછી ઉભા શું થઈ રહ્યા છો બેસાડી દો એક પંગતમાં બધાને ?

શિષ્યો તો ટગર ટગર જોઈ રહ્યા. આ ગુરુ શું કહી રહ્યા છે ? કંઈ ઠેકાણું નથી ને બેસાડી દેવાની વાત કરે છે ? આબરુના કાકરા થઈ જશે, આ તો લોકો ગાળો બોલશે...

પણ યોહાન યાકોબ શ્રદ્ધાવાન હતા એમના મનમાં ફરતું હતું કે પ્રભુ કાંઈ અમથા નહિ કહેતા હોય એમનુ પણ આયોજન તો હશે જ. ને તેમણે બીજા શિષ્યોને પણ કહ્યું, લાગી જાવ વ્યવસ્થા કરવાને ? ને બેસાડી દો બધાને ? પ્રભુ જે કંઈ કરશે એ યોગ્ય જ હશે. અવિશ્વાસ ન લાવો.

લોકોમાં પણ ઉત્સાહનું પાણી ફરી વળ્યું. તેઓ સુચના પ્રમાણે પંગતમાં બેસી ગયાં. શિષ્યોના મોઢા પર ઉત્સાહ આવી ગયો. વરરાજા સાથે હોય પછી જાનૈયા ભૂખે મરે ખરા ?

ઈસુ પોતેય ભૂખ્યા તો થયા જ હશે. એમણેય ત્રણ દિવસથી ક્યાં ખાધું હતું. એટલે મોટી મિજબાની આજે તો મળવાની.

યહૂદા બોલી ઉઠયો. પ્રભુ તો પછી થોડી જલેબી પણ બનાવડાવજો. બધા ખડખડાટ હસી પડયા. આને જલેબીની પડી છે. ઈસુથી પણ હસવું રોકી શકાયું નહીં.

પછી ઈસુએ સાત રોટલા લઈ ઈશ્વરનો આભાર માની ટુકડા કરીને વહેંચવા શિષ્યોને આપવા માંડયા.

ચાર હજાર પુરુષોને એટલાં જ બૈરાં છોકરાએ ભરપેટ ખાધું ને પ્રભુ ઈસુનો આભાર માની, એકમેકને ભેટી વિદાય થયા.

ઈસુએ બધા દીન દરિદ્રોના દુઃખ-દર્દ દૂર કર્યાને વિદાય કર્યા. પછી બારે શિષ્યોએ પણ પ્રભુ ઈસુ સાથે ભોજન લીધું.

---

(પાન નં. ૮ નું ચાલુ...) ટેલિપથી - દૂરદર્શન....

પ્રગટ થાય છે.

દિવ્ય ચેતના કે પ્રાણશક્તિ આવી ક્ષમતા લાવે છે. દુનિયામાં આવું કોઈ તત્વ જરૂર છે જે નિરાકાર રહીને પણ બધઉં કરી શકે છે. કાન ન હોવા છતાં બધું સાંભળી શકે છે. આંખ ન હોવા છતાં પોતાના પ્રકાશથી બધું જ એક દ્રષ્ટિથી જોઈ શકે છે. અને ત્રણેય કાળનું જ્ઞાન ધરાવે છે. આ ચૈતન્ય શક્તિનો સંબંધ વિચારો ભાવો સાથે છે. એટલે એમ કહી શકાય છે કે, વિચાર અને જ્ઞાનની શક્તિ ચિરકાલીન અને શાશ્વત છે. આંતરદ્રષ્ટિ અને ક્ષમતાઓનો યોગ્ય ઉપયોગ લાભદાયી હોય છે. ઈશ્વરે મને આ શક્તિઓ દાનમાં આપી છે, જે હું દૂર દૂર રહીને પણ વ્યક્ત કરી શકું છું. આ બધી બાબતો તરફ હું નજર કરું છું ત્યારે મારું હૃદય ભરાઈ આવે છે.

ગત વર્ષો દરમ્યાન પ્રભુની અજાયબ દોરવણી, માર્ગદર્શન, કૃપા અને દાય તથા વિશ્વાસુપણા માટે પ્રભુની સ્તુતિ કરું છું. અને આભારવશ થઈ જાઉ છે. મારામાં ઘણી ખામીઓ, નિષ્ફળતાઓ હોવા છતાં પણ કૃપાળુ ઈશ્વરે તેમના પ્રેમ, ક્ષમાશીલતા અને વિશ્વાસુપણાથી તેમનાં વચનો અને યોજના પરિપૂર્ણ કરી રહ્યા હોવાની અનુભૂતિ કરાવે છે.

આ પ્રકારની એક ચમત્કારીક અને વાસ્તવિક ઘટના દ્વારા ટેલીપથી-દૂરદર્શનની અનુભૂતિ કરાવી અમારા જીવનમાં તકેદારીનાં પગલાં લેવા શ્રદ્ધા અને આત્મવિશ્વાસથી જીવન જીવવાની પ્રેરણા પૂરી પાડી.



# પિતાના આશીર્વાદ

ફ્રાન્સિસ ગાલુસ મેકવાન, ચાવડાપુરા

એક વખત શહેરમાંથી પસાર થતી વખતે માર્ગ વાહન વ્યવહાર નિગમના ગેરેજ પર પજર પડી. જ્યાં મરામત માટે અનેક બસ પડી હતી. અને એવું દેકાયું કે કેટલીક તો તદ્દન ભંગાર બની ગયેલી છે. અને એવી બસોને ગેરેજનાં એક ખૂણામાં નાખી દીધી છે. એક વખત હતો એ બધી બસો અનેક મુસાફરોને લઈને રસ્તા પર સડસડાટ દોડતી હતીત એ વર્ષો વીતતાં ગયા ને બસો ભંગાર બની ગઈ. હવે એ કોઈ કામની રહી નથી. એ બધી બસો ગેરેજના એક ખૂણામાં પડી છે. કોઈના દરવાજા નથી તો કોઈનું એન્જીન પણ નથી.

બની શકે છે કે આપણા ઘરમાં પણ આવું દશ્ય આપણને જોવા મળે છે. આપણા માતા પિતા ઉમંર થતાં લાચાર બની જાય છે. ઘરના કોઈ ખૂણામાં એમનું સ્થાન હોઈ શકે છે. તેમનું દુઃખ અને તેમની તબિયત વિશે પૂછવાનો આપણી પાસે સમય નથી હોતો. ઘડપણમાં તિરસ્કૃત થયેલાનું દુઃખ પરમેશ્વરને પોકારી ઉઠે છે. બેટા, પિતાની વૃદ્ધ વયે તેની સંભાળ લેજે. તે જીવે ત્યાં સુધી તેને દુઃખ થાય એવું કશુંય કરીશ નહીં. કેમકે પિતા સાથે દાખવેલો સેવાભાવ કદી વિસરાતો નથી. અને એથી તારાં બધા પાપ ધોવાઈ જય છે. (ઉપદેશમાળા ૩ : ૧૨-૧૪)

આપણે મોટા ભાગે એવું માનીએ છીએ કે માતા પિતા પ્રત્યે આપણે તિરસ્કાર અથવા તેનો અનાદર પરમેશ્વરને ગુસ્સે કરે છે. મોઢેથી અથવા કાર્યથી જો આપણે આપણા માતા પિતાને દુઃખ લગાડયું તો તે મહાન પાપ ગણાય છે. જેને લઈને આપણા ભાગ્યમાં આવેલી તકો આપણે ગુમાવીએ છીએ. પિતાના આશીર્વાદથી સંતાનનું ઘર સદઢ બને છે. પરંતુ માતા શાપથી તેના પાયા ઉખડી જાય છે. (ઉપદેશમાળા ૩ : ૯)

પરમેશ્વરની દશ આજ્ઞાઓમાં ચોથી આજ્ઞા પોતાનાં માતા પિતાને માન આપ એ છે. પરમેશ્વરે આપણને આપણા માતા પિતા થકી બનાવ્યા છે. માતા પિતાને જે માન આપે છે તે પરમેશ્વર પિતાને માન આપે છે. જે પોતાના માતા પિતાનો આદર નથી કરતા તેઓ પરમેશ્વરનો અનાદર કરે છે. આ જગતમાં પરમેશ્વર પછી માતા પિતા સન્માનને પાત્ર છે. પરમેશ્વરની આજ્ઞા છે કે સંતાન પોતાના માતા પિતા પર શ્રદ્ધા રાખે છે તે પોતાનાં પાપોનું પ્રાયશ્ચિત કરે છે. (ઉપદેશમાળા ૩ : ૩-૪)

પવિત્ર શાસ્ત્ર કહે છે કે જે પોતાના માતા પિતાનું અપમાન કરે છે તેની પર ભારે આપત્તિ આવશે. પરમેશ્વરનું વચન છે કે પોતાના માતા પિતાને અપશબ્દ કહે છે તેની સંપત્તિ નાશ પામશે. (સુભાષિતો ૨૦ : ૨૦) જે આંખો પિતાને તિરસ્કારની નજરે જુએ છે, માની આજ્ઞાનું ઉલંઘન કરે છે તેની આંખને કલાડા ફોલી ખાશે અને ગીધડાં ખાઈ જશે (સુભાષિતો ૩૦ :૧૭)

માતા પિતાના આશીર્વાદ પરમેશ્વરના આશીર્વાદ સમાન છે. માતા પિતાના આશીર્વાદ ન મળવાથી કેટલાય પરિવારો યાતના ભોગવે છે. સંતાનોનું પોતાના માતા પિતાનો આદર કરવાનું કર્તવ્ય છે. ઈસુ પોતે પણ પોતાના બાલ્યકાળમાં પોતાના માતા પિતાને આધિન રહ્યા છે. (લૂક ૨ : ૫૧)

સંતાનોની એ ફરજ છે કે બાળપણ તથા યુવાનીમાં પોતાનાં માતા પિતાને આધિન રહે અને ઘડપણમાં તેમની દેખરેખ રાખે, આ કર્તવ્યનું ઉલંઘન કરવાથી આપણા જીવનમાં મોટું સંકટ આવી શકે છે. ઘડપણમાં પોતાના માતા પિતાને વૃદ્ધાશ્રમમાં અથવા અનાથ આશ્રમમાં મુકી આવવાની સંસ્કૃતિ પશ્ચિમના દેશો તરફથી આપણને મળેલી છે. એની આપણે નકલ કરીએ છીએ. આપણે એવું નથી સમજતા કે એવું કરવાથી પરમેશ્વરનું અપમાન થાય છે તો જ્યાં પ્રભુનું અપમાન થાય ત્યાં સમૃદ્ધિ ક્યાંથી હોય ? નાની નાની બાબતોમાં સમજાવટ ન કરવાથી આપણા જીવનમાં ભારે મુશ્કેલીઓ આવી શકે છે.


**ધર્મશિક્ષણ વર્ગ**

બીજો ને ચોથો રવિવાર

સવારે ૯-૪૫ થી ૧૦-૩૦

**:: સ્થળ ::**

કેથૉલિક ચર્ચ, ખંભોળજ,

**સભા પુરોહિત : રેવ. ફાધર લોરેન્સ એ.**



# ટેલિપથી-દૂરદર્શન
# મારી સંવેદના...એક સાક્ષી

-ડૉ. કે.પી. રાજભારતી, નડિયાદ

સને ૧૯૭૯ની સાલમાં હું વલસાડ ખાતે સરકારી ફરજ બજાવતો હતો. બાળકો નાના હતાં. તથા પત્ની શિક્ષિકા તરીકે વ્યવસાય કરતાં હોવાથી હું એકલવાયું જીવન ગુજારતો હતો અને બદલીની રાહ જોતો સમય વ્યતિત કરતો હતો. પરિવારથી દૂર હોઈ એકલતા સાલે નહીં તેથી પ્રવૃત્તમય રહી સામાજિક સંસ્થામાં જોડાઈ પ્રવૃત્તિમય થવાનું વિચાર્યું. અંહી સરકારી અધિકારીઓની સંગત થતાં ડિવાઈન લાઈફનું સભ્ય મળ્યું.

આ સંસ્થા સમગ્ર માનવજાતિના કલ્યાણ વિકાસ અને ઉન્નતિ માટેનાં ઉમદા અને સેવાભાવી કાર્યો માટે વિશ્વભરમાં ખ્યાતનામ છે. જેમાં જોડાવવાથી એક અનેરો આનંદ પ્રાપ્ત થવા લાગ્યો. પ્રકૃતિ અને શરીરરચના સાથે વણાયેલી વેદના, સંવેદના, લાગણી, ભાવનાનાં સ્પંદનો, પ્રમાણિકતા, કર્તવ્યપરાયણતા અને સત્યનિષ્ઠા જેવા કુદરતી ગુણોની વૃદ્ધિ થવા લાગી.

સંસ્થાના બૌદ્ધિકો-તત્વજ્ઞાનીઓને પહેલવહેલા જોયા સાંભળ્યા, અનુભવ્યા ત્યારે તેમની વિશાલ ભાવસભર તેજસ્વી નેત્રો -દૈવીશક્તિથી ભરપૂર મુખારવૃંદ તરફ મારું ખાસ ધ્યાન ખેંચાયું હતું. તેમાં મેં દર્દ-કરુણા અને પવિત્ર આત્માની દુનિયા સંબંધી જવલ્લે જ જોવામાં આવતી સંવેદનશીલતા જોઈ મારો અંતરાત્માં કંઈક જુદા પ્રકારની અનુભૂતિનો અહેસાસ અને લાગણી અનુભવવા લાગ્યો અને શારીરિક હલચલ મચી ગઈ. મારા શરીરમાં અકે અનરો પ્રકાશ આવવા લાગ્યો. ટૂંકમાં મને જીવન જીવવાનો ઉત્તમ સહારો મળી ગયો. બસ રોજે રોજ નિત્યક્રમ મુજબના પ્રવચનો અને બૌદ્ધિક જ્ઞાનથી ભરપુર જીવન જીવવાનો લ્હાવો પ્રાપ્ત થતો જ રહ્યો... અને...

એક દિવસ રાત્રે હું પ્રવચન સાંભળી ઘેર આવી જમી પરવારી સૂઈ ગયો. પરંતુ બેચેનીએ મારા ઉપર કબ્જો મેળવી લીધો હતો. શરીરમાં ગજબની હલચલ મચી રહી હતી. રોજિંદા કાર્યક્રમો, અધ્યાયો, જ્ઞાન-સાધનાની સતત અનુભૂતિથી વેદના-સંવેદના, દીર્ઘદર્શનની અનુભૂતિ પ્રબળ બની ચુકી હતી. અશાંત મનની કોઈ દવા ન હતી. ઘણા જ પ્રયત્નો કરવા છતાં આંખ મીંચાતી ન હતી. મતબલ ઉંઘ વેરણ બની હતી. બેચેનીનું પ્રમાણ સમયાંતરે વધતું જતું હતું.

હું પથારીમાંથી એકદમ ઉભો થઈ ગયો. ઘડિયાળમાં જોયું તો રાત્રિના ત્રણ વાગી ચુક્યા હતા. તે સમયે મોબાઈલનો જમાનો ન હતો અને લેન્ડલાઈન ટેલીફોન કે એસ.ટી.ડી. -પી.સી.ઓ પણ ગણ્યા ગાંઠ્યાં હતા. અને આટલી મોડી રાત્રે સંપર્ક કરવો પણ અશક્ય થઈ ગયો. વતનની રાહ પકડી. આખી રાત અને પાંચ કલાક પ્રવાસમાં પણ કશમકશ ચાલુ રહી. સવારે નવ વાગે નડીયાદ આવી ગયું. અહીંથી ખેડાની બસ પકડી દશ વાગે સ્કૂલમાં જતાં પહેલાં જ ઘરે પહોંચી ગયો.


મારું અચાનક વહેલી સવારનું આગમન કંઈક બન્યાનો ભાવ સ્વયંભૂ પ્રગટ થતો હતો... જલ્દીથી પૃચ્છા કરી. આપણા ઘરર કંઈક બનાવ - ઘટના બની છે ?

મારાં પત્નીની મુખાકૃતિ જોઈ મને ક્ષણિક પ્રત્યુત્તર મળી ચૂક્યો હતો... ગભરાતા સ્વરે જવાબ મળ્યો...! આપણા ઘરમાંથી દાગીનાની ચોરી થઈ છે.

મેં પૂછ્યું, ક્યારે ? આપણા ઘેર અજાણ્યા માણસો કોઈ આવ્યા હતા ? વગેરે પ્રશ્નો પછી મને આત્મવિશ્વાસ આવી ગયો હતો કે કોઈ ચોરી થઈ નથી. એક જાતનો ભ્રમ પ્રવેશી ચૂક્યો હતો. મને ખબર હતી કે સોનાના તમામા દાગીના એક ડબ્બામાં મૂકી તિજોરીના ખાનામાં છેલ્લે મુકેલ હતા. તેની યાદ અપાવી ફરીથી કહ્યું, સોનાચાંદીના દાગીના આપણે જાતે જ એક ડબ્બામાં મૂકી તિજોરીના છૂપા ખાનામાં વ્યવસ્થિત રીતે ગોઠવી મૂકેલ છે. તેની ખબર છે ? તુર્તજ જાબ મળ્યો, અમે બધઉં જ શોધી ચૂક્યા છીએ. ક્યાંય મળી આવતા નથી. જેથી અમે આખી રાથ ઊંઘ્યા નથી. મને પ્રતીતિ થઈ ગઈ અને દ્રઢતાથી કહ્યું, લાવો મને તપાસવા દો. ડબ્બો અંદર જ છે. ગભરાવવાની જરૂર નથી. ત્યાં તો બાજુમાંથી કોકીલાબેન, ધનુમાસી બ્રાહ્મણ પરિવાર વહારે આવી પહોચ્યું. અને શાંતિ જાળવવા ગુજારીશ કરી. હું ગુસ્સે ન થુ તે માટેના તમામ પ્રયત્નો કર્યા અને પડોશી ધર્મ પુરેપુરો બજાવ્યો.

બધાની રૂબરૂમાં મેં તીજોરી ખોલી છુપા ખાનાની અંદર ઊંડે સુધી હાથ લંબાવી તપાસ કરી આખું ખાનું ખાલી દેખાતું હતું. પ્રથમ નજરે તો મને પણ ભાન થયું કે દાગીના નથી. પરંતુ મન મજબુત કરી ફરીથી ઉંડે હાથ નાથી જોયું તો દાગીનાનો ડબ્બો માપોમાપ ખાનાની સાઈઝમાં ફીટ થઈ ગયો હતો. અને કોઈના હાથમાં આવતો ન હતો... મેં ધીરેથી ખેચીં ડબ્બો બહાર કાઢી જોયું તો તમામ દાગીના અકબંધ હતા ! કોઈ ચોરી થઈ ન હતી. ફક્ત આડા હાથે ડબ્બો મુકાઈ ગયો જવાથી ખાનામાં ફીટ થઈ ગયો હતો અને ક્ષણિક બધાનો ભ્રમ ચોરી થવાનો થઈ ગયો હતો. બધા ખુશ થઈ ગયા અને આંખમાંથી આનંદનાં આંસુ વહેવા લાગ્યા. આવી બાબતો અંતદષ્ટિ - મનની વિશિષ્ઠ શક્તિથી

(અનુસંધાન પેજ ૬ પર)



# ટીનેજર્સ શક્તિઓ જાગૃત કરીએ

-શૈલેષ રાઠોડ "અભિધેય"

ટીનેજર્સ સાથે વ્યવહાર એ પરિવારનો સૌથી મહત્વનો સમયગાળો છે. વાવો તેવું લણસો ઉક્તિને સમજવા ટીનેજર્સને સમજવા જરૂરી છે. ટીનેજર્સ યુવાનીના બારણે ટકોરા મારે તે સમયગાળા દરમ્યાન માતા-પિતાની પણ ઘણી ફરજો આવે છે. મા-બાપોની ઘણી આદતો વર્ષોથી ચાલી આવે છે. જેમાં સમય અનુસાર થોડા ઘણાં ફેરફારો ચોક્કસ થયા છે પરંતુ તેની સાથે સંકળાયેલો મૂળ હેતુ તો એનો એજ રહ્યો છે. જેમ કે દરેક મા-બાપ વત્તે ઓછે અંશે પોતાના સંતાનોને અન્યના સંતાનો સાથે સરખાવતા રહ્યા છે અને આ સરખામણીના આધારે તેમના સંતાનોને શિખામણો આપતા રહ્યા છે. આ ચેષ્ટા પાછળ કોઈપણ મા-બાપનો પોતાના સંતાનોને ઉતારી પાડવાનો બદ-ઈરાદો નથી હોતો પરંતુ એ બહાને એમનું સંતાન પ્રોત્સાહીત થાય તેવી ઈચ્છા જરૂર હોય છે.

ટીનેજર્સ એટલે ૧૩ થી ૧૯ વર્ષનો સમયગાળો. અંગ્રેજીમાં થર્ટિન થી નાઈન્ટીન કે જેમાં અંતમાં ટીન આવે છે. નાઈન્ટીન પછી ટીનએજ પૂરી. આ એજ એટલે પોતાને રાષ્ટ્રપતિ સમજવાની ઉંમર. આવા રાષ્ટ્રપતિને પ્રેમપૂર્વક કોઈની પણ સરખામણી વગર પ્રેમાળ માર્ગે ચલાવવાની જવાબદારી ખૂબ જ અઘરી છે. કમનસીબે બાળકો ક્યારેય સરખામણીઓથી પ્રોત્સાહિત થયા નથી અને થવાના નથી પરંતુ બળવાખોર અને આત્મવિશ્વાસની ઉણપથી પીડાતા જરૂર થયા છે. પહેલાં તો સંતાનો આવી સરખામણીઓથી લદાયેલા ભાષણો મૂંગા મોંએ સાંભળી લેતા હતા અને મનોમન આક્રોશ સેવતા હતા પરંતુ હવે જમાનાની હવા બદલાઈ છે. હવે આ ટીનેજર્સ તમને બીજા ટીનેજર્સના માતા-પિતાઓ સાથે સરખાવતા થયા છે. એક જમાનામાં મનમાં આવતું તો હતું પણ બોલી નહતું શકાતું. એક મર્યાદા નડતી હતી. પણ હવે મિત્ર હોવાનો દાવો કરતાં રહેતાં મા-બાપોને કંઈપણ સંભળાવવું સહેલું બની ગયું છે. ફલાણાના મા-બાપ તો બહુ સારા છે. ક્યારેય એની વાતમાં દખલ નથી કરતાં, જે માંગે તે અપાવે છે અને તમે ? વગેરે સંતાન આસાનીથી પોતાના મા-બાપને કહી દે છે અને સાથે એટલી ઉસ્તાદીથી લાગણીઓનો ભેગ કરી નાખે કે મા-બાપો ઈમોશનલી બ્લેકમેઈલ થઈ જાય !

મનોવૈજ્ઞાનિક રીતે ડૉ. હંસલ સમજાવે છે કે યાદ રાખવા જેવી વાત એ છે કે એક જમાનામાં શ્રવણની વાર્તા સાંભળીને મા-બાપની સેવા કરવાનું પ્રોત્સાહન પામતી પેઢી અને આજની પેઢીમાં ફરક એટલો જ છે કે આજની પેઢી કાવડ તો લાવશે પણ સાથે સાથે આંખો ફોડવાના સળિયા પણ લાવશે. કારણ કે, શ્રવણના મા-બાપ તો આંધળા હતા એટલે તમને જાત્રા કરાવતા પહેલાં તમારી આંખો તો ફોડવી પડશે ને ?! મારી આ વાતનો મમ એટલો જ છે કે આજના ટીનેજર્સ તમારી સરખામણીઓનો પોત પોતાની રીતે પ્રત્યુત્તર આપી શકે છે.

ટીનેજર્સ સાથે અસરકારક સંવાદ (ઈફેક્ટીવ કોમ્યુનીકેશન) સાધવા અને મજબૂત સંબંધો વિકસાવવા આ વાત બરાબર સમજી લેવા જેવી છે. ક્યારેય તમારા ટીનેજર્સને તમારા પોતાના અન્ય સંતાન કે અન્ય સંતાન કે અન્ય વ્યક્તિઓના સંતાનો સાથે સરખાવીને પ્રોત્સાહીત કરવાની કોશીશ ના કરો. જો એ આવી સરખામણીથી પ્રોત્સાહિત થવાના હશે તો તમારા કહ્યાં વગર જ પોતાની જાતે જ ઈચ્છનીય બાબતોમાં સરખામણીઓ કરશે અને હરીફાઈ કરશે. નહીંતર તમારી સરખામણીઓના જવાબમાં અનીચ્છનીય બાબતોની સરખામણી કરીને સામી દલીલો કરશે. સાવ સીધો નિયમ ઘડવો પડશે કે અમે કોઈનીય સાથે તારી સરખામણી કરવામાં માનતા નથી અને કોઈ એમના સંતાનો સાથે શું કરે છે તેમાં અમને રસ નથી.

મોટાભાગે માતા પિતા કે વડીલો ટીનેજર્સને અન્યના ઉદાહરણો આપીને સમજાવવા પ્રયાસ કરીયે છીએ. ટીનેજર્સને પ્રોત્સાહીત કરવાનું ગણિત અલગ છે. તેમને બીજાનું ઉદાહરણ આપીને નહીં પરંતુ તેમની પોતાની શક્તિઓ વિશે જાગૃત કરીને વધુ પ્રોત્સાહીત કરી શકાય છે. અલબત્ત તેમનામાં આ જાગૃતિ લાવવી એ ઉદાહરણો આપવા કરતાં વધુ મહેનત અને ધીરજ માંગી લે તેવી બાબત છે. આ ઉપરાંત ટીનેજર્સના મનમાં આદર્શરૂપ (રોલ મૉડેલ) બનીને પણ તેમને પ્રોત્સાહીત કરી શકાય છે.

આજના સમયનો એક કમનસીબ કહી શકાય એવો પ્રશ્ન એ છે કે ટીનેજર્સ કે યુવાનો પ્રેરણા પામી શકે. પ્રોત્સાહીત થઈ શકે કે અનુસરી શકે તેવા વ્યક્તિત્વો કુટુંબમાં અને સમાજમાં કેટલા બચ્યા છે ?! જાહેર ક્ષેત્રની ગણી-ગાંઠી વ્યક્તિઓ બાદ કરતાં કોઈ એવી વ્યક્તિ છે કે જેની પ્રેરણા આપણી ઉગતી પેઢી લઈ શકે ?! ભ્રષ્ટ નેતાઓ, લાંચિયા અધિકારીઓ, સ્વકેન્દ્રી ધંધાદારીઓ (કલાકારો,

(અનુસંધાન પેજ ૨૦ પર)

# જીવન ઝરમર

**-થીઓફિલ એમ. પરમાર**

આપણા ધર્મ પુસ્તક પવિત્ર બાઈબલમાં નીતિવચનોનું એક પુસ્તક છે. તેમાં ૨૫મો અધ્યાય છે તેની ૧૧મી કલમ કહે છે કે, પ્રસંગને અનુસરીને બોલેલો શબ્દ, રૂપાની ટોપલીમાંના સોનાના ફળ જેવો છે. માટે આજના આ પ્રસંગને અનુસરતાં પ્રભુ પિતા મને છે..ક નડીયાદથી અહીં સુધી સહી સલામત દોરી લાવ્યા. દેવનો આભાર માનુ છું હવે આજના આ શુભ પ્રસંગે મરહૂમ શ્રી મગનલાલ હરિભાઈ શાહ તરફથી આ ચર્ચ બનાવવાના હેતુસર જમીનનું દાન આપ્યું, સંસ્થાએ ખૂબ જ ઝડપથી આ ચર્ચ બનાવડાવી આજે તેને સભાસદો અને ધર્મગુરુઓ માટે ખુલ્લુ મુકવા માટે જે સમારંભનું આયોજન કરેલ છે તેમાં પધારેલા સર્વશ્રી માનનીય આર્ચ બિશપ શ્રી રેવ. થોમાસ સાહેબ, ડાયસ પર બિરાજમાન અન્ય મહાનુભાવશ્રીઓ તેમજ ભરોડાના રહીશશ્રીઓ અને ઉપસ્થિત તમામ મહેમાનશ્રીઓનો પ્રેમથી આકાર કરવામાં આવે છે.

હવે આ જમીનનું દાન આપનાર સ્વ. મેજર મગનલાલના કુટુંબના ઈતિહાસ વિષે આપણે થોડું જાણીએ તો તે અસ્થાનેનહીં ગણાય. તો સ્વ. કસનાભાઈથી ઓધવભાઈ, ઓધવભાઈથી જોગાભાઈથી પરાગભાઈથી દૂધાભાઈથી હરિભાઈથી મગનલાલ શાહ અને મગનલાલ શાહના પ્રથમ શાન્તાબેન સાથેના દાંપત્ય જીવનમાં રમણલાલ, સરલાબેન અને સુમિત્રાબેન એમ ત્રણ બાળકોનું દાન પ્રભુએ આપેલ છે. શાન્તાબેને ભરયુવાનીમાં પ્રભુને પ્યારા થઈ વિશ્વની વિદાય લીધેલ છે. તેમના પછી શારદાબેન સાથે નવું કૌટુંબિક જીવન શરૂ કરતાં પ્રભુએ અનિલભાઈ, પુષ્પાબેન અને મહેન્દ્રભાઈરૂપી આશીર્વાદ તેઓને આપેલ છે.

હવે સ્વ. મગનલાલ શાહ સાલ્વેશન આર્મીના મેજર રેન્કના એક અમલદાર હતા. અને તેઓશ્રીએ મુક્તિ ફોજની જુદી જુદી મંડળીઓમાં પ્રભુના સેવક તરીકે લગભગ ૩૫ વર્ષ સુધી પોતાની ફરજો નિષ્ઠાથી બજાવેલ છે. આ ફરજો દરમિયાન તેમની તબીયત નાદુરસ્ત થતાં નિવૃત્ત જીવન ભરોડાના આ ઘરમાં ગાળવાનું શરૂ કરેલ હતું. અને ગી.શા. ૭૩:૨૮ માં લેખલું છે કે, ઈશ્વર પાસે આવવું તેમાં મારું કલ્યાણ છે તે મુજબ તેઓ તેમનું કલ્યાણ સાધવા અંદાજે ૭૩ વર્ષની ઉંમરે આ ફાની દુનિયા છોડી ઈશ્વર પાસે ચાલ્યા ગયા છે.

તેમનાં ધર્મપત્નિ સ્વર્ગસ્થ મેજર શારદાબેન પણ તેમના પતિ મગનલાલ સાથે રહી જુદી જુદી મંડળીઓમાં પ્રભુની સેવામાં ઉત્તમ યોગદાન આપતાં હતાં. ખાસ કરીને મુક્તિ ફોજના હોમલીગ મહીલા મંડળમાં તેમની યાદગાર સેવાઓ હતી. મુક્તિ ફોજમાં વેકેશન બાઈબલ સ્કૂલનું તેઓ સફળ સંચાલન કરતાં હતાં. ખ્રિસ્તી ગીતો, રાસ, ગરબા , નાટિકાઓ શીખવાડવામાં તેઓ માહિર હતા. આમ તેઓ પ્રભુની સેવા કરતાં કરતાં પાપો અઘોર મુજ કેવાં ! ખંડણી ભરી તેં ભારી, અર્પુ છું આજ આ થંભે જીંદગી પિતાજી મારી એ ઉક્તિને આધારે ૮૭ વર્ષની ઉંમરે પોતાની જીંદગી પ્રભુના થંભે અર્પી દઈ આ ક્ષણભંગુર જીવનને અલવિદા કરી ગયેલ છે.

વળી મગનલાલના જયેષ્ટ પુત્ર શ્રી રમણલાલ પણ રેવરન્ડ જેટલું માન ધરાવતા હતા. તેથી રમણલાલ રેવ. રમણલાલ તરીકે પણ લોકો ઓળખતા હતા. તેઓ ગુજરાતની લગભગ તમામ મંડળીઓમાં તેમના કર્ણપ્રિય અવાજમાં પ્રભુની સ્તુતિ આરાધના કરતા/કરાવતા હતા. વળી બાઈબલ આધારે સુંદર પડકારદાયક ઉપદેશ પણ આપતા હતા. તેઓએ જ્યારે છેલ્લા શ્વાસ લીધા ત્યારે ભરોડાના ખ્રિસ્તી ગાયક વૃંદે સ્વ. રમણલાલને વાજતે ગાજતે કબ્રસ્તાને પહોંચાડીને ભૂમીને સોંપેલ છે. આ સમયે ભરોડાની ગાયન ટોળીના તમામ સભ્યશ્રીઓનો હૃદયપૂર્વક આભાર માનું છું.

તેમના પછી સરલાબેન તેઓ તેમના કુટુંબ સાથે દાહોદ મુકામે સ્થાયી થયા હતા. હાલમાં તેઓ સ્વર્ગવાસી છે. અને સુમિત્રાબેન અમદાવાદ ખાતે હયાત છે પરંતુ તેમને પગની તકલીફ હોઈ ચાલી શકતાં નહિ હોવાથી અત્રે ઉપસ્થિત રહેલ નથી.

તેમના ચોથા નંબરના સંતાન એટલે અનિલભાઈ, અને અનીલભાઈને તો સૌ કોઈ સારી પેઠે ઓળખે છે. તેઓ ઘણા લાંબા સમય સુધી આ ઘરમાં રહ્યા હતા. તેઓ એલીમ મેથોડીસ્ટ ચર્ચ, નડીયાદના કારભારી તરીકે, તથા એફ.એમ. પી.બી. સંસ્થામાં પણ સેવાઓ આપતા હતા. તેઓ તા. ૨૩-૧૨-૨૦૧૫ ના રોજ પ્રભુમાં ઉંઘી ગયા છે. તેમના પત્નિ શ્રીમતી ઈન્દુબેન મેથોડિસ્ટ ચર્ચ, નડીયાદની પાસ્ટોરેટ કમિટીના સભ્ય હતા. તથા મરીડા પ્રાયમરી સ્કૂલમાં કર્મનિષ્ઠ શિક્ષીકા તરીકે નિષ્ઠાપૂર્વક ફરજો બજાવી રહેલ છે. તેમની દિકરી અર્પિતા તેની કુટુંબ સાથ પેટલાદ ખાતે સરકારી નોકરીમાં સ્થાયી થયેલ છે અને દિકરો તરીકેની ઉચ્ચ કક્ષાની સેવા આપી રહેલ છે.

સ્વ. મગનલાલના પાંચમાં સંતાન એઠલે પુષ્પાબેન કે જેઓ હાલમાં નડીયાદ ખાતે નિવૃત્ત જીવન ગાળી રહેલ છે. તેઓએ અમદાવાદ જનરલ નર્સિંગ તથા દિલ્હી ખાતે પી.એચ.એન.નો કોર્ષ કરેલ છે. જી.એન.એમ. કર્યા બાદ દાહોદ ખાતે સરકારી હોસ્પિટલમાં નોકરીમાં જોડાયા પણ પહાડી હવામાન માફક ના

આતાં મુક્તિ ફોજની એમરી હોસ્પિટલ, આણંદમાં જોડાયા. તે દરમિયાન તેમનું મેરેજ નડીયાદના શ્રી થીઓફીલ મંગળદાસ સાથે થતા મેથોડિસ્ટ હોસ્પિટલ, નડીયાદમાં ઈનચાર્જ સીસ્ટર તરીકે સેવાઓ આપેલ છે. ત્યાંથી સેન્ટ્રલ ગવર્નમેન્ટની જવાહર નવોદય વિદ્યાલય, કઠલાલ ખાતે લગભગ ૭૦ના સ્ટાફ તથા અંદાજે છસો વિદ્યાર્થીઓ મધ્યે નર્સિંગ સેવાઓ આપી અને ત્યાંથી મેથોડિસ્ટ હોસ્પિટલમાં નર્સિંગ સુપ્રિન્ટેન્ડેન્ટની ફરજો અદા કરી તે દરમિયાન તેઓએ એક વર્ષનો નર્સિંગ કોર્ષ ચાલુ કર્યો અને ૪૫ જેટલી બહેનોને પગભર થવામાં મદદરૂપ થયાં, આ તમામ બહેનો હાલમાં જુદી જુદી હોસ્પિટલોમાં ફરજો બજાવે છે અને કેટલીક બહેનો પરદેશમાં પણ સ્થાયી નોકરીઓ કરે છે. ત્યારબાદ મેથોડિસ્ટ સ્કૂલ ઓફ નર્સિંગમાં પ્રિન્સીપાલ તરીકે સફળ સંચાલન કરી સ્કૂલને સારી પ્રગતિ કરાવી ટોપ સ્થાન પર મુકેલ છે. અને સ્કૂલની જરૂરિયાતો પણ પૂર્ણ કરી છે. જેવી કે, પરદેશના ઓળખીતા સ્નેહીજનોની મદદ મેળવીને એખ ૩૦ સીટોની મીડીયમ બસ ખરીદી આપેલ છે. તદઉપરાંત પોતાના પગારમાંથી ત્રણ સીલીંગ ફેન નામ લખાવ્યા સિવાય ભેટમાં આપેલ છે. તેમને પ્રભુએ આપેલ બે બાળકો પૈકી ક્રિસ્ટીના પોતાના કુટુંબ સાથે વિદ્યાનગર રહે છે. ક્રિસ્ટોફર ડીડીએમ ખાતે ફરજ બજાવે છે.

છેલ્લે સ્વ. મગનલાલ હરિભાઈ શાહના છેલ્લા અને છઠ્ઠા ચિરંજીવ એટલે શ્રી મહેન્દ્રભાઈ (મનુભાઈ). તેઓએ એમ.ટી.આઈ. વડોદરાથી તાલીમ મેળવી અને થર્મલ પાવર સ્ટેશન, વણાકબોરીમાં વહાલસોયા કર્મચારી તરીકે સફળતાપૂર્વક નોકરી પૂરી કરી વયનિવૃત્ત થયેલ છે. આ નોકરી દરમિયાન કર્મ હી ધર્મમાં માનનાર મહેન્દ્રભાઈ ઈશ્વરના વિશ્વાસમાં રહીને રવિવારની ભક્તિસભા માટે પોતાનું ક્વાર્ટર પણ ફાળવી આપતા હતા. વળી આ નોકરી દરમિયાન માર્થાબેન સાથે તેઓ લગ્ન ગ્રંથિથી જોડાયા. પ્રભુએ તેમને ત્રણ દિકરીઓ અને એક દિકરાનું દાન પણ આપેલ છે. ત્રણેય દિકરીઓ પોતાના કુટુંબ સાથે જુદી જુદી જગાએ સ્થાયી થયેલ છે. શ્રી મહેન્દ્રભાઈ એક ખ્રિસ્તી વિશ્વાસુ વ્યક્તિ તરીકેની સુવાસ છોડી, એમના સ્ટાફમાં યાદગાર બની વયનિવૃત્ત થઈ હાલમાં નડીયાદમાં પોતાના ઘરમાં નિવૃત્ત જીવન ગાળે છે. આ નિવૃત્તિના અને શારીરિક નિર્બળતાના દિવસોમાં પણ ઈશ્વર પિતા જેવા દિવસો તેવું બળ પુરું પાડીને સંભાળી રહ્યા છે.

આ કુટુંબનો ઈતિહાસ આપ સૌએ શાન્તિથી સાંભળ્યો, આપ સૌનો આભાર.

Praise the Lord. Thank you Jesus.

આપણે બધા સાથે બોલીશું હાલેલુયાહ.



# ટેલીવીઝન... ઈડીયટ બોક્સ

-એડવીન મેકવાન,
નડિયાદ

ટી.વી. જોવું એ ક્યારેય મારી ગમતી પ્રવૃત્તિ નહોતી, આજે પણ ટી.વી. સીરીયલોમાં સમય બગાડવો મને પસંદ નથી. કોઈ પૂછે કે તમે ટી.વી. કેમ નથી જોતા, તો મારી પાસે એઠલો જ ઉત્તર હોય કે નથી ગમતું. મને શા માટે ટી.વી. જોવું નથી ગમતું એ ઉંડાણથી સમજાવી શકતો નથી. પણ ફાધર વાલેસના પુસ્તક વાણી તેનું વર્તનમાં મળી શકે છે.

ટી.વી. માં ભાષા હણવાની શક્તિ છે. એનું મનોવૈજ્ઞાનિક કારણ છે. માનવમનની બે મૂળ ક્રિયાઓ છે. એક ગ્રહણ કરવાની અને બીજી વ્યક્ત કરવાની, સાંભળવું, વાંચવું જોવું એ ગ્રહણ કરવું અને બોલવું, વિચારવું, લખવું એ વ્યક્ત કરવું, આ બે પ્રક્રિયાઓ પરસ્પર વિરોધી છે. ઉલટી દિશામાં છે એક અંદર તરફ અને એક બહાર તરફ. આ બે પ્રક્રિયાઓ જુદી હોવાથી એક માં વૃદ્ધી થાય એટલે બીજી વૃદ્ધિના થાય. દરેકની રીત જુદી, માટે ગ્રહણશક્તિ વધે એટલે વ્યક્ત કરવાની શક્તિ વધે એવું ના હોય.

ગ્રહણ કરવું સહેલું છે. ટી.વી. આગળ બેસવું. જુઓ, સાંભળો અને ચિત્ર અને અવાજ આપોઆપ મગજમાં આવે ને સમજણ પડે ને મઝા આવે. આરામ ની જ પ્રક્રિયા. એનાથી ઉલટું વ્યક્ત કરવું અઘરું છે. પેનને શાહી ને કોરો કાગળને કોરુ મગજ. શું લખવું ? કેમ લખવું ? ક્યાંથી શરૂ કરવું ? કયો શબ્દ પસંદ કરવો, ભારે ગડમથલ છે. અને બોલવાની વાત તો સાવ સહેલી જ નથી.... શબ્દો લાવવાના છે. કંઈક કાઢવાનું છે, બહાર લાવવાનું છે. વ્યક્ત કરવાનું છે, પુરુષાર્થનું કામ છે.

ટી.વી.ના હાથે શબ્દની અભિવ્યક્તિની લૂંટ. વિચાર શક્તિની અભિવ્યક્તિની લૂંટ, ધોળે દહાડે ચાલી રહી છે. અને આખી જ પ્રજા દીન, ગરીબ, એક સરખી જડ, ઉદાસ, નીરસ, વિચાર શૂન્ય, નિર્ણયભીરું, નિષ્ક્રિય, નિષ્પ્રાણ બની જાય છે.

# અનમોલ

-ડૉ. આર. કે. પરમાર, નડિયાદ
મો. ૯૪૨૯૬ ૫૮૧૭૧

કોઈક કવિતાના સુંદર શબ્દો
મીઠા મધુને મીઠા મેહુલા ઓજીએ
એથી મીઠી છે મારી માતરે
જનની જોડ સખી નહીં જડે રે લોલ....

મીઠાશમાં મધની તોલે કોઈ ન આવે પણ કવિએ મધથી પણ મીઠી મા ને બતાવી છે. માની જોડ ક્યાંય ન મળે.બાળક જન્મે પછી બોલતા શીખે તો પહેલો શબ્દ મા. અચાનક આવી પડેલી મુશ્કેલીમાં પણ આપણા મોંમાંથી નીકળતો શબ્દ ઓ મા. અનેક સંકટોમાં આપણે દિલથી યાદ કરીએ છીએ તો પણ મા ખંભોળજ વાળી.

અનાથોની માતા આધિ-વ્યાધિ ઉપાધિમાંથી સર્વનું રક્ષણ કરે છે. ગરીબ આવે, તવંગર આવે, દિન-દુખિયા આવે માના ધામે આવનાર કોઈપણ વ્યક્તિ ખાલી હાથે પાછુ ફર્યું હોય એવું કદી જાણવામાં આવ્યું નથી. હું નિયમિત પણે રવિવારે માના દર્શને આવું છુ. વ્યવસાયે ડોકટર હોવા છતાં અસંખ્ય કામોમાં ઓતપ્રોત હોવ તો પણ સમય કાઢી માની મુલાકાત લઉં છું. વ્હાલા મરિયમ ભક્તો મારો એકજ મેસેજ છે કે તમે દિલથી ધા નાશખો તો મા અચુક આપનો હાથ પકડશે.

**જોઈએ છે....**

આપણી મા મુખપત્ર વહેંચવના માટે સ્વયં સેવક
શું તમે સારા લેખક છો ?
શુ તમે સારા કવિ છો ?
શું તમે ખ્રિસ્તી સમાજ માટે
હકારાત્મક /સર્જનાત્મક કંઈ
કહેવા માંગો છો ? તો મળો યા લખો
**સભા પુરોહિત ફાધર લૉરેન્સ એ.**
**તંત્રીશ્રી શૈલેષ વાણિયા**
આપણી મા પરિવાર આપને
અમૂલ્ય તક આપે છે.



# પ્રાર્થના...

-લૉરેન્સ જે. રાઠોડ

જીવનમાં પ્રાર્થનાનું ઘણું મહત્વ રહેલું જોવા મળે છે. આજના સમયમાં પ્રાર્થના કરવાનું પ્રમાણ ઓછુ જોવા મળે છે. જ્યારે મુશ્કેલીમાં હોઈએ ત્યારે જ ઈશ્વરને યાદ કરવા એમ બની રહ્યું છે. પરંતુ પ્રાર્થના એ આધ્યાત્મીક ખોરાક છે. ઈશ્વર સાથેનો નાતો જોડાએલો છે. તે માટે પ્રાર્થના એ ખુબ જ મહત્વનો ભાગ ભજવે છે.

પ્રાર્થનાથી ઈશ્વર સાથીની સીધી વાત કરીએ છીએ. અને ઈશ્વરનું સંપૂર્ણ ધ્યાન એ આપણી પ્રાર્થના તરફ હોય છે. પ્રાર્થનાનો સમય સ્વર્ગીય મહિમાં અને આધ્યાત્મિક મગ્નતાની જ્ઞાન છે. પ્રાર્થનાથી આપણા આત્મામાં તાજગી પ્રાપ્ત કરે છે. અને આપણા પોતાના વિશે આપણી સંવેદનશીલતા વધતી જાય છે.

ઘણા લોકો ફક્ત ત્યારે જ પ્રાર્થના કરે જ્યારે કાંઈક જોઈતું હોય છે. આ એકદમ ખોટી વાત છે. આપણો પ્રાર્થનાનો હેતુ ઈશ્વર પાસેથી વસ્તુ માંગવા માટે નહીં હોવો જોઈએ પરંતુ તેમની સાથેના વાર્તાપાલ જીવનની સુખદુઃખની વાતો કરવા માટે હોવો જોઈએ. પ્રાર્થનાને જીમ્મેદારીના એક ખાસ હક્ક તરીકે ઓળખવું મહત્વપૂર્ણ છે. પ્રાર્થનાનની દરેક ક્ષણ અનંતતામાં એક નિવેશ છે અને યોગ્ય ખરી પ્રાર્થનાએ આધ્યાત્મિક ભાથુ પુરુ પાડે છે અને સ્વર્ગીય આનંદથી ભરપુર થઈ જવાય છે.

પ્રભુ ઈસુની માતા મરિયમ એ પ્રાર્થના મધ્યસ્થી બને છે અને આપણી દરેક માનતા મનોકામના ઈશ્વર સુધી પહોંચાડે છે.

ઈસુ જ્યારે પૃથ્વી પર હતા ત્યારે તેમણે પ્રાર્થનાને ગંભીરતાપૂર્વક લીધી. બાઈબલમાં કહેલું છે કે બીજે દિવસે પરોઢીયે હજી અંધારું હતું ત્યાં જ ઈસુ ઉઠીને બહાર ચાલ્યા ગયા અને પ્રાર્થના કરવા લાગ્યા (માર્ક ૧ : ૩૫) એક વખતે એમણે આખી રાત પ્રાર્થના કરી. તેઓ પિતાની સાથે નિયમિતરૂપે પોતાનો નાતો જોડતા રહ્યા. આમ આપણે આપણા જીવનનો નાતો ઈશ્વર સાથે જોડાયેલો રાખવો જરૂરી છે એન એ નાતો જોડાયેલો રહે એ માટે દરેકના જીવનમાં હરહંમેશ માટે પ્રાર્થના એ ખુબજ મહત્વનો ભાગ ભજવે છે.



# બાળમિત્ર - સ્વભાવ

-તંત્રી શ્રી શૈલેષ વાણીયા

શીલી નામે ગામ. ગામમાં ઝાંઝી વસ્તી નહીં. ગામ સુખી. ગામની ભાગોળમાં લંગડો ગધેડો પડયો રહે. આખો દિવસ કંઈ ન કરે બસ આરામ કરે, લોકોને લાતો મારે. નાના મોટા વૃધ્ધો, બાળકો તેની આગળથી પસાર થતા બધાને બે લાતથી સ્વાગત કરે. ગામમાં કોઈ પણ વ્યક્તિ તેની લાતથી બાકી રહ્યું નહીં હોય. બધાં તેને વારંવાર સમજાવતા ભાઈ આવું શા માટે કરે છે. બધા તને પ્રેમથી બોલાવે, તારી સાથે વાતો કરે તે તને નથી ગમતું ? ત્યારે તે કહેતો લાત મારવી મને ગમે છે. એ મારો સ્વભાવ છે. આદત છે. તું તારે રસ્તે પડ નહીંતર તને પણ લાત પડશે.

આ ક્રિયા રોજબરોજની હતી. હવે ગામ લોકો તેનાથી કંટાળી ગયા. તેની પાસે જઈને ઉભું રહેવાનું બંધ કર્યું. હવે લાત કોને મારે. એટલે પોતાનો પગ જમીનમાં પછાડવા લાગ્યો. આખરે વાત પંચાયત સુધી પહોંચી ગઈ. ગામના મુખીએ અખાડામાંથી ચાર જણ બોલાવ્યા. અને કહ્યું કે પેલા ગધેડાને પંચાયતના ચોરામાં હાજર કરો. ગમે તે રીતે. એટલે અખાડાવાળા ગધેડાને પકડવા માટે ભાગોળે આવ્યા. જેવા તેની નજીક પહોંચ્યા એટલે ગધેડાએ એક બે જણને લાત મારી. પેલા ભાઈ બીવે તેવા નહતા એક જણે છલાંગ મારી બોચીમાંથી પકડી ગધેડાભાઈને નીચે પાડયો. તરત જ બીજા બે જણે રસી વડે તેના પગ બાંધી દીધા. નનામી લેતા હોય તેવી રીતે ગધેડા ભાઈને ઉઠાવીને પંચાયત ના ચોરામાં નાખ્યો. મુખી પુછે છે કે ભાઈ લાત કેમ મારે છે. ગધેડો કહે એ મારો સ્વભાવ છે. તું લાત મારવાનું બંધ કરે. ગધેડો ના કહે છે. હું તો લાત મારવાનો જ. એટલે મુખી પેલા અખાડાવાળા પાસે ગધેડાભાઈને ખૂબ જ માર મરાવે છે. લોહી નીકળે છે. ગધેડો ચુપચાપ માર ખાતો જાય છે. ત્યાં ઉભેલા ગામજનો તથા મુખીની આંખમાં ઝળઝળીયાં આવી ગયા. મુખી રડવા લાગ્યા. ગધેડો પુછે છે તમે કેમ રડો છો ? મુખી કહે તું લાત મારવાનો કે નહીં એક જ જવાબ આપ. મુખીને રડતા જોઈ ગધેડો કહે છે, હવે હું લાત નહીં મારું એટલે ગામજનોએ ભેગા મળીને ગધેડાને સરસ જમવાનું આપ્યું. ગધેડો હસતા મુખે ઘરે ગયો.

ઘરે જઈ ચોરે બનેલી વાત તેમે તેની મા સમક્ષ રજૂ કરી. મા એ કહ્યું સારું બેટા ભુલ્યા ત્યાંથી સવાર, તું હવે આજથી સુધરી જા અને નવું જીવન શરુ કર. ગધેડો વિચારવા લાગ્યો કે આટલું બધું અપમાન ગ્રામજનોમાં થયું છે લાવ કંઈ એવું કરું કે ગામામં મારી વાહ વાહ થાય, મારું નામ રહી જાય. ગધેડો આવા વિચાર સાથે ગામામં ફરતો હતો. એક દી બે દી એમ સાત દિવસ થઈ ગયા. ચાલતો ચાલતો તેની નજર ગંદકીના ઢગલા ઉપર પડી. તે પેલા અખાડા વાળા માણસને બોલાવે છે. તે પોતાની થેલીઓ ભરે છે. પેલા તેની પીઠ ઉપર મુકી આપે છે. થોડા દિવસમાં ગામ આખાની ગંદકી સાફ થઈ જયા છે. મુખી જોવે છે તે ગામજનોને પુછે છે ત્યારે જવાબ મળે છે કે પેલા આળસું ગધેડા એ આ કામ કર્યું છે. મુખી ગધેડાને તેડાવે છે. તેને શાબાસી આપે છે. ગામમાં તેનું બહુમાન કરવાનું જણાવવામાં આવે છે. મંડપ, બેન્ડવાઝા, ફુલહાર, જમણવારીની તૈયારી કરવામાં આવે છે. વાજતે ગાજતે ભવ્ય સરઘસ સ્વરુપે ગધેડાનું સન્માન કરવામાં આવે છે. અંતે ગધેડાભાઈને બોલાવવામાં આવે છે.

મુખી ગધેડાને પુછે છે કે બોલ હવે તારી સેવામાં કંઈ કસર બાકી રહેતી નથીને ? તારી શી ઈચ્છા છે ? એટલે ગધેડો ફોર્મમાં આવી ગયો ને બોલ્યો મારે તમને એક લાત મારવી છે. જયારે અમે પણ તમારા જેવા નાનકડા બાળમિત્રો સ્વરૂપે ભમતા ત્યારે અમારા ગુરુજનો અમને બોધવાર્તા કહેતા. આ વાર્તા એમાનીજ એક છે. વાર્તા ખૂબ નાની છે. મોટો બોધ પાઠ આપી જાય છે. આવીજ એક વાર્તા વિંછી (બીછું) ની પણ આપે સાંભળી હશે. મિત્રો વાર્તા વાચ્યા પછી વાર્તા ઉપર મનન ચિંતન કરીએ. વાર્તાકાર આપને શું કહેવા માંગે છે, શું બોધપાઠ લેવો છે તે નક્કી કરવાની વારી હવે આપણી છે. અંતે એટલું જ કે

જ્ઞાની સે જ્ઞાની મિલ તો કરે જ્ઞાનકી બાત ઔર ગદધે સે ગદધા મિલે તો ફીર કરે લાતમ્ લાત.

---

(પેજ નં. ૧૯ નું ચાલુ, પ્રભુ પુરુ પાડશે...)

ભત્રીજો). મેં લગ્ન તારીખ આપી, જમણનાં માણસોની સંખ્યા અને જાનમાં લઈ જવાની વ્યકિતનો આંકડો આપ્યો.

સાહેબ નહીં માનો બધુ જોનભાઈએ કર્યું. મેં રંગેચંગે લગ્ન કર્યા, જમાડયા અને લોકો તો મોંમાં આગળા નાખી ગયા કે અલ્યા સેમ્યુલ પાસે તો ફુટી કોડી પણ નહતી અને આટલું બધું ક્યાંથી ?

બીજો દિકરો સુવાર્તિક. દિલ્હીમાં એક સભામાં ગયેલો ત્યાં અકે એન.આર.આઈ. કુટુંબ આવેલું. તેની પ્રાર્થનાથી તેઓ એટલા ખુશ થઈ ગયા કે તેમણે તેને તેમનો જમાઈ બનાવી દીધો. ત્યાંથી તેઓ અહીં આવી કોર્ટ મેરેજ કરી તેને અમેરીકા લઈ ગયા. અને સાહેબ તે દિકરો અમને ફરવા અમેરીકા બોલાવે છે. જુઓ સાહેબ પ્રભુની કૃપા. પ્રભુએ બધું પુરું પાડયું.

મેં ચાનો પ્યાલો ખાલી કર્યો, હૃદયમાં પ્રભુ ઈસુનો આત્મિક ખોરાક ભરીને હું ઘેર આવવા ઉઠયો. જય ઈસુ.

# દુનિયાની માંદગીનો સાચો ઉપાય -પ્રેમ

-'રાજબંધુ' જયંત એમ. પરમાર
ગોરવા, વડોદરા

૧૪, મી ફ્રેબ્રુઆરી-૨૦૧૮ ના ભસ્મ બુધવારથી તપઋતુ શરૂ થાય છે. તપઋતુના ૪૦ દિવસો હૃદય પલટો કરવાના દિવસો છે. ઉપવાસ અને પરહેજના દિવસો છે. દાન-દક્ષિણા કરવાના દિવસો છે. આ દિવસોમાં ગરીબોને, માંદાઓને તથા જેઓ ભયંકર રોગોથી પિડાય છે. આ પીડા અને વ્યથાના દિવસોમાં મધર ટેરેસાના જનસેવા એજ પ્રભુ સેવા કરવાના દિવસો છે. દુનિયાની માંદગી દૂર કરવાના દિવસો છે. દુનિયાની બીમારી દૂર કરવાનો સમય છે.

દુનિયાની અશાંતિ દૂર કરી, શાંતિ સ્થાપવાના દિવસો છે. તેથી પ્રભુ ઈસુએ કહ્યું હતું તે હું મારી શાંતિ અને પ્રેમ તમારા માટે મુકતો જાઉ છું. તેથી તમે પરસ્પર પ્રેમ કરો, જેમ પોતા ઉપર પ્રેમ કરો છો, તેનાથી બમણો પ્રેમ તમારા પાડોશી પર કરો, જેઓ પરસ્પર પ્રેમ કરશે તેઓ મારા કહ્યા પ્રમાણે કરશે. તેઓ સ્વર્ગનું સુખ પ્રાપ્ત કરશે.

અબ્રાહમ લિંકન એ એવી પ્રથમ વ્યક્તિ હતી જેમણે પોતાના રક્ષણ માટે મશીનગન ખરીદી હતી. પરંતુ એ એમનું રક્ષણ કરી શકી નહીં અને તેમનુ ખૂન થઈ ગયું. અમેરિકાના આર.જે. ગેટલીંગ નામના માણસે મશીનગનની શોધ કરી હતી. તેમને આશા હતી કે આ મશીનગનથી એક સિપાઈ સો સિપાઈનું કામ કરી શકશે. અને હવે વધુ લશ્કરી સિપાઈઓની જરૂરત રહેશે નહી. પરંતુ લશ્કરોની સંખ્યા તો વધતી અને વધતી જ ગઈ છે.

ત્યાર બાદ હિરામ મેકસીમ નામની વ્યક્તિએ વધુ સારી જાતની મશીનગન બનાવી એનાથી તે ઘણાં નાણાં કમાયો.

આપણા દેશનાં ઈન્દીરા ગાંધી સ્વર્ગમાં ગયાં ત્યાં ભારત દેશના રાષ્ટ્ર પિતા ગાંધીબાપુ મળ્યા. બાપુએ પૂછ્યું ? બેટા ઈન્દિરા ભારતે કેટલી પ્રગતિ કરી ? ઈન્દીરાજીએ કહ્યું બાપું, ભારતે દેશે બહું પ્રગતિ અને વિકાસ કર્યો છે.

આનો ઉપાય શો ? આ માંદી દુનિયાને સાજી કરવાનો ઉપાય શો ? તેનો જવાબ આપણને બાઈબલના ૧ કરિંથ ના ૧૩ મા અધ્યાયમા ંમળે છે.

મં તમને જે કંઈ આજ્ઞા કરી છે તેનું પાલન કરજો. એમાં કશો ઉમેરો પણ ન કરશો, ઘટાડો પણ ન કરશો.

વિજ્ઞાન અને બાઈબલ આજે આ બાબત ઉપર સંમત થાય છે કે મોટા ભાગના પ્રશ્નોના જવાબ એ પ્રેમ છે. પ્રેમથી પ્રશ્નો ઉકેલી શકાય છે.

માનસશાસ્ત્રી કાર્લ મેનિજર કહે છે કે દુનિયાની માંદગીનો ઉપાય (દવા) તે પ્રેમ છે. શાંતિ બંદૂક કે મશીનગનથી નહીં પણ પ્રેમથી સ્થાપી શકાય છે. જેવો પોતાના પર તેવો પાડોશી પર પ્રેમ કર. પ્રેમ દુનિયાની સર્વશ્રેષ્ઠ ઔષધિ છે જે ખાશે તેનો રોગ જળમૂળથી મટી જશે. આ પ્રભુની વાણી છે, તે આપણો આધાર છે.

## ખાસ નોંધ

વ્હાલા ગ્રાહક મિત્રોને જણાવવાનું કે
૨૦૧૮ નું લવાજમ 'આપણી મા'નું પૂર્ણ થતું
હોવાથી આપનું મેગેઝીન બંધ ન થાય
તે માટે લવાજમના નાણાં ચર્ચ ઑફિસમાં
તમારા સ્વયં સેવકને જમા કરાવવા
નમ્ર અરજ છે.

**લિ. સભા પુરોહિત ફાધર લોરેન્સ એ.**
**'તંત્રીશ્રી આપણી મા'**
ખંભોળજ

(પાન નં. ૧૭ નું ચાલુ...)
માવલડીએ હાંક સાઁભળી...

અને મારી અનાથોની માતાની દુઆએ મને વિધુર બનતો બચાવ્યો આ વાક્ય સાંભળી ડોકટરે ખુશ થઈને કહ્યું, સાચી વાત છે તમારી માતાએ તમને બચાવી લીધા.

થૈરેસ્યા સંપૂર્ણ તંદુરસ્ત થઈ ગઈ એટલે રોબર્ટ સપરિવાર અનાથોની માતાના ધામ ખંભોળજ પગપાળા ચાલતાં ઉપડયો ને માતાની આગળ ઘુંટણે પડી થૈરેસ્યાને નવજીવન બક્ષવા બદલ માતાનો આભાર માનવા લાગ્યો. એ સમયે તે રુદન કરતો હતો એટલે તેનું રુદન સાંભળી નજદીકમાં પ્રાર્થના કરતા ફાધર તેની પાસે આવી પોતાની એફિસમાં લઈ ગયા ને પાણી પીવડાવી આશ્વાસન આપતા બોલ્યા ભાઈ તમે રડશો નહીં તમારા મનની ઈચ્છા અનાથોની માતાએ પૂર્ણ કરી છે.

જો તમે પણ અનાથોની માતાને હાંક મારશો તો અવશ્ય તમારી હાંક સાંભળીને તમારી મદદે દોડી આવશે. તમારે તો ફક્ત એક હાંક જ મારવાની જરૂર છે.

# નાઝરેથના મરિયમ

-છાયાબેન બી. ખ્રિસ્તી, ઉત્તરસંડા (ત્રણોલ)

મરિયમ પવિત્ર સ્ત્રી હતા. તેઓ પ્રભુની પુરા મનથી ભક્તિ કરતા હતા. તેઓનો પરિવાર નાઝરેથ નામના ગાલીલમાં વસતો હતો. તેઓ તેમના પિતા જોહાકીમ અને માતા આન્નાનું સુખી કુટુંબ હતું. તેમના વેવિશાળ યુસુફ નામના યુવાન સાથે થયા હતા. યુસુફ દાઉદ વંશ ના હતા.

એક દિવસ મરિયમને ગ્રાબ્રિયેલ દૂત દર્શન આપે છે. ત્યારે મરિયમ ગભરાઈ જાય છે. કે આ તે કેવા પ્રકારની સલામ છે. દૂત મરિયમને કહે છે, તમે ગર્ભ રહેશે ને દીકરો થશે ને તેનું નામ તું ઈસુ પાડશે ને તે મોટો થઈને પરાત્પરનો દીકરો કહેવાશે. પણ મરિયમ કહે છે કે હું કુવારી છું મે પતિગમન કરેલ નથી તો આ કેમ શક્ય બનશે ? ત્યારે દૂત તેને કહે છે તે બીશ માં કેમ કે તું દેવ તરફથી કૃપા પામેલી છું.

ત્યારે મરિયમ પ્રભુના વચનને માન આપે છે ને દૂત ને કહે છે કે હું પ્રભુની દાસી છું ત્યાં સુધી મરિયમ પોતાના સોંપેલા કાર્યોમાં રહ્યાં. તેમણે પોતાના અને પુત્રના ૩૩ વર્ષના જીવન દરમ્યાન સાદાઈ અને નિષ્ઠા બતાવી અને પ્રભુ પણ પોતાની માનો પ્રેમ મેળવવા તેમની સાથે જ રહ્યા. તેમણે ઈસુના જન્મથી લઈને મૃત્યુ સુધી ઘણી એવી યાતનાઓ અને દુઃ સહન કર્યા.

એમને ઈસુના જન્મ સમયે રહેઠાણ મળ્યું નહીં પણ તેમણે ગભાણ જેવી જગ્યાએ પુત્ર ઈસુને જન્મ આપ્યો. પણ હિંમત ના હારતા તેમણે પોતાનું જીવન દેવની ઈચ્છા પ્રમાણે વિતાવ્યું. દરેક સમયે મુશ્કેલીઓ આવી પણ તેમણે હિંમત રાખી. જ્યારે ઈસુ ૧૨ વર્ષના હતા ત્યારે ખોવાય જાય છે માતા-પિતા શોધખોળ કરતા ઈસુ મંદિરમાંથી મળી આવે છે ત્યારે એક માનું હૃદય દુઃખથી ભરાય જાય છે.

મા મરિયમ પ્રભુ ઈસુ સાથે હંમેશા સંપર્કમાં રહેતા હતા. કાના ગામના લગ્ન પ્રસંગમાં જ્યારે દ્રાક્ષારસ ખૂટયો. ત્યારે સૌથી પહેલા મા મરિયમને ખબર પડી હતી અને પ્રભુ માના કહેવાથી નવા દ્રાક્ષારસનો આસવ બનાવી ચમત્કાર કરે છે. પ્રભુએ મા મરિયમને ક્યારેય કશું કહેવું નથી પડયું. મા મરિયમ કહ્યા વગર જ સમજી જતા હતા.

મે મહિનો એટલે મા મરિયમનો મહિમા અને સ્તુતિ કરવાનો મહિનો. જેમ દરેક ધર્મ પોતાના ભગવાનની પુજા માટે જપમાળાનો ઉપયોગ કરે છે તેવી જ રીતે મા મરિયમે આપણને પ્રાર્થના કરવા માટે ગુલાબમાળા આપી છે. ગુલાબમાળા પ્રાર્થનામાં મદદ કરવામાં આગત્યનો ભાગ ભજવે છે. ગુલાબમાળા દ્વારા આપણે પ્રભુની પાસે જઈ શકીએ છે. ગુલાબમાળા શત્રુ સામે એક શક્તિશાળી હથિયાર છે. ગુલાબમાળા એક શ્રદ્ધાનું પ્રતિક છે. મે મહિનામા સાંજે કુટુંબના સભ્યો સાથે બેસી ગુલાબમાળાનું મનન કરે અને પુરા દિલથી મા મરિયમની આરાધના કરવાથી આપણી મનોકામના પૂરી થાય છે. મા મરિયમ પાસેથી ઉદારતા અને નમ્રતાનો ગુણ મળે છે.

ગુલાબમાળા આપણને બાઈબલના વાંચનમાં મદદરૂપ નીવડે છે. પ્રભુઈસુના જીવન અને મરણનું પ્રતિબિંબ કરાવે છે. તેમાં પાંચ મર્મો દ્વારા આપણે બાઈબલનું જ્ઞાન મેળવીએ છે. આનંદના મર્મો, દુઃખના મર્મો, પ્રકાશના મર્મો, વૈભવના મર્મો અને ગુલાબમાળાની ભક્તિમાં આપણે જાણીએ છે કે મા મરિયમના ઘણા એવા નામ છે.

અને દરેક સ્થળે તેમના ધામ છે. ખંભોળજમાં અનાથોની મા, અમદાવાદમાં વેલાંકની મા, મુંબઈમાં માઉન્ટ મેરી, વડોદરામાં નિરધારોની મા, પેટલાદમાં આરોગ્યદાયી મા, ચાવડાપુરામાં નિત્ય સહાયક મા દરેક સ્થળે ભક્તોની શ્રદ્ધા અતૂટ છે.

# એક કડવું સત્ય

**-અશ્વિન (એન્થની) સાયમન, મણીનગર**

આંગણમાં તુલસી એ ભારતીય સંસ્કૃતિ છે, ને મોંઢામાં તુલસી (ગટખા) એ સંસ્કૃતિની વિકૃતિ છે. મરનરાને રોનારા હજારો મળે છે, જીવનારને સમજનારો એકેય મળતો નથી.

વાઘની સાથે દોસ્તી નથી કરી,<br>
તોયે ક્રૂર બન્યો છે માનવી ?<br>
ને કૂતરાની સાથે ફરે છે,<br>
તોયે વફાદાર તો નથી જ બન્યો.

જે દિવસે મા-બાપ તમારી પાસે રડે છે ત્યારે તમારાં કેટલા ધર્મ માતા પિતાના એ આંસુઓમાં વહી જાય છે. ઘરની માને રડાવે છે, ને મંદિરની માની આરતી કરે છે. પરંતુ યાદ રાખ મંદિરની મા તો ક્યારેક ખફા થશે, પરંતુ ઘરની મા ક્યારેય ખફા નહીં થાય. કારણ, મા તે મા જ છે.

ઘરમાં ઘરડાં મા-બાપને સાચવે નહીં, અને ઘરડા ઘરમાં ડોનેશન આપે. દેવળોમાં રૂપિયા લખાવે, એને ધર્મપ્રેમી કહેવો એ ધર્મનું અપમાન છે.

મા-બાપની આંખમા આંસુ બે વખત આવે છે, એક દિકરી સાસરે જાય ત્યારે અને બીજીવાર દીકરો તરછોડે ત્યારે. તેં જ્યારે ધરતી પર પહેલો શ્વાસ લીધો, ત્યારે તારા માતા પિતા તારી સાથે હતા. માતા પિતા જ્યારે છેલ્લો શ્વાસ લે, ત્યારે તું એમની પાસે રહેજે.

# આપણી મા

**-રાજેશ ચૌહાણ,** આણંદ. ૯૯૨૪૭૩૪૬૦૦

પ્યારા વંદન, મારિયા કુમારી, પૂરણ દેવ કૃપા થકી,
પ્યારો પ્રભુ સંગાથ છે તારી, પૂરણ દેવ કૃપા થકી.

બાઈબલમાં આપણે વાંચીએ છીએ કે, દેવદૂતો પ્રભુનો સંદેશ લઈને પસંદ કરેલ લોકો પાસે અવારનવાર જાય છે. જેમ કે, મોશે, એલિયા, યહોશુઆ, દાનીયેલ, ગીદીયોન, ઝખરીયા, મલાખી વગેરે. પરંતુ દેવદૂત તેમાંથી કોઈને વંદન કરતાં નથી. પણ જ્યારે પ્રભુના દૂત ગ્રાબીયેલ મરિયમ પાસે જાય છે ત્યારે તેમને વંદન કરે છે. એટલે કે આખા બાઈબલમાં દેવદૂત જો કોઈને વંદન કરતા હોય તો તે માતા મારિયા છે. આ વિશેષ વંદનની વાત મરિયમની સમજમાં આવતી નથી ત્યારે દેવદૂત તેમને સમજાવે છે કે, મરિયમ પ્રભુની કૃપાથી ભરેલી છે. અને પ્રભુ તેમની સાથે છે.

જ્યારે મા મરિયમ એમનાથી વિપરીત  હતાં. પરમેશ્વરના પુત્ર પ્રભુ ઈસુના માનવ ઉદ્ધારના દરેક કાર્ય માટે તેમણે સંપૂર્ણ સહયોગ આપીને પ્રભુની નજરમાં તે સુયોગ્ય સાબિત થયાં. તેમનુ સર્વસ્વ, મન, હૃદય અને શરીર પ્રભુના પુત્ર ઈસુ માટે મંદિર બન્યું. આખી સૃષ્ટિમાં પ્રભુને મા મરિયમના રૂપે એક એવી સ્ત્રી મળી જે સદા પ્રભુની સાથે રહેવા અને દરેક કાર્યમાં પ્રભુનો સાથ આપવા તત્પર હતા. એટલે શરૂઆતમાં જ તેમણે દેવદૂતને કહ્યું હતું. હું તો પ્રભુની દાસી છું. તારી વાણી મારા માટે સાચી પડો. પ્રભુ કહે છે, તું મરતાં સુધી વફાદાર રહેજે. અને હું તને જીવનનો વિજય મુકુટ આપીશ. (દર્શન ૨:૧૦) માતા મરિયમ દુન્યવી જીવનનાં અંત સુધી પ્રભુને વફાદાર રહ્યાં. પ્રભુનો સંદેશ સહર્ષ સ્વીકારી લીધો. પ્રભુને આપેલ વચનનું છેવટ સુધી પાલન કર્યું. પોતાના વહાલસોયા પુત્રને ક્રોસ પર લટકીને, અસહ્ય દુઃખ અને પીડા સહન કરીને મરણને આધીન થતાં જોયો તેમ છતાં જરા પણ વિચલિત ના થયાં. એટલે જ પ્રભુએ તેમનું સન્માન કર્યું. જીવનનો મુકુટ પહેરાવ્યો, મુક્તિનું વસ્ત્ર પહેરાવ્યું અને મહિમાવંત કર્યા. (દર્શન ૧૨:૧) આપણે બધાએ પ્રભુ દ્વારા આપેલ મહિમાને આપણા પાપો થકી ગુમાવી દીધો, (રોમ ૩:૨૩) પરંતુ મા મરીયમે માટીના પાત્રમાં આપેલ તે મહિમા, ગરિમા, કૃપાને પ્રેમથી સંભાળ્યા અને પ્રભુના પ્રાણને, જીવનના સ્ત્રોતને પોતાનામાં ધારણ કરી પ્રભુની મા બન્યા. (લુક ૧:૩૫, ૪૩)

તિમોથીને લખેલ બીજા પત્રના અધ્યાય ચારની સાતમી અને આઠમી કડીમાં સંત પાઉલ કહે છે, હું મંગલ શરતમાં ઝૂઝ્યો છું, પુરું અંતર દોડયો છું, શ્રદ્ધામાં અટલ રહ્યો છું. અને હવે તો વિજયમાળા મારી રાહ જોઈ રહી છે. સંત પાઉલ કરતા તો વધુ લડાઈ મા મરીયમ લડી છે. હું તો પ્રભુની દાસી છું, તારી વાણી મારે વિશે સાચી પડો. દેવદૂતને મા મરીયમે આ કહ્યું ત્યારથી જ તેમનાં જીવનમાં દુઃખોની, સંઘર્ષની શરૂઆત થઈ ગઈ હતી. ઈસુના ગર્ભાધાનથી માંડી છેક કાલવારી પરના ઈસુના મૃત્યુ સુધી મા મરિયમનું જીવન એક યુદ્ધ સમાન હતું. ઈસુની સંપૂર્ણ જીવનયાત્રામાં તે સહારો બન્યાં. સાથી બન્યાં. ઈસુને ગર્ભમાં ધારણ કરીને બેથલેહેમની મુસાફરી, કડકડતી ઠંડીમાં ગભાણમાં ઈસુને જન્મ આપવો, નવજાત બાળકને લઈને મિસર નાસી જવું, ગરીબીમાં જીવન જીવવું, એકમાત્ર પુત્ર પર થતા અન્યાય, અત્યાચારને ચુપચાપ સહન કરીને નિરખવા, એટલું જ નહિ પણ પોતાની આંખો સામે જ પુત્રને કરપીણ મૃત્યુને અધીન થતાં જોવો.... આ બધા જ પ્રસંગોમાં મા મરિયમના જીવનમાં તેમની શ્રદ્ધાને તોડી નાખે તેવા હતાં, પણ તે તૂટયા નહીં. છેવટ સુધી પ્રભુને વફાદાર રહ્યાં. એટલે જ કહેવાય છે, Mother Mary is the first and the best Christian. દરેક શ્રદ્ધાળુ માટે મા મરિયમ એક આદર્શ છે. નમૂનારૂપ છે.

તેથી જ આપણે કહી શકીએ કે સાચે જ મા મરિયમ દેવદૂતના પ્રણામને યોગ્ય છે, આપણાં સન્માનને પાત્ર છે. અને જેમને સ્વયં પ્રભુના દેવદૂતો પણ વંદન કરતા હોય તેમને આપણે માન આપીએ, વંદન કરીએ, તેમના મારફતે પ્રભુને અરજો કરીએ તેમાં કશું અધાર્મિક નથી.

ક્રોસ પરથી ઈસુએ યોહાનને કહ્યું હતું, આ તારી માં. ત્યારથી તે સમગ્ર માનવજાતના માતા બને છે. આપણી મા બને છે. માતા મરિયમ પૂર્ણપણે પોતાના વ્હાલા પુત્રે સ્થાપેલી ધર્મસભાને સમર્પિત છે, તે સમગ્ર રીતે માતા છે, અને એક જનેતાના પ્રેમને છાજે એ રીતે માનવોના હૃદયમાં પવિત્ર આત્માના કાર્યમાં સહભાગી બને છે. સ્વર્ગમાં પુત્ર ઈસુની બાજુમાં તેમને સ્થાન મળ્યું છે, જે નિરંતર આપણાં માટે પ્રભુને વિનંતી કરે છે. જેવી રીતે કાના ગામે મા મરિયમની વિનંતી સ્વીકારી પ્રભુ ઈસુએ લગ્ન પ્રસંગે ઉભી થયેલ મુશ્કેલી દૂર કરી હતી, તે જ રીતે આજે પણ મા મરિયમને આપણે કોઈ મુશ્કેલી રજૂ કરીએ તો તે અવશ્યપણે પ્રભુ આગળ તેને લઈ જાય છે, નિત્ય વિનંતી કરી આપણને સહાય કરે છે.

એટલે જ ખંભોળજના મા મરિયમના ધામે, અસંખ્ય શ્રદ્ધાળુઓ નતમસ્તકે આવે છે, ફક્ત કેથલિક જ નહિ પણ બિન કેથલિક અને અન્ય ધર્મના શ્રદ્ધાળુઓ પણ પૂરી ભક્તિથી અને શ્રદ્ધાથી આવે છે અને પોતાની અરજો મા સમક્ષ રજૂ કરી તેમની મધ્યસ્થી દ્વારા પ્રભુની કૃપાનો અનુભવ કરે છે.

ધા નાખી જો આવ્યું હોયે કોઈ તમારી પાસ,
કદીય એવું નથી બન્યું કે થયું હોય નિરાશ.
હે મા મરિયમ અમારા માટે સદા પ્રભુને વિનંતી કરતાં રહેજો.



# માવલડીએ હાંક સાંભળી

-ક્રિસ્ટી રમેશભાઈ ગુતાલવાળા

અનાથોની માતાના ધામમાં આવી મરીમય માતા સમક્ષ બે હાથ જોડી ઘુંટણીએ પડીને રોબર્ટ માતાનો આભાર માનતા દયાદ્રભાવે સજળ નયનોથી વદી રહ્યો હતો, હે માતા મરીયમ તારો જેટલો આભાર હું માનું એટલો ઓછો છે. તે મારી પત્નીને નવજીવન બક્ષ્યું છે. જો તારી મહેર અમારા કુટુંબ પર ના થઈ હોત તો હું આજે વિધુરાવસ્થામાં હોત. માતા તારો જયજયકાર હો. આટલું બોલતાં બોલતાં રોબર્ટ ધ્રુસકેને ધ્રુસકે રુદન કરવા લાગ્યો. એટલે નજદીકમાં પ્રાર્થના કરવા બેઠેલા ફાધરે રુદનનો અવાજ સાંભળી રોબર્ટ પાસે ગયાને તેના વાંસે હાથ મુકીને આશ્વાસન આપતા તેને પોતાની ઓફિસમાં લઈ ગયા ને પાણી પીવડાવીને સાંત્વના પાઠવી.

રોબર્ટ અને થેરેસ્યાનું દાંપત્યજીવન સુખમય રીતે ચાલી રહ્યું હતું. રોબર્ટ થેરેસાને ખૂબજ પ્રેમ કરતો હતો તો સામે પક્ષે થેરેસા પણ રોબર્ટને ખૂબ ચાહતી હતી. બંને જણ વચ્ચે કોઈ દિવસ અણબનાવ કે કલહનો પ્રસંગ ઉપસ્થિત થયો હોય એવું બન્યું નહોતું. ઈશ્વરકૃપાથી તેમના ઘરે પારણીયું પણ બંધાયું હતું. ફુલની કળી જેવો સુંદર બાબો હતો. આમ તેઓ સુખેથી દિવસો પસાર કરી રહ્યા હતાં.

રોબર્ટ નજીકના શહેરની ફેક્ટરીમાં લેબરનું કામ કરતો હતો. પરોઢીયે વહેલી ઉઠીને થેરેસ્યા રોબર્ટ માટે બપોરનું ભાથુ અને સવારનો ચા-નાસ્તો તૈયાર કરી રહ્યા પછી હળવેકથી રોબર્ટને પથારી છોડાવતી. રોબર્ટ પથારીમાંથી બેઠો થઈ નાહી ધોઈ પરવારીને ચ્હા-નાસ્તો કરતો પછી થેરેસ્યાએ બનાવેલ બપોરનું ભાથું લઈને નોકરી પર જવા નીકળી પડતો.

આખો દિવસ મહેનત મજૂરી કરીને થાકેલો પાકેલો રોબર્ટ સાંજે ઘરમાં પ્રવેશતો ત્યારે પોતાના જીવની જેમ ઉછરી રહેલા દિકરાને નિહાળીને તે બધોજ થાક વિસરી જતો ને દિકરાને પોતાની છાતી સરસો ચાંપી દેતો હતો. દિકરાને જોતો ત્યારે જાણે સ્વર્ગનું દ્વારા ના જડયુ હોય એટલો તે ભાવવિભોર થઈ જતો.

થેરેસ્યા પણ રોબર્ટ આવે તે પહેલાં સાંજનું વાળુ તૈયાર કરી રાખતી એટલે સ્નાનાદિથી પરવારીને સપરિવાર ભેગા મળી સાંજની પ્રાર્થના કરતાં તે પછી અલક મલકની વાતો કરતાં કરતાં સાંજનું વાળુ કરતા હતાં. દિવસ દરમ્યાન થેરેસા ઘરે ઘટેલી બધી ઘટનાઓનું વર્ણન કરતી ત્યારે રોબર્ટ પણ ફેકટરીમાં બનેલા બનાવોની વાતો વાગોળતો આમ સાંજનું વાળુ પતાવીને પછી સૌ પછારીવશ થતાં હતા.

એક દિવસ થેરેસ્યાને અચાનક છાતીમાં અસહ્ય દુઃખાવો ઉપડયો એટલે રોકકળ કરવા લાગી તે રોબર્ટને કહેવા લાગી કે તમે મને તાત્કાલિક દવાખાને લઈ જાવ મને કશુંક થઈ ગયું છે. આ સાંભળીને રોબર્ટે ૧૦૮ બોલાવીને થેરેસ્યાને નજદીકના દવાખાનામાં લઈ ગયો. ડોકટરે થેરેસ્યાની હાલત જોઈ ઈમરજન્સી રુમમાં તેને લઈ ગયા ને તપાસ કરીને રોબર્ટને કહ્યું, સૌ પ્રથમ તમારે થેરેસ્યાબેનના છાતીનો એક્ષરે પડાવવો પડશે તે જોયા પછી જ તેમના રોગનું નિદાન થઈ શકે. એટલે રોબર્ટ થેરેસ્યાને એક્ષરે રુમમાં લઈ ગયો ને છાતીનો એક્ષરે પડાવી ડોકટરને બતાવ્યો તો એક્ષરે જોયા પછી ડોકટરે રોબર્ટને એકબાજુ બોલાવીને કહ્યું, તમારી પત્નીને બ્રેસ્ટ કેન્સરની શરુઆત છે ચિંતા કરવાની જરુર નથી આપણે દવા ચાલુ કરી દઈએ છીએ.


દવા શરુ કર્યાને પંદર દિવસ થયા પણ થેરેસ્યાને દવાથી પૈસાભાર પણ ફેર પડતો નહોતો અને તેનું પંદર દિવસમાં આઠ દસ કિલો વજન પણ ઉતરી ગયું હતું. એઠલે રોબર્ટ ડોકટરની ચેમ્બરમાં ગયો ને ડોકટરને સઘળી હકીકત કહી તો ડોકટરે રોબર્ટને સધિયારો આપતાં કહ્યું, જુઓ ભાઈ ઈજથી હું દવા બદલું છું તથા તમો પણ ભગવાનને દુઆ કરો એટલે થેરેસ્યાને જલદી સાજાપણુ મળી જાય.

ડોકટરની વાત સાંભળી રોબર્ટ પોતાના ગજવામાંથી માતા મરીયમનો ફોટો બહાર કાઢીને હાથમાં લઈ રડતાં રડતાં અરજ કરી કે, હે માતા મરીયમ મારી પત્નીની તબિયત સારી કરી દેજો તેનું બ્રેસ્ટ કેન્સર મટી જશે એટલે અમો સપરિવાર ખંભોળજ ધામે આવીશું ને પ્રાર્થના કરી માનતા પૂર્ણ કરીશું.

થેરેસ્યાને મહિનો દવાખાનામાં રાખી એટલે તેને સારું થવા લાગ્યું. તેથી ડોકટરે રોબર્ટને સલાહ આપી કે તમારી પત્નીને સારું થવા લાગ્યું છે તો તમે તેમને ઘરે લઈ જઈ શકો છો તે પંદર દિવસ પછી અહીં બતાવવા માટે આવજો. રોબર્ટ થેરેસ્યાને ઘરે લઈ ગયોને તેની સારી સેવાસુશ્રુષા કરી એઠલે હવે તો તે હરતી ફરતી થઈ ગઈ.

ડોકટરની સલાહ મુજબ થેરેસ્યાને તપાસવા માટે દવાખાને લઈ ગયા તો સૌ પ્રથમ તેનો એક્ષરે પડાવ્યો પછી ડોકટરે એક્ષરે જોઈને રોબર્ટને કહ્યું, મારા જીવનનો આ પ્રથમ જ કેશ એવો છે કે મારી દવાથી થોડા જ સમયમાં બ્રેસ્ટ કેન્સર મટી ગયું હોય. રોબર્ટભાઈ હવે તમે નિશ્ચિંત થઈને ઘરે જાવ તમારી પત્ની સાજી નરવી થઈ ગ ઈછે. ડોકટરની વાત સાંભળીને રોબર્ટે કહ્યું, સાહેબ તમારી દવા

(અનુસંધાન પેજ ૧૪ પર)



# પ્યારી મા

-રાજેશ એમ. પરમાર
(ઓડવાળા)

પ્રભુ ઈસુની પ્યારી માતા -મરિયામ. ઈશ્વરે તેમને સ્વર્ગ અને પૃથ્વીના રાણીનું બિરૂદ આપ્યું છે. માતા મરિયમને રાણી ધર્મસભાની અગ્ર પંક્તિના આગેવાન તરીકે સ્થાપના કરવામાં આવી છે, માતા મરિયમના જીવન વૃતાંતમાં આપણને તેઓ તેમના સમકાલીન જરૂરિયાતમંદોને મદદ કરતા જોવા મળે છે. અનેક રીતે “મા” આપણી મદદરૂપ થાય છે. સવારમાં ઉઠતાવેંત ઘણા લોકો માનુ રટણ કરતા-કરતા ઉઠે છે, આજના દિવસ માટે મા તમારો તથા તમારા પુત્ર પ્રભુ ઈસુનો આભાર માને છે.

એટેલે જ વહાલા ભાઈ-બહેનો માનો મહિનો એ મે મહિનો આખા વિશ્વભરમાં મે મહિનામાં માનુ રટણ સૌ શ્રધ્ધાળુ ભાઈ બહેન કરતા હોય છે. દરેક જગ્યાએ ગામે ગામ, શહેરમાં કે સોસાયટીમાં જે જગ્યાએ માતા મરિયમની પવિત્ર ટેકરી બનાવેલ હોય છે, ત્યાં ત્યાં લોકો સવારે અને સાંજે ગુલાબમાળાની ભક્તિ અચૂક કરતા હોય છે. નોકરી ઉપર જતા કે આવતા એક દસકો “પ્રણામ મારિયા” બોલતા હોય છે. અમારા ગામમાં તો ઘણા પાટીદારો પણ શ્રધ્ધાથી રાત્રે ચોકલેટ પ્રસાદ મોકલાવતા રહે છે, એટલે જ માની મમતા-માનો પ્રેમ દરેક વ્યક્તિને અચૂક મળતો જ રહે છે. બસ મા પર શ્રદ્ધા રાખો તો મા આપણી મનોકામના પૂર્ણ કરશેજ.

“પ્રેમને સાકાર થવાનું મન થયું... ને આપણી સૌની માનું સર્જન થયું.”

એટલે જ આપણે મે માસની શરૂઆત થાય અને માતા પ્રત્યેના ઋણો (અપાર પ્રેમ) યાદ આવવાની હારમાળા સર્જાય છે.

“મા” દુનિયાનો સૌથી મીઠો શબ્દ.... જે બોલતા જ મોમાં મીઠાશ વ્યાપી જાય છે, કેમકે મા શબ્દ જેવી મીઠાશ બીજા કોઈ શબ્દમાં નથી.

“મા” એ આપણી માતૃભાષાનું એકમાત્ર એકાક્ષરી કાવ્ય છે, મા જેવા સૌથી નાનકડા શબ્દ પાછળ ના જાણે કેટલીય મોટી જવાબદારી અને કેટલાય મીઠા સ્પંદનો છુપાયેલા છે, આ એકાક્ષરી શબ્દનું જો વર્ણન કરવા બેસીએ તો આખે આખુ મેગેઝીન ભરાઈ જાય.

તો ચાલો આપણે સદા મા માં વિશ્વાસ રાખી માની ભક્તિ કરતા રહીએ તો આપણી ખંભોળજની અનાથોની માતા આપણી મનોકામના પૂર્ણ જરૂરથી કરશે જ. અને સદા આપણા કુટુંબમાં તેની કરુણા આશીર્વાદ તે વરસાવશેજ તો દરેક શ્રધ્ધાળુ ભાઈ-બહેન મે મહિનામાં માતાજીના વધામણા જરૂરથી ગાય અને તેની પ્રશંસા સદા કરતા રહે તેવી કૃપા કરો.

પ્યારી મા જગમે જનમી મા, તુ તો પાલતી થી,
પોસતીથી ગલે લગાતી થી પ્યારી મા મેરી પ્યારી મા.

---

# પ્રેમનું ઝરણું

૧. પ્રેમ તણું આ ઝરણું થઈને ?
પ્રેમ સદા એ વહાવતી જાય....
લાખો જાણે આ લાડ લડાવી
હેત એવા એ વરસાવતી જાય....પ્રેમ......

૨. જગનો એવો એ આધાર બની
જીવન એવું એ વિતાવતી જાય
આપે શીખ એ સોનેરી સૌને
ઘણું ઘણું આ સમજાવતી જાય....પ્રેમ....

૩. હરદમ બતાવે એ રાહુ સાચા
આફત સઘળી જાણે હટાવતી જાય...
મીઠું હસે મુખેથી પળ પળ એ
સૌને પણ એ હસાવતી જાય....પ્રેમ.....

૪. આપે સંસ્કાર સારા વળી
સંસ્કારી એવા એ બનાવતી જાય....
મમતાની એ મૂર્તિ સાચી છે,
સેવા ધર્મ નીજ બજાવતી જાય....પ્રેમ....

પ્રેમ એનો એ સોનેરી આનંદ સૌને આપતી જાય
એવી છે, એ અમારી અનાથઓની આપણી પ્યારી મા....

**-રાજેશભાઈ પરમાર (ઓડવાળા)**

# પ્રભુ પુરુ પાડશે...

-ડૉ. આર. કે. પરમાર, નડીયાદ

સાહેબ કાલે અમે બન્ને બતે મહીના માટે અમેરિકા ફરવા જઈએ છીએ એક મહીના પહેલા હું બસ સ્ટોપ પર ઉભેલો ત્યારે સેમ્યુલભાઈએ મારી પાસે આવીને ઉપરના શબ્દો કહેલા. હું વિચાર કરતો થઈ ગયો જે માણસ હાથ મજુરી કરે છે અને પાર્ટ ટાઈમ ચાની લારી કરે છે અને તે અમેરીકા ફરવા જાય છે. એટલે મને આશ્ચર્ય થયું અને હું વિમાસણમાં પડી ગયો.

સાવ સત્ય ઘટના. મારી અને સેમ્યુલભાઈની ઓળખાણ ફક્ત એકવાર હું અને મારો મિત્ર તેમની લારીએ ચા પીવા ગયેલા ત્યારે થયેલી. વાત વાતમાં મારા મિત્રએ મને ડોક્ટર તરીકે સંબોધતાં સેમ્યુલભાઈના કાન સરવા થયેલા અમે ચા પીને રવાના થતા હતાં ત્યાં સેમ્યુલભાઈએ તેમના પગે થયેલ ખરજવું બતાવેલું અને કહેલું સાહેબ બહુ વખતથી આ ખરજવું મટતું નથી કોઈ દવા -ટયુબ લખી આપોને. અને મે તેમને દવા અને ટયુબ લખી આપેલી અને તેમને સારું થઈ ગયેલું. બસ આટલી ઓળખાણ.

પછી તો મને જ્યારે જોવે એટલે ગુડમોર્નિંગ સાહેબ અને સાહેબ થોડી ચા પીવો આ બે વસ્તુ રોજની થઈ ગઈ. હું ગુડમોર્નિંગનો જવાબ હકારમાં આપતો અને ચાનો જવાબ નામાં આપતો. પણ રોજ તેઓ આગ્રહ કરતા અને હું વિનમ્રપણે નકાર કરતો.

અને આજ સેમ્યુલભાઈ અમેરિકા જઈ રહ્યા છે ત્યારે મને ખુબ આશ્ચર્ય થયું. અને એખ રવિવારે અચાનક તેમણે મને બૂમ પાડી સાહેબ આજે તો ચા પીવી જ પડશે. આજે ક્યાં ક્લિનીક પર જવાનું છે. રવિવાર હતો અને ટાઈમ પણ હતો. અને મારા મનમાં ઉદભવેલી શંકાનું સમાધાન પણ મારે કરવું હતું. એટલે હું ચા પીવા ગયો. તેમણે મારા માટે સ્પેશ્યલ ચા બનાવી ટેબલ આપ્યુ. હું ટેબલ પર બેસી ચા લીજ્જતથી પીવા લાગ્યો.

મેં વાત કાઢી સેમ્યુલભાઈ આમ અચાનક અમેરીકા જવાનું કેમનું થયું. લોટરી લાગી કે શું. મેં હસતાં હસતાં કહ્યું. અને તેમણે મને જે કહ્યું તે હું તેમના શબ્દોમાં જ જણાવું.

સાહેબ વીસ વર્ષે લગ્ન કરેલા, ડોહા ડોહી પાસે કશુંજ નહીં. હું મોટો એકનો એક. ડોહા મજુરીએ જતા ડોશી પણ મજુરીએ જતી. લગ્ન કરેલા એટલે મારેય મજુરીએ જવું પડતું. મજુરીએ ના જઈએ એ દિવસે પેટને ફરજીયાત ઉપવાસ કરવો પડતો એવી સ્થિતિ. હું અને મારી વાઈફ દરરોજ મજુરીએ જતા. ફક્ત રવિવારે રજા. એટલે વિશ્રામવાર. પ્રભુનો વાર એટલે ચર્ચમાં જવાનું એટલે જવાનું. બાકીના બધા કામ પછી. આવો એક અતૂટ નિયમ બનાવેલો. સમય જતાં બે બાળકો થયા અને તેમને પણ દેવળના સંસ્કાર આપેલા. તેઓ પણ અમારી સાથે નિયમિત દર રવિવારે ઠંડી હોય કે તાપ હોય કે વરસાદ હોય તેઓને લઈને અમે દેવળમાં જતાં.

સાહેબ, મોટા છોકરા માટે સૌરાષ્ટ્રથી માગુ આવ્યું. પૈસાનો વેત નહી. સામેની પાર્ટી મજબુત અને હું નબળો. મેં સામેની પાર્ટીને મારી પરિસ્થિતિ જણાવેલી. પણ તેમણે કહ્યું અમને વાંધો નથી. લગ્નની તારીખ નજીક આવતી હતી. મારા હૃદયમાં ધબકારા વધતા જતા હતા. રાત્રે મારી પત્નિ સાથે દરરોજ લગ્નના ખર્ચ વિશે ચર્ચા કરતો કેવી રીતે લગ્ન કરીશું એની ચિંતા રોજ મને થતી, મારી પત્નિ ફક્ત એકજ શબ્દ કહેતી, પ્રભુ પુરુ પાડશે.

લગ્ન આડે દશ દિવસ હતા. મુંઝવણનો પાર ન હતો. લગ્ન જમણ, જાન માટે બસની સગવડ તથા ત્યાંનો વ્યવહાર આ બધું કેવી રીતે થશે. એના સતત વિચારો આતા. નિયમ મુજબ સવારે ચાની લારીએ જઈ ધંધાની શરૂઆત કરી. રોડની બીજી બાજુ એક કાર ઉભી રહી, મારી નજર તેમના પર પડી. એક ઘરાક આવ્યું એમ વિચારતો હતો ત્યાં પાંચમાં ધોરણમાં સાથે ભણેલો મારો મિત્ર ગાડીમાંથી ઉતર્યો. પહેલા તો મે ન ઓળખ્યો કારણકે તે અમેરિકાથી આવેલો. છેલ્લા ત્રીસ વર્ષથી ત્યાં સ્થાયી છે. તેણે મને બૂમ પાડી સેમ્યુલ મને ઓળખ્યો ? હું જોન તારો મિત્ર બાળપણનો, ના ઓળખ્યોને ? ક્યાંથી ઓળખે ? એક સામટા પ્રશ્નોનો મારો ચાલુ કર્યો. મેં તેને હાથ મિલાવ્યો પછી ટેબલ પર બેસાડી ચા પીવડાવી. ઘણી બધી વાતો થઈ અંતે જતાં જતાં કહ્યું અલ્યા દિકરાનું લગ્ન લીધું છે મને બોલાવજે, ઈન્ડીયા હજુ મહીનો રહેવાનો છું.

તેના છેલ્લા શબ્દો મારા હૃદયમાં તીરની માફક ઘુસી ગયા. એની અસર આંખમાં થઈ. આંખમાંથી પાણી નીકળી ગયું. તેણે જોયું ના જોયું કર્યું અને જતો રહ્યો. બપોરે ઘેર જમવા ગયો. ત્યાં તે અને તેનો ભત્રીજો જે અહીં રહે છે તે બાઈક લઈને આવ્યા. ડાયરેક્ટ પુછયું જાન માટે બસની વ્યવસ્થા કઈ તારીખે કરવાની છે. દિકરાને પરણાવ્યા પછી અહીં કેટલા માણસને બોલાવવાના છે જમવા. ફક્ત આંકડો આપ બાકીનું કામ જગદીશ પર (જોનભાઈનો

(અનુસંધાન પેજ ૧૩ પર)



# હસતા રહેજો...

-સુનિલ રાઠોડ, ખંભોળજ

ડૉક્ટર : તમારો આપેલો ચેક પાછો ફર્યો છે.

દર્દી : મારી કમરનો દુઃખાવો પણ પાછો ફર્યો છે.

મુલ્લા નસરુદ્દીન પાસે એક માણસ ગધેડો માંગવા આવ્યો.

મુલ્લાએ બહાનું બતાવીને કહ્યું : મારો ગધેડો તો નદીએ નહાવા ગયો છે ત્યાંજ ગધેડાએ અંદરથી ભુંકવાનું શરુ કર્યુ.

એ માણસ બોલ્યો : તમને ખોટું બોલતા શરમ નથી આવતી.

મુલ્લા નશરુદ્દીને કહ્યું તમારી સાથે મારે વાત કરવી નથી કારણ તું મારા કરતાં ગધેડાની વાત ઉપર વધુ વિશ્વાસ રાખે છે.

હેમા : મગન ! મારા માટે મંગાવેલ દસમાં ધોરણની ચોપડી તું લાવ્યો ?

મગન : દસમાં ધોરણની તો મળી જ નહીં તેથી પાંચમાં ધોરણની બે ચોપડીઓ લઈ આવ્યો છું. ચાલશે ને ?

મનુ : (પોલીસ સ્ટેશને જઈને) સાહેબ મને ફોનમાં ધમકી મળે રહી છે ?

પોલીસ : ભાઈ ફોનમાં કોની ધમકી મળી રહી છે ?

મનુ : ટેલીફોન કંપનીમાંથી ફોન આવી રહ્યો છે અને કહે છે તમે બીલ નથી ભર્યું તમારો ફોન બંધ કરી દઈશું.

## : સુવિચાર :

- ક્રોધ એ એક પ્રકારનું તોફાન છે તે આવે છે ત્યારે વિવેકને નષ્ટ કરી નાખે છે.
- જ્યાં સ્નેહ, સંસ્કાર, સહનશીલતા અને સહકાર હોય ત્યાં સ્વર્ગ હોય જ....
- જો આપ બીજાઓ માટે સારા હશો, તો પોતે સર્વોત્તમ બની રહેશો.
- આનંદ મેળવવા કરતાં આનંદ આપવાથી વધી ખુશાલી મળે છે.


(પેજ નં. ૯ નું ચાલુ, ટીનેજર્સ....)

ક્રિકેટર, બિઝનેસમેનો...) વગેરે પાસેથી કશી પ્રેરણા મળી રહી છે ?!

આવા માહોલમાં તમારી પાસે તો એટલું જ રહે છે કે બીજી પ્રેરણાઓ બાજુ પર મુકો અને તમે જ તમારા સંતાનની પ્રેરણા બની શકો એવું જીવન જીવવાની કોશિશ કરો. આ તબક્કે ફરારી કી સવારીનું એક દૃષ્ય ટાંકવાનું મન થાય છે. ટ્રાફીક સિગ્નલનો ભંગ કરવાના ગુનાનો સામેથી આવીને દંડ ભરવા જતા નાયકને પોલીસ પૂછે છે કે તેને ગુનો કરતાં કોઈ પોલીસે જોયો કે રોક્યો નથી તો સામેથી આવીને દંડ ભરવાની મૂર્ખામી એ કેમ કરે છે ?! ત્યારે નાયકે આપેલો જવાબ ખુબ માર્મિક છે, એ કહે છે પોલીસે તેને નથી જોયો પરંતુ સ્કૂટર પાછળ બેઠેલાં સંતાને તો તેને જોયો છે ને ! હાસ્યાસ્પદ લાગે તે સ્તરની એ પ્રમાણિકતા પાછળ એક અગત્યનો સંદેશ છે કે તમારું સંતાન તમને જુએ છે અને એક મનોચિકિત્સક તરીકે મારો ઉમેરો છે કે એ અજાગ્રત રીતે તમને અનુસરે છે. દારુની પાર્ટીઓ કરીને તમારા સંતાનને તમે નશાબંધીના પાઠ ના ભણાવી શકો. પત્ની ઉપર હાથ ઉપાડતા મોટાભાગના પુરુષોએ નાનપણમાં પોતાના પિતાને એ કૃત્ય કરતાં જોયેલા હોય છે. માનવ મનની એક નબળાઈ કાયમ રહી છે કે એ હકારાત્મક બાબતની સરખામણીએ ઘણી સરળતાથી નકારાત્મક બાબત તરફ ખેંચાય છે, પ્રભાવિત થાય છે કે અનુસરવા લલચાય છે પરંતુ તેમ છતાંય તે મોટું પણ ચોક્કસપણે હકારાત્મક બાબતોને પણ અનુસરે તો છે જ, જો એ બાબતો કે આદતો તમારા વર્તનમાં હોય તો !

ડૉ. હંસલના વિચારો ઉત્તમ છે. તે જણાવે છે કે ટીનેજર્સને સમજ્યા, સાંભળ્યા કે જાણ્યા વગર જે વ્યક્તિઓ એમના વિશે અભિપ્રાય બાંધે છે તેમના પ્રત્યે તીવ્ર અણગમો હોય છે.

દુનિયાભરના લોકોના આદર્શ બનવું સહેલું છે પરંતુ તમને નખશીખ ઓળખતા તમારા પોતાના સંતાનના આદર્શ બનવા માટે તો તમારે સાચા અર્થમાં ઉતકૃષ્ટ જ હોવું પડે !



# રોટી ડે

**-જોન ફિલીપ મેકવાન, વડતાલ**

આપણા દેશની પ્રજા ઉત્સવપ્રિય મિજાજ ધરાવે છે, ઉપરાંત વિવિધ ધર્મો અને સંસ્કૃતિઓથી યુક્ત આપણા દેશની પ્રજા પ્રાચીન સભ્યતા, ધાર્મિક રુઢીઓ અને પરંપરાઓમાં અટલ વિશ્વાસ ધરાવે છે. ઋષિમુનીઓના યુગથી ભારતવર્ષમાં હજી પણ ઘણી જગ્યાએ ગુરુ શિષ્યની પરંપરા તથા માતા પિતાને ભગવાનનો દરજ્જો પ્રાપ્ત છે. એટલું જ નહીં પણ અહીં તો નદીઓ અને પત્થરો પણ દેવની જેમ પૂજાય છે. આવી વિભિન્ન, નિરાળી, સંસ્કૃતિ અને પ્રકૃતિ ધરાવતી આપણી પ્રજા પોતાના ઉત્સવો ઘણાજ હર્ષોલ્લાસથી ઉજવે છે. અને તેમાં અન્ય ધર્મના લોકો પણ ભાગ લે છે. અને આવા ઉત્સવોમાં ધાર્મિકતાનું સ્થાન સૌથી મોખરે હોય છે.

પરંતું છેલ્લા કેટલાક વર્ષોથી જોવામાં આવ્યું છે કે આપણે શિક્ષણ થકી ઘણોજ આર્થિક વિકાસ કર્યો છે. અને ખાસ તો આખા વિશ્વમાં સાયન્સ અને ટેકનોલોજીએ તેજ ગતિથી હરણફાળ ભરી છે. તેના પરિણામ સ્વરૂપ આધુનિકતા એ આજની યુવાપેઢીમાં પશ્ચિમીકરણની ઘેલછા નિર્માણ કરી દીધી છે. ઠેર ઠેર યુવાનો લગ્નો હોય કે સમારંભો તેઓ આધુનિક વસ્ત્રોમાં અને એટીકીટમાં સજ્જ દેખાશે. ટુંકમાં તેમના પર ભૌતિકવાદ હાવી થઈ ગયો છે. ઉપયોગ આપણા તહેવારોમાં સ્પષ્ટ દેખાય છે. પરીણામે પર્વોની ઉજવણીમાં ધાર્મિકતા અને આપણી ભારતીય પરંપરા નષ્ટ થઈ રહી છે. દા.ત. હાઈટેક નવરાત્રી ગરબા તથા ડીસમ્બરની ૩૧ મી નાઈટ વગેરે ઘણા ઉદાહરણો આપી શકાય તેમ છે. આજના યુવાનોને બધુંજ ઈન્સ્ટન્ટ અને વધુ રોમાંચ અને આનંદ અપાવે તેવા ઉત્સવો અને ઉજવણીઓમાં વધુ રસ હોય છે. જેમાં ધાર્મિક્તા માટે અવકાશ હોતો નથી. તેઓને ચિલાચાલુ સાદગી જરાય પસંદ હોતી નથી. મોંઘા મોઘા મોબાઈલ, ટુ વ્હીલર કે ફોર વ્હીલર વાહનો સાથે ઈન્ટરનેટનો બહુશ્રુત અપાવે છે. આધુનિકતા અપનાવવી ખોટી નથી પરંતુ તેના લીધે આપણી મૂળ પરંપરાઓનો ભોગ ન લેવાય. તથા તેનો જરૂરીયાતના આધારે મર્યાદિત ઉપયોગ થઈ શકે છે.

આજના યુવાનો જે ઉત્સવો ઉજવે છે તેમાં ફાધર્સ ડે, મધર્સ ડે, ટિચર્સ ડે, ચિલ્ડ્રન ડે, વિમન્સ ડે, અને હવે ફ્રેન્ડ્રશીપ ડે તથા વેલેન્ટાઈન ડે. જો કે આ બધા પર્વો જરૂર ઉજવવા જોઈએ કારણ કે તોજ જીવન જીવવા જેવું લાગે. પરંતુ તેનું મૂલ્ય અને ગંભીરતાને સમઝવાની જરૂર છે. ફ્રેન્ડશીપ ડે અને વેલેન્ટાઈન ડેના દિવસે યુવાનો અરસપરસ પર એકબીજાને પ્રભાવિત કે મોહીત કરવા માટે અસંખ્ય પાર્ટીઓનું આયોજન કરે છે. જેના લીધે આવા ઉત્સવો માટે ખાસ પ્રોડ્ક્ટ બનાવતી મલ્ટીનેશનલ કંપનીઓ કરોડો રૂપિયાનો વેપાર કરે છે. અને વધુમાં યુવાનોની વિવિધ ઈચ્છાઓને તૃપ્ત કરવા માટે મોટી મોટી હોટલો, રેસ્ટરન્ટો અને ગેસ્ટ હાઉસો પણ રોકડી કરી લેતા હોય છે. આટલું વાંચ્યા બાદ હવે આપણે તેનું બીજુ પાસુ પણ જોવાની જરૂર છે. એક તરફ ઉપરોક્ત જણાવ્યા મુજબ મોજ મજા અને પૈસાની રેલમછેલ છે. તો બીજી તરફ દેશમાં ઘણી જગ્યાએ ગરીબી, બેકારી અને ભૂખમરા જેવી મુશ્કેલીઓનો સામનો કરતી આમ પ્રજા પણ છે. જેને બે ટંક પૂરતુ ખાવાનું પણ નથી મળતું. આખા દેશમાં અસંખ્ય સ્ત્રી પુરુષો અને બાળકો રાત્રે ભુખ્યા સુઈ જાય છે. આપણે ઘણાને એઠવાડમાંથી ખાતા જોયા હશે. તેમની પાસે પહેરવા માટે વસ્ત્રો નથી હોતા. રહેવા માટે માથે છત નથી હોતી અને યોગ્ય ખોરાકના અભાવના લીધે તો કુપોષણના રોગોથી પીડાય છે. પરંતુ તેમની સામે જોનાર કોઈ નથી. મોટા મોટા શ્રીમંતોના શાહીલગ્નો, સમારંભોમાં કરોડો રૂપિયાના ધુમધડાકા થાય છે. શુ આપણી ફરજ નથી કે આવા અન્નભૂખ્યા લોકો માટે પોતાનો અવાજ બુલંદ કરીએ. આપણા દેશના મોટા મોટા તીર્થસ્થાનોમાં અધધધ થઈ જાય તેટલો અઢળક પૈસો તથા સોનુ ચાંદી અને ઝવેરાત દાન ધર્માદારુપે આવે છે. જેનો ઉપયોગ ખરેખર આપણી ગરીબ પ્રજા માટે કરવામાં આવે તો દેશની ગરીબી સંપૂર્ણ નાબૂદ થઈ શકે છે. પરંતુ સરકારનું ધ્યાન આવા દેવસ્થાનો તરફ જતુ નથી. ઉદાહરણ તરીકે કહી શકાય કે દક્ષિણ ભારતમાં મુખ્ય તિરુપતિ બાલાજી મંદીર તથા મહારાષ્ટ્રમા શિરડીમાં સાંઈ બાબાનું મંદીર વગેરે ઘણા બધા ધનાઢય દેવસ્થાનો છે.

લગ્નો, સમારંભ અને ઉત્સવો પ્રતિ આટલો ઉંચો અને વિશાળ મહીમા આપણે ધરાવીએ છીએ તો પછી આ શ્રેણીમાં વધુ એક પર્વ કે ઉત્સવ રોટી ડે  ને કેમ ન જોડી શકાય ? આ ઉત્સવને વર્ષમાં એકથી વધુ વખત જો ઉજવવામાં આવે તો આપણા દેશના ઘણા બધા ગરીબ અને અન્ન ભૂખ્યા લોકોને તેનો લાભ મળશે. તેમની આંતરડી ઠરશે અને તેમના મૂક આશીર્વાદ પણ મળશે. જે ઈશ્વરની નજરમાં શ્રેષ્ઠ કાર્ય ગણાશે. રોટી ડે પર્વની

ઉજવણી કરવામાં આવે તો આપણા દેશનો કોઈ ગરીબ રાત્રે ભૂખ્યો નહી સુઈ જાય. પૈસાનો અને અન્નનો જે બગાડ થઈ રહ્યો છે તે આવા દરિદ્ર એ ભૂખ્યા લોકોના પેટમાં જશે તો પ્રભુ આપણને બમણું આપશે. તેમાં શંકાને સ્થાન નથી. આ એક વિચારવા લાયક અને ગંભીર બાબત છે. જો કે ઘણી બધી સેવાભાવી સંસ્થાઓ આ દિશામાં કાર્યરત છે પરંતુ તે પુરતું નથી. ખરેખર આપણે માનવહિતના કાર્યમાં સૅદૈવ તત્પરતા દાખવવી જોઈએ અને આ રાષ્ટ્રવ્યાપી સામાજિક દૂષણને આવા રોટી ડે જેવા ઉત્સવો થકી નાબૂદ કરી શકાય છે.

આજના યુવાનોને મારી નમ્ર વિનંતી છે કે બીજા બધા ઉત્સવો સાથે તેઓ રોટી ડે જેવા પર્વને ઉત્સાહ અને ઉમંગથી વધાવી લે અને ગરીબો પ્રતિ સહાનુભૂતિ દર્શાવે તો નક્કી જ આપણે પ્રભુ ઈસુને સાચા દિલથી ચાહીએ છીએ તે સાબિત કરવાની જરૂર નહી પડે. ઉપરાંત આપણા વડાધર્મગુરુ પોપ ફ્રાન્સિસે તપઋતુ દરમ્યાન ધર્મજનોને સલાહ આપી છે. (દૂત લેખ માર્ચ ૨૦૧૮, ઉપવાસ અંગે વડાધર્મગુરુની સલાહ, સંકલન તંત્રીશ્રી) કલમ-૭માં ભૂક્યા સાથે વહેંચીને ખાવું, ઘર વગરનાને પોતાના ઘરમાં આશરો આપવો, ઉઘાડા ને જોતા તેને વસ્ત્રો પહેરાવવા. અને માનવબંધુઓને ભીડમાં જોઈને આંતરડી ઠારો, તો તમારો પ્રકાશ અંધકારમાં પ્રકાશી નીકળશે અને સંધ્યાકાળ તમારે માટે બપોરની જેમ ઝળહળાં થશે.

છેલ્લે પ્રભુ ઈસુના દૂત સમા વડા ધર્મગુરુ પોપ ફ્રાન્સિસના આ શબ્દો છે તેને ગ્રહણ કરવાની આપણા સૌની ફરજ છે.

**વર્ષ : ૫ અંક-૧૮ એપ્રિલથી જૂન ૨૦૧૮ માં બાઈબલ કવીઝ પ્રશ્નોના સાચા ઉત્તરો આપનાર**

૧. સુનિલ જે. પરમાર -વડતાલ
૨. ખુશી બેન હિતુલભાઈ પરમાર -કરમસદ
૩. દિવ્યાબેન સુરેશભાઈ પરમાર -વિદ્યાનગર
૪. ચેતનકુમાર પી. પરમાર -કરમસદ
૫. અંજનાબેન એસ. વાણીયા -નરસંડા

"આપણી મા" બાઈબલ કવીઝમાં વિજેતાઓને સભાપુરોહિત પૂ. ફા. લોરેન્સના હસ્તે ઈનામ આપવામાં આવશે.

-"**તંત્રી મંડળ, આપણી મા**"

# :: બાઈબલ ક્વિઝ ::

૧. ઈસુએ પોતાનું પ્રેષિતિક કાર્ય કયા પ્રદેશથી શરુ કર્યું.
(અ) ગાલીલ (બ) ચેરિયા
(ક) યહુદા (ડ) ઈદુમિયા

૨. ઈસુએ પોતાના શિષ્યોને જાઓ અને બધી પ્રજાઓને શીખવાડો અને મારા શિષ્યો બનાવોનો મહાન આદેશ ક્યાં આપ્યો હતો ?
(અ) યરૂશાલેમ (બ) બેથેની
(ક) બેથલેહેમ (ડ) ગાલીલ

૩. એક પણ પથ્થર બીજા ઉપર રહેવાના નથી. નીચેના કયા શહેર વિશે કહેવામાં આવ્યું ?
(અ) યરૂશાલેમ (બ) સોદોમ
(ક) ગોમોરા (ડ) બાબીલોન

૪. પયગંબરને બધેજ સન્માન મળે છે, મળતું નથી માત્ર પોતાના વતનમાં અને પોતાના ઘરમાં. એવું કોણે ક્યાં કહ્યું ?
(અ) ઈસુએ નાઝરેથમાં (બ) યોહાને યદન નદીમાં
(ક) પીતરે સભાગૃહમાં (ડ) પાઉલે સરપશાલેમમાં

૫. ગામનો દીકરો ગામમાં ન પૂજાય ઈસુએ આ વાક્ય ક્યાં ઉચ્ચાર્યું હતું ?
(અ) નાઝરેથ (બ) બેથલેહેમ
(ક) કફરનહુમ (ડ) બેથની

૬. ઈશ્વરને જગત ઉપર એટલો તો પ્રેમ હતો કે તેણે પોતાનો......

૭. બહારની કોઈપણ વસ્તુ માણસની અંદર જઈને તેને અભડાવી શકતી નથી પણ ...................

૮. હું દયા ઈચ્છુ છું નહીં કે ..........................

૯. હું જ માર્ગ છું .............................

૧૦. ઈશ્વરની વાણી જેવી જમીન તેવો પાકમાં ................. ની સમાન છે.

**નિયમો :** બાઈબલ ક્વિઝમાં શાળા કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. તા. ૩૧-૭-૨૦૧૮ સુધીમાં આપના જવાબ પેરીશ ઓફિસમાં પૂ. ફાધરને અથવા તંત્રીશ્રીને આપવા. સરનામું કે ચર્ચ ખંભોળજ તંત્રીશ્રીનું સરનામું : ગોકુલધામ સોસાયટી, ચર્ચની સામે, ખંભોળજ, મકાન નં. -૪૦, તા. જી. આણંદ. સાચા જવાબ આપનારના નામ આવતા અંકમાં જાહેર કરવામાં આવશે. યોગ્યતા મુજબ પુરસ્કાર પણ આપવામાં આવશે. સ્પર્ધામાં પેરીશ પ્રિસ્ટનો નિર્ણય આખરી રહેશે.

**તૈયાર કરનાર : મહેન્દ્ર પી. વાણીયા, અલ્પેશ-૨, પાધરિયા, આણંદ.**

# જીવન બદલો

**-ઈમાનુએલ (ઈમુ) -રાસનોલ**

આ જગતની દરેક સ્ત્રીઓને માતા બનવાના અરમાન હોય છે, અને તેના માટે માનતાઓ પણ રાખે છે. જ્યારે તે માતૃત્વ ધારણ કરે છે, ત્યારે તે આનંદીત હોય છે. બાળક પણ માતાના પ્રેમ, લાગણી અને હૂફનો અનુભવ કરીને નિશ્ચિતપણે માના ખોળામાં આરામ મેળવી શકે છે, જ્યારે તે વૃદ્ધિ પામે છે ત્યારે પહેલું શિક્ષણ તેને તેની મા તરફથી મળે છે. માતા તરફથી મળેલા સંસ્કાર બાળકના જીવનનો માર્ગ પસંદ કરવામાં ખુબ જ મહત્વનો ભાગ ભજવે છે.

ઘણી એવી સ્ત્રીઓ છે કે જે હજુ સુધી મા બનવાના અરમાન પુરા કરી શકી નથી. તેથી તેઓ ખૂબજ દુઃખ અને વેદના અનુભવે છે. પરંતુ જે સ્ત્રીઓ માતા બની ચુકી છે. તેઓ શું તેમના બાળકોથી ખુશ છે ખરી ? તેમણે બાળકોના ઉછેર માટે તનતોડ મહેનત કરી ભૂખ તરસ વેઠી અને તેમને ભણાવ્યા અને તેમને સુખી જોવા જીવન ઘસી નાખ્યું છતાં પણ તમને તમારા બાળકો તરફથી સંતોષ કે શાંતિ મળી છે ખરી ? શું તમારા બાળકો તમારી સાથે રહીને ઘડપણમાં તમારી સેવા કરે છે ખરાં ? આ બધા પ્રશ્નોનો જવાબ છે... ના, કારણકે આ અધૂરી કેળવણીની નિશાની છે, માતાઓ તમે જગતનું જ્ઞાન મેળવ્યું અને તે જ્ઞાનમાં તમારા બાળકો પણ મોટા થયા પરંતુ જે ઈશ્વર તરફથી મળે છે તે પવિત્ર બાઈબલનું જ્ઞાન તમે મેળવ્યું ખરું ? શું તમે માતા મરીયમની જેમ પ્રભુને આધીન જીવન જીવો છો ખરા ? તમે નિયમિત દેવળમાં જઈને અત્યાર સુધી બાઈબલ મનન અને પ્રાર્થના સહીત તેમની આંખોને આરામ આપ્યા વિના ધર્મગુરુઓએ આપેલા અસંખ્ય સંદેશાઓ તમે સાંભળ્યા હશે, પરંતુ શું તમે એ સંદેશાને તમારા જીવનમાં ઉતાર્યા છે ખરા ? તમે કદી એવો વિચાર કર્યો છે કે આપણા જીવનને નાશમાં જતુ બચાવવા માટે ઈશ્વરે તેમના વહાલા દિકરા પ્રભુ ઈસુનું બલિદાન આપ્યું (યોહાન ૩ : ૧૬) તો આપણે શું કર્યું ? ઘણી માતાઓ ચાલીશ ઉપવાસ કરતી હોય છે. પરંતુ શું તેઓ તેમની જીભને પાપ કરતા રોકી શકે છે ખરા ? વર્ષોથી ગામડાની સ્ત્રીઓમાં એક બાબત ચાલતી આવી છે કે જ્યાં બે-ચાર સ્ત્રીઓ ભેગી થાય એટલે શેતાન હાજર થઈ જાય. અદેખાઈ, ઈર્ષ્યા, ખટપટ, ભુંડી વાતો અને કોઈના સુખી જીવનમાં આગ લગાવવાનું ચાલુ થઈ જાય. આ બધું જ શેતાનનું કાર્ય છે. જેઓ ઈશ્વરથી દુર રહે છે તેમને શેતાન તેના ગુલામ બનાવી દે છે, બાઈબલ કહે છે કે સમયનો સદઉપયોગ કરો કેમકે દિવસો ભૂંડા છે, આજની સ્ત્રીઓ જો તેમનો સમય બાઈબલ વાચન અને પ્રાર્થનામાં વિતાવે તો શેતાન તેમની નજીક આવી શકશે નહીં. અને હંમેશા પ્રભુની શાંતિ તેમના હૃદયમાં રહેશે. પરંતુ આજની માતાઓને આવું ઈશ્વરની આધીનતામાં રહેવાનું ગમે છે ખરું ? માતઓ તમેજ તમારા પિતા પરમેશ્વરને આધીન નહી રહો તો પછી તમારા બાળકો તમને કેવી રીતે આધીન રહેશે ? માતાઓ તમે તમારા બાળકોથી પરેશાન હોય અને તેમને સુધારવા માગતા હોય તો પહેલા તમે તમારી જાતને બદલો પછી જુઓ કે ઈશ્વર તમને અને તમારા બાળકોને કેવો આશીર્વાદ આપે છે.

ઘણી સ્ત્રીઓ તો વ્યસનો અને વ્યભિચારમાં એવી ફસાયેલી હોય છે કે તો પોતાની જાતને ખ્રિસ્તી કહેવડાવે છે પરંતુ તેમની પાસે ખ્રિસ્તી જીવન શું છે તેનું જ્ઞાન હોતું જ નથી. ઈશ્વર ભક્તિ અને પ્રાર્થનાના અભાવે શેતાન તેમનો ઉપયોગ કરીને નાશના માર્ગે લઈ જાય છે. અને ભૂંડુ કરાવે છે. (૨ કાળવૃતાત ૧૨ : ૧૪) તેણે દુષ્ટતા કરી કેમકે યહોવાની ભક્તિ કરવામાં મન લગાવ્યું નહીં. ઘણી માતાઓ પોતાના દુષ્ટ કાર્યોનો બદલો લેવા અને પોતાના પાપ છુપાવવા માટે તેમના નિર્દોષ બાળકોનું જીવન બરબાદ કરે છે. તેથી બાઈબલમાં પણ ઘણી સારી અને ખરાબ માતાઓ વિશે લખવામાં આવ્યું છે. ઘણી માતાઓ તેમના બાળકોને ખોટું શિક્ષણ આપીને તેમની પાસે પાપ કરાવે છે, ઘણા બધા બરબાદ થયેલા જુવાન છોકરા-છોકરીઓના જીવનમાં બરબાદીનું કારણ તેમનાજ માતા પિતા હોય છે. કારણ કે ઘણી માતાઓ તેમનું વેર વાળવા પોતાના બાળકો પાસે ખોટુ કરાવે છે.

માથ્થી ૧૪ : ૮ ત્યારે તેની માના સમજાવ્યા પ્રમાણે તે બોલી કે યોહાન બાપ્તિસ્માનું માથું મને કથરોટમાં આપ, શું કોઈ મા તેની દિકરી પાસે આવું પાપ કરાવે ? ના તો પછી આવું કેમ બન્યું ? કારણ કે વેરની ભાવના હૃદયની કડવાશ (માર્ક ૬ : ૧૯) હેરોદિયા તેના (યોહાન બાપ્તિસ્મા) પર અદાવત રાખતી હતી. ૨ કાળવૃતાત ૨૨ - ૩ : ૪ તેની મા તેને દુષ્ટ કૃત્યો કરવાની સલાહ આપતી તેથી તેનો નાશ થયો, આવી માતા તેના બાળકનું ભલુ કરી શકે ?

માતાઓ તમે તમારા બાળકોના ઉજ્જવળ ભવિષ્ય અને ઘડપણમાં તેઓ તમારી સેવા કરે અવી આશા રાખતા હોય તો પહેલા તમે નમ્ર બની તમારું જીવન પ્રભુને અર્પણ કરો અને માતા મરીયમની જેમ ઈશ્વરની દાસી બનો, માથ્થી ૩ : ૨ પસ્તાવો કરો કેમ કે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે... માતાઓ સાચા હૃદયથી ફક્ત એક જ વાર તમારા પાપ ઈશ્વર સામે પસ્તાવા સહીત કબૂલ કરો અને પવિત્ર જીવન જીવો, પ્રભુ ઈસુ તમને માફ કરીને તમારું જીવન બદલી નાખશે... આ મારો અંગત અનુભવ અને વિશ્વાસ છે. પ્રભુ દરેક વાચકોના કુટુંબને આશીર્વાદીત કરે તેવી પ્રાર્થના.

# મનની શક્તિ

-શૈલેષ ક્રિસ્ટી, નડિયાદ

એક સ્વસ્થ મનુષ્ય મૃત્યુની નજીક પહોંચે છે ત્યારે, તેની પાંચેય ઈન્દ્રિય શિથિલ થઈ ગઈ હોય છે. આંખો નબળી, હાડકાં બરડ થઈ ગયા હોય છે. ચામડીમાં કરચલીઓ પડી ગઈ હોય છે. આમ ૯૦% જેટલું શરીર ઘસાઈ ગયું હોય છે. પરંતુ મગજનો ફક્ત ૯% જેટલો જ ઉપયોગ થયો હોય છે. મગજ એ શરીરનો એક નક્કર પદાર્થ છે, શરીરનો ભૌતિક ભાગ છે. માણસની ખોપરી ખોલવામાં આવે તો આપણે તેને જોઈ શકીએ છીએ, સ્પર્શી શકીએ છીએ, તપાસી શકીએ છીએ. આમ મગજને કદ-આકાર અને વજન હોય છે.

જ્યારે મનને કદ, આકાર કે વજન, હોતું નથી. આમ મન દૃશ્ય ન હોવા છતાંય વ્યક્તિના અસ્તિત્વ સાથે ગાઢ રીતે સંકળાયેલું છે. મનને આપણે અનેક રીતે ઓળખીએ છીએ. જેમકે મન એ તોફાની ઘોડા જેવું છે, મન ચંચળ છે, મન પાપી છે. પણ વાસ્તવિકતા એ છે કે મન એક શક્તિનો અનન્ય ભંડાર છે.

આપણા મગજમાં જે વિચારો અને લાગણીઓ જન્મે છે. આ વિચારો અને લાગણીઓનો કેવી રીતે કઈ દિશામાં ઉપયોગ કરવો તે આ મન નક્કી કરતું હોય છે. આમ મન એક શક્તિ છે. પણ દુઃખની વાત એ છે કે આપણે આપણાં મનનો જોઈએ તેવો ઉપયોગ જ નથી કરતાં. જેવું પેલાં ભિખારીએ કર્યું તેવું આપણે કરીએ છીએ.

એક ભિખારી સડકને કિનારે બેસીને ભીખ માંગતો હતો. વીસ-પચ્ચીસ વર્ષથી એક જગ્યાએ બેસીને ભીખ માંગતા માંગતા જ તે મરી ગયો. તેના મૃત્યુ બાદ આજુબાજુનાં લોકોએ ભેગા થઈને તેની અંતિમક્રિયા પતાવી. પણ કેટલાંક  લોકોને થયું કે જગ્યા ઘણી ગંદી થઈ ગઈ છે. એટલે તેને સાફ કરાવવી જોઈએ. કેટલાક શાણા લોકોએ તો થોડું વધારે વિચારીને એ ગંદી જમીન-માટી ખોદાવીને ફેંકી દેવાની વાત કરી. એટલે એ જે જગ્યાએ બેઠો હતો ત્યાં ખોદવામાં આવ્યું અને ખોદકામ કરતાં એ જે જગ્યાએ બેઠો હતો ત્યાંથી હીરા, ઝવેરાત અને સોના મહોરોથી ભરેલો એક ખજાનો મળી આવ્યો. હવે કરૂણતા એ હતી કે એ ભિખારીએ આખી જિંદગી ખજાના ઉપર બેસીને ભીખ માંગી હતી.

મોટાભાગના લોકોની દશા આ ભિખારીના જેવી જ હોય છે. આપણી અંદર અનંત શક્તિ, ચેતનાઓ, બુદ્ધિમત્તા, ઉત્સાહ, ઉમંગ, કૌશલ્ય, સાફલ્ય, સ્વાસ્થ્ય, સ્નેહ, સહાનુભૂતિ, સમર્પણ, સફળતા, વગેરેનો છલોછલ ખજાનો પડયો છે. અને આપણે એને બહાર શોધીએ છીએ.

આપણે સૌએ આપણી ભીતર રહેલો ખજાનો શોધવાની, સમજવાની અને ઓળખવાની જરૂર છે. એ ખજાનો આપણી ભીતર છે પણ આપણે તેને ઓળખતા નથી એ ખજાનો એટલે આપણું મન. આપણી ભીતરનો ખજાનો એટલે સબકોન્સિયસ માઈન્ડ. અર્થાત્ અર્ધજાગૃત મન. મોટા ભાગના લોકોને એ પણ ખબર નથી હોતી કે આપણાને કેટલાં મન છે ? સામાન્યતઃ આપણાને સૌને એક જ મન છે પણ એની કામ કરવાની અવસ્થાઓ જુદી જુદી છે એટલે આપણે સમજવા માટે એને જુદા જુદા નામથી ઓળખીએ છીએ.

સૌથી અગત્યનું આપણું જાગૃતમન છે. જે દરેક સમયે અને દરેક પ્રવૃત્તિમાં જાગૃત હોય છે. આથી જ તેને જાગૃત અવસ્થા કે જાગૃતમન કહીએ છીએ. આપણે જે કોઈ પણ કાર્ય, વિચાર, કે પ્રક્રિયા કરીએ છીએ તે દરેક સમયે આપણાં જાગૃતમનમાં રહેતી નથી. જ્યારે તેની જરૂર હોય છે ત્યારે યાદ આવે છે. એનો અર્થ એ થયો કે કેટલીક બાબતો આપણા મનમાં તો હોય છે જ, મનનાં જાગૃત સ્તર ઉપર હોતાં નથી... તો એ ક્યાં હોય છે ? એ પ્રશ્ન થાય.

આ બધી બાબતો જે અવસ્થામાં જાય છે. તે અવસ્થાને અર્ધજાગૃત મન કહેવામાં આવે છે. જેને અંગ્રેજીમાં સબકોન્સિયસ માઈન્ડ એમ કહેવામાં આવે છે. જાગૃત મનને આપણે ૧૦% પ્રમાણમાં કલ્પીએ તો બાકીના ૯૦% એ અર્ધજાગૃત ભાગ છે. આ સ્તર ઉપર પડેલી બધી જ બાબતો જાગૃત મનમાંથી આવી હોય છે. આથી જાગૃત મન કરતાં અર્ધજાગૃત મનનો વિસ્તાર મોટો હોય છે. કોઈ વિચાર, બનાવ, લાગણી કે ઘટના આપણે ભૂલી જવા માંગતા હોઈએ તો તે જાગૃત મનમાંથી અદૃશ્ય થઈ જાય છે. અર્ધ જાગૃતમનમાં પણ તે જોવા મળતી નથી પણ ક્યારેક લાંબા ગાળે તમને યાદ આવી જાય છે.

એનો અર્થ એ થયો કે જાગૃત અને અર્ધજાગૃત મન સિવાય એવું એક સ્તર છે જ્યાં કેટલીક બાબતો વિચારો-લાગણીઓ સંગ્રહીત થાય છે, અને તે છે અજાગૃત મન જેને સુષુપ્ત મન કહે છે.  આ જાગૃત મન એ ઘણો મોટો વિસ્તાર છે. આમ મનમાં ત્રણ ભાગ છે અને મનનુ મુખ્ય કાર્ય જ વિચાર કરવાનું છે અને A men's life is what his thoghts make of it. આમ વિચાર થકી જ જિંદગી બને છે.

# અનાથોની માતા મરિયમની મળેલ કૃપા - આશીર્વાદોની સાક્ષી

(૧) હું આણંદમાં રહું છું. કોમ્પ્યુટર એન્જીનીયરીંગ પુરુ કર્યું છે. પહેલેથીજ ૮૯ ટકા ઓવરઓલ મળેલ છે. પ્રાર્થનામાં પુરી શ્રદ્ધા હતી. કેનેડા જવાની આગળ ભણવાની ઈચ્છા હતી. આઈસેટ મા થોડી ગફલત કે ગમે તે ગણાવી શકાય, બે વાર ૬, ૬.૫ બેન્ડ આવ્યા. પરંતુ સારી કોલેજમાં જવા ૭ બેન્ડ લાવવાની ઈચ્છા હતી. મનથી તુટી જવાયું હતું. પરંતુ ખંભોળજમાં માતા મરીયમની પ્રાર્થના હિંમતથી વધારે મહેનત કરી. શ્રદ્ધા રાખી ૭ બેન્ડ મેળવ્યા. આર્થિક રીતે કસોટીઓ ઘણી આવી. પણ ઈશ્વરની દયાથી બધુજ પાર પડી વીઝાની ફાઈલ મુકતા ૧૨ જ દિવસમાં વીઝા મળ્યા. માતા નો જય... ઈશ્વરનો જય.

**-લિઝા આર. પરમાર, આણંદ.**

(૨) વિલ્સન્ટ ગીલ્બર્ટના પત્ની મેરી વિલ્સન્ટ ગીલ્બર્ટ નોકરીમાંથી રીટાયર્ડ થયા બાદ મરણ પામેલા. ત્યારબાદ તેમનું મળવા પાત્ર પેન્શન બંધ થઈ ગયેલ. જેથી વિલ્સન ગીલ્બર્ટએ ખંભોળજ માતાની બાધરા રખતાં થોડા સમયગાળામાં પેન્શન મળવાનું ચાલુ થતાં તેઓ માતાના ધામે દોડી આવ્યા અને તેમણે રાજીખુશીથી ચર્ચને દાન આપેલ છે.

**-વિલ્સન ગીલ્બર્ટ, ધાર (એમ.પી.)**

(૩) હું નામે રીટાબેન નરોડાની રહેવાસી છું. મા અનાથોની ની સાક્ષી આપતા હર્ષની લાગણી અનુભવું છું. ઘણા સમયથી લગ્ન માટે માંગા આવતા હતા. આવીને વાત ચાલે પણ લગ્ન થતા ન હતા. મારા પડોશી દ્વારા મને મા અનાથોની વિશે વાત કરી, મેં નક્કી કર્યું કે મારે રવિવારે ખંભોળજ આવી.

માને વિનંતી કરી કે હે મા મારી નમ્ર અરજ છે કે મારું લગ્ન સારા કુટુંબમાં થાય. માએ મારી વિનંતી સાંભળી. મારા લગ્ન સારા છોકરા સાથે સારા ઘરમાં થયા. હું ખંભોળજ ફાધરને મળીને મારી આ હકીકત જણાવી કે ફાધર માએ મારા ઉપર મહેર કરી છે. મારી આ સાક્ષી છે. બોલો અનાથોની માતાનો જય....

**-રીટાબેન (નરોડા)**

(૪) હું નામે રમેશકુમાર ડાહ્યાભાઈ મેકવાન રહે. ખંભોળજ, ખ્રિસ્તી ફળીયું (મોટોવાસ). મા અનાથોનીની સાક્ષી આપતા હર્ષની લાગણી અનુભવું છું. ખંભોળજ ગામમાં આવેલ સેન્ટ્રલ બેંકમાં કેસ વિભાગમાં ફરજ બજાવું છે.

છેલ્લા ઘણાં સમયથી દિવસના અંતમાં મારે કેસનો તાળો મળતો નહોતો. આવતો ખિસ્સાના સો થી બસો રૂપિયા મુકવા પડતા હતા. જ્યારથી મને વાત મળી ને હું આપણી મા વાંચતો થયો ત્યારથી ફરજ પર આવતા પહેલા માને પગે લાગીને મારા કાર્યની શરુઆત કરું છું. આ વાતની સાક્ષી મે રેવ. ફાધર અરૂલને પણ આપી તથા તંત્રીશ્રીને પણ જણાવી છે. કે મારા જીવનમાં ખૂબજ મોટો ચમત્કાર થયો છે. મારે સાક્ષી આપવી છે મારા જેવા અનેકના દુઃખ દુર મા તું કર એજ મારી પ્રાર્થના છે. તીરથ રુડુ અનાથોની માતાનું ખંભોળજમાં માતા વરસાવે ઉફકાર હું તો દોડી આવું માતા તારે આશરે.

**- રમેશ ડી. મેકવાન, ખંભોળજ**

(૫) ત્રણ વર્ષનું બાળક જમીન પર પગ મુકતું નહતું. હું નામે લોકેસભાઈનો દીકરો રોહન છેલ્લા ત્રણ વર્ષથી ચાલી શકતો નીહતો. ચોથા વર્ષમાં પ્રવેશ કરે છે. પોતાનો પગ અદ્ધર રાખે છે. તેઓ ખંભોળજ આવીને મા અનથોની માનતા લે છે.

થોડાક સમયમાં તેમનો પુત્ર જમીન ઉપર પગ મુકીને ચાલતો થઈ જાય છે. પ્રથમ રવિવારે આવીને ફાધર અરૂલને સાક્ષી આપે છે કે અમારા જીવનમાં મોટો ચમત્કાર થયો છે. મારી વાતની સાક્ષી આપ આપો. બોલો અનાથોની માતાનો જય...

-લોકેશભાઈ પરમાર, વડોદરા (મકરપુરા)

# આમોદ પેરીશ ખાતે ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાયો

**-પ્રિતી પરમાર, ખંભોળજ**

તા. ૨૯-૫-૨૦૧૮ ને રવિવારના રોજ આમોદ પેરીશ ખાતે ધર્મસભા પવિત્ર ત્રૈક્યનું પર્વ ઉજવે છે. સાથે રેવ. ફાધર બિપીન વાઘેલા પરીશમાંથી વિદાય લઈ રહ્યા છે. તાબાના ગામમાંથી ૧૧૦ જેટલા યુવક યુવતી માટે યુથ ધમાકા કાર્યક્રમનું આયોજન. વક્તા ફ્રાન્સીસ કાનીસ. આમંત્રિત મહેમાનોના નામ નીચે મુજબ છે.

જશભાઈ પટેલ, સ્થાનિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીના પૂર્વ ચેરમેનશ્રી, જયંતિભાઈ વાઘેલા -આરોગ્ય વિભાગના અધિકારીશ્રી, હસમુખભાઈ પ્રજાપતિ -બી.આર.સી. કોડિનેટર, રીટા. પકંજભાઈ સાહેબ, કનુભાઈ સાહેબ, બ્રધર, નટવરભાઈ સાહેબ, અનિલ વાઘેલા -પી.એસ.આઈ. નડિયાદ, પારૂલબેન -મેડિકલ કૃષ્ણ હોસ્પિટલ -કરસમદ, રાહેલબેન, રેવ. ફાધર વેલી ઉપસ્થિત રહ્યા હતા.

સંચાલન તરીકે કન્વીનર શૈલેષ વાણીયાએ સેવાઓ બજાવી હતી. કાર્યક્રમને જુદા જુદા વિભાગોમાં વિભાજીત કરવામાં આવ્યો હતો. સવારે ૮-૩૦ કલાકથી લઈને સાંજના ૪-૦૦ કલાકે કાર્યક્રમની પૂર્ણાહુતિ ઠંડાપીણા આપી કરવામાં આવી.

# અનાથોની માતાનું તીર્થધામ સમાચાર

-શૈલેષ વાણીયા

તા. ૨૫-૩-૧૮ ને રવિવારના રોજ ઈસુની યરૂશાલેમની જીવંત યાત્રાના પ્રતીકરૂપે ખંભોળજ ચર્ચ ખાતે તાડપત્રના રવિવારની ઉજવણી કરવામાં આવી. મુખ્ય યાજક તરીકે રેવ. ફાધર નટુ ઉપસ્થિત હતા. ૮-૧૫ થી જુના દેવાલયે ધર્મજનો એકત્રિત થયા હાથોમાં તાડપત્ર સાથે હોસાનાના નાદ સાથે સરઘસ રુપે નવા ચર્ચમાં પ્રવેશ.

તા. ૨૯-૩-૨૦૧૮ પુણ્ય ગુરુવારના રોજ સાંજે ૫-૦૦ કલાકે ખ્રિસ્તયજ્ઞ મુખ્ય યાજક રેવ. ફાધર અરૂલ, રેવ. ફાધર નટુએ હાજરી આપી. તાબાના પ્રત્યેક ગામોમાંથી યાદ પ્રત્યાલન વિધિ માટે ભાઈઓની પસંદગી કરવામાં આવી. આપણામાં રહેતી નબળાઓ દૂર કરી મે કર્યું તે તમે પણ કરજો, ગુરુએ શિષ્યોના પગ ધોયા આપે પણ તેમજ કરવાનું છે, વિધિ પૂરી થયા બાદ પરમ પ્રસાદની આરાધના કરવામાં આવી. તાબાના ગામનો સાથ સહકાર જોવા મળ્યો. સાંજે ૭-૦૦ કલાકે યુવા-યુવતીઓ માટે આરાધના. સાંજે ૮ થી ૯ પુરુષો તથા મહિલાઓ માટે. રાત્રે ૯ થી ફાધરો-સિસ્ટરો માટે આરાધનાનું આયોજન કરવામાં આવ્યું. સૌએ ભક્તિભાવ પૂર્વક ભાગ લીધો.


તા. ૩૦-૩-૨૦૧૮ પવિત્ર શુક્રવારના રોજ થયેલ વિધિમાં મુખ્ય યાજક તરીકે રેવ. ફાધર નટુ હતા સાથે રેવ. ફાધર અરૂલ ઉપસ્થિત હતા. બપોરે ૨-૧૫ કલાકે ઈસુની પીડાની હૃદય સ્પર્શી અહેસાસ કરાવતી જીવંત ક્રૂસના માર્ગની દશ્ય શ્રાવ્ય ભક્તિ પ્રભુ ઈસુની ભૂમિકા રાઠોડ રાહુલ દ્વારા. સર્વ શ્રદ્ધાળુઓને ભક્તિમય વાતાવરણમાં ભાવવિભોર બનાવ્યા. ઈસુઓકના ઈન્દિરાબા, મહિલા મંડળની બહેનો યરૂસાલેમની રડતી સ્ત્રીઓ તથા માતા મરિયમની ભૂમિકા ભજવી હતી. અન્ય કલાકારો નીલ, વિસાલ, જોય, કેવિન નામી અનામી કલાકારોએ વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું.


ફાધર અરૂલે ખૂબજ મદદરૂપ બન્યા. રેવ. ફાધર નટુએ બાળકોને માર્ગદર્શન પુરું પાડયું. શૈલેષ વાણીયાએ અભિવ્યક્તિ માટે સુંદર જીવંત નાટીકા લખીને આપી. સર્વનો વ્યક્તિગત આભાર સભા પુરોહિત દ્વારા માનવામાં આવ્યો. ત્યારબાદ મહાવ્યથાનું વાંચન શૈલેશ સાહેબ, મનુભાઈ, રેવ. ફાધર નટુ દ્વારા. વિધિનો બીજો પડાવ ક્રૂસ વંદના વિધિનો ત્રીજો પડાવ. ક્રૂસ ચુંબન પરમપ્રસાદ ર્પણ. વિધિ સંપન્ન. ભક્તિભાવ પૂર્વક સર્વ શ્રદ્ધાળુઓએ ભાગ લીધો.

તા. ૩૧-૩-૨૦૧૮ ને શનિવાર સવારે ૭-૦૦ કલાકે પવિત્ર માતા મરિયમને દિલાસો આપવા માટે મહોલ્લાના શ્રદ્ધાળુ ભાઈ-બહેનો ઉપસ્થિત હતા. ઈન્દિરાબેન દુઃખના મર્મો બોલાવતા સાથે સિમોનભાઈ, પ્રિતી વાણીયા પવિત્ર મા મરિયમને દિલાસા માટેની પ્રાર્થના કરાવી. ફાધર અરૂલ ફાધર નટુ ઉપસ્થિત રહ્યા. બરાબર રાત્રે ૧૦-૩૦ કલાકે નવા અગ્નિનો આશીર્વાદ, શબ્દ ઉપાસના થકી વિધિ શરૂ કરવામાં આવી હતી. ખૂબ જ ભક્તિમય વાતાવરણમાં વિધિ સંપન્ન થઈ. સમગ્ર તપઋતુ દરમિયાન ફાધર, સિસ્ટર દ્વારા તાબાના ગામોમાં જઈને ખ્રિસ્તયજ્ઞ અને પ્રાયશ્ચિત સંસ્કાર આપી તપઋતુની પીડાની તૈયારી કરાવી હતી. રેવ. ફાધર જલાસ્ટી, રેવ. ફા. સંદીપ મધુકર, રેવ. ફાધર વિક્રમ મહિડા જેવા ફાધરોએ ગામોમાં ધર્મબોધ, આરાધના આપી હતી. સૌનો આભાર.

તા. ૧૪-૪-૨૦૧૮ પૂ. બિશપ રત્નાસ્વામીની દિક્ષાવિધિ નડિયાદ સેન્ટ મેરીઝ ચર્ચ ખાતે ખંભોળજ ધર્મવિભાગમાંથી અંદાજે ૨૮૬ ધર્મજનોએ આ વિધિમાં ભાગ લીધો હતો. ખંભોળજ ધામમાંથી ૧૦૧ નામની યાદી આવી હતી. યાદી બનાવવામાં દિનેશ રાઠોડ, જીતુ વકીલ, શૈલેષ વાણીયાએ સેવા આપી હતી. આપવા જવાની સંપૂર્ણ જવાબદારી રેવ. ફાધર અરૂલ દ્વારા ઉપાડવામાં આવી. ખર્ચ પેટે રૂપિયા ૧૪૦૦૦નો ખર્ચ કર્યો. ફાધરનો ખૂબ ખૂબ આભાર.

તા. ૧૫-૪-૨૦૧૮ ને રવિવારના ખંભોળજ કે. ચર્ચ ખાતે આપણી મા સામાયિક પાંચ વર્ષ પૂર્ણ કરે ત્યારે પંચમ વર્ષને પોંખવા અનેરો ઉત્સવ યોજાયો





મુખ્ય મહેમાન તરીકે ડૉ. કે.પી. રાજભારતી સાહેબ, અતિથિ વિશેષમાં શ્રીમતી ઈવા પટેલ, મહેમાનશ્રીઓમાં દૂતના સહતંત્રી શ્રી શૈલેષ ક્રિસ્ટી સાહેબ, નાલંદા પેરા મેડીકલ ઈન્સ્ટી. ના મનિષભાઈના ધર્મપત્નિ શ્રીમતી સુષમાબેન, શ્રી રમેશ ક્રિસ્ટી સાહેબ (ગુતાલવાળા), રીટા. બિટ નિરીક્ષક શ્રી ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી સાહેબ, રેવ. ફાધર અરૂલ, રેવ. ફાધર નટુ, રેવ. ફાધર બિપિન, રેવ. ફાધર જલાસ્ટીન, રેવ. ફાધર અપ્પાતૂરે, કલ્પેશ સોલંકી તથા મંડળના તંત્રીશ્રી શૈલેષ વાણીયાએ સ્ટેજની શોભા વધારી હતી.

સમગ્ર સંચાલનની જવાબદારી શ્રી શૈલેષ ક્રિસ્ટી દ્વારા ખૂબ જ કુનેહપૂર્વક, સફળતાની પરાકાષ્ટાએ પૂર્ણ કર. કાર્યક્રમની રૂપરેખા આ મુજબ છે. (૧) રજિ. -ચા-નાસ્તો (૧) આવકાર - રેવ. ફાધર નટુ દ્વારા (૩) દિપ પ્રાગટય (૪) પ્રાર્થના -ફા. અરૂલ દ્વારા (૫) મહેમાનશ્રીનો પરિચય (૬) ફુલહાર વિધિ (૭) સન્માનપત્રનું વાંચન -અનિતા ક્રિસ્ટી દ્વારા (૮) સન્માન પત્ર અર્પણ -રેવ. ફા. અરૂલ શાલ ઓઢમણી, રેવ. ફા. નટુ બુકે, તંત્રી શૈલેષ વાણી દ્વારા. (૯) અહાવલ વાંચન -તંત્રીશ્રી દ્વારા (૧૦) મહેમાનશ્રીનું પ્રવચન (૧૧૦ મુસાયરો (૧૨) મેગેઝીન સંદર્ભ આપના વિચારો (૧૩) પ્રેમભેટ (૧૪) આભાર વિધિ (૧૫) સ્નેહ ભોજન.

લેખકશ્રી, કવિ મિત્રો, સ્વયં સેવકો મળીને કુલ ૮૬ રત્ન કલાકારો મહેમાનો મળીને કુલ ૯૬ સર્જકો ઉપસ્થિત રહયા હતા. ખૂબજ રસપ્રદ કાર્યક્રમ જોવા મળ્યો. મહેમાનશ્રીઓમાં ડૉ. કે.પી. રાજભારતી, શ્રીમતી ઈવા પટેલ, ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી, શ્રીમતી સુષ્માબેન દ્વારા ચર્ચને દાન અર્પણ કરાવ્યું. આપનો ખૂબ ખૂબ આભાર.

આ સમયે આમંત્રણને માન આપીને ઉપસ્થિત રહેલ વિજયભાઈ બી.બી.એન. નું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું. જેવો સન્માનને પાત્ર છે તેવા ફ્રાન્સિસ ગાલુસનું સન્માન કરી તેમના કામની કદરરૂપે મોમેન્ટો અર્પણ કરવામાં આવી. તેઓ કુલ ૪૫૦ કોપીનું વિતરણ એકલા હાથે કરે છે. શ્રી દાઉદભાઈ રાઠોડ, દિનેશભાઈ રાઠોડ, શ્રી જીતુભાઈ વકીલના કામની કદરને ધ્યાને લઈ આભાર વ્યક્ત કરવામાં આવ્યો. અનિલ રાઠોડનો પણ આભાર વ્યક્ત કરવામાં આવ્યો. બરાબર ૨-૩૦ વાગ્યે સુરુચિ ભોજન સાથે છુટા પડયા. -તંત્રીશ્રી દ્વારા.

તા. ૭-૫-૨૦૧૮ ના રોજ ખંભોળજ કે. ચર્ચ ખાતે રેવ. ફા. અરૂલ દ્વારા વી.બી.એસ.નું આયોજન કરવામાં આવ્યું. પ્રથમ ખ્રિસ્ત પ્રસાદ ગ્રહણ કરનાર બાળકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

સવારે ૮-૦૦ કલાકે રેવ. ફાધર નટુ દ્વારા પ્રાર્થના કરવવામાં આવી ત્યારબાદ બધાજ શિક્ષકનો પરીચય શૈલેષ વાણીયા દ્વારા આપવામાં આવ્યો. સંદિપ સર, નિમેશ સર, પુષ્પાબેન, ભારતીબેન, સુજય સર, શૈલેષ સર અને રેવ. ફાધર નટુ દ્વારા કલાસ લીધા. બરાબર ૧૧-૦૦ કલાકે બાળકોને આઈસ્ક્રીમ આપી રાજુભાઈ દ્વારા પ્રાર્થના સાથે છુટા પડયા. અંદાજે ૪૦ થી વધુ બાળકોએ આ દિવસે હાજરી આપી હતી.

તા. ૮-૫-૨૦૧૮ ને મંગળવાર. વી.બી.એસ.નો બીજો દિવસ સવારના ૮-૦૦ વાગ્યે હાજરી પુરી પ્રાર્થના, તથા યોગથી વર્ગની શરુઆત કરવામાં આવી. શૈલેષ સર દ્વારા વિભાગ પાડી બાળકોની વહેંચણી કરી. વર્ગની શરુઆત થઈ.

રેવ. ફા. નટુ, શૈલેષ વાણીયા, જોસ્પીનાબેન, પુષ્પાબેન, ભારતીબેન, સંદિપસર, નિમેષ સર, સુજય સરઅ હાજરી આપી. બરાબર ૧૦.૦૦ કલાકે રિશેષ આપવામાં આવી. ત્યારબાદ બધા બાળકો ભેગા કરી રમત રમાડવામાં આવી. બરાબર ૧૧-૧૫ કલાકે નાસ્તા સાથે બાળકો છુટા પડયા.

તા. ૯-૫-૨૦૧૮ ને બુધવારના રોજ ત્રીજો દિવસ. વી.બી.એસ. પ્રથમ ખ્રિસ્ત પ્રસાદની બાળકો માટે શરુઆતની પ્રાર્થના શૈલેષ વાણીયા દ્વારા ત્યારબાદ ટુકડી પાડીને બાળકોને પ્રાર્થના શીખવાડવામાં આવી. ૧૦-૦૦ કલાકે રીશેષ ત્યારબાદ રેવ. ફાધર નટુ દ્વારા ખ્રિસ્તપ્રશાદ ગ્રહણ કરનાર બાળકોને પ્રાર્થના ને પ્રાયશ્ચિત અંગેની પ્રાથમિક માહિતી. ૧ વાગ્યે ભોજન ત્યારબાદ રમતને બરાબર ૪-૦૦ વાગ્યે હસી ગમ્મત સાથે બાળકોએ વિદાય લીધી. શિક્ષક મિત્રો દ્વારા બન્ને ફાધરોનો આભાર માનવામાં આવ્યો.

તા. ૧૦-૫-૨૦૧૮ ને ગુરુવારના રોજ વી.બી.એસ.નો ચોથો દિવસ. નિત્યક્રમ મુજબ બાળકોને ધર્મશિક્ષણ. ઠંડા પીણાને ભોજન







સાથે ૪-૦૦ વાગ્યે છુટા પડવું.

તા. ૧૧-૫-૨૦૧૮ વી.બી.એસ.નો પાંચમો દિવસ. પીકનીક ખાનપુર મુકામે. ધર્મ શિક્ષણ, રમત ગમ્મત, ભોજન સમારંભ ને અંતે ઠંડાપીણા સાથે ૪-૦૦ વાગ્યે હર્ષોલ્લાસ સાથે છુટા પડવું. સિંહ ભૂમિકા શૈલેષ વાણીયા દ્વારા.

તા. ૧૨-૫-૨૦૧૮ ને સાંજે ૫-૦૦ કલાકે પ્રથમ ખ્રિસ્ત પ્રસાદ ગ્રહણ કરનાર બાળકો તથા વાલીઓ માટે પ્રાયશ્ચિત સંસ્કાર.

તા. ૧૩-૫-૨૦૧૮ ને ૮-૩૦ વાગ્યાના ખ્રિસ્ત પ્રસાદમાં પ્રથમ વખત પ્રભુને ગ્રહણ કરનાર બાળકોને પ્રસાદ આપવામાં આવ્યો. બાળકોમાં અનેરો આનંદ જોવા મળ્યો. સતત છ દવિસની આ યાત્રામાં શિક્ષક મિત્રોનો સારો સહકાર જોવા મળ્યો. રેવ. ફાધર અરૂલ, રેવ. ફાધર નટુનો આભાર. બાળકોને જમવાથી લઈને શૈક્ષણિક સામગ્રી પુરી પાડવા બદલ, શૈલેષ વાણીયા, પુષ્પા રાઠોડ, જોસ્પીનાબેન, સુજય રાઠોડ, સંદીપભાઈ, નીમેષભાઈ, ભારતીબેન સર્વનો આભાર શૈલેષ વાણીયા દ્વારા માનવામાં આવ્યો.

તા. ૧૩-૫-૨૦૧૮ ને રવિવારના રોજ ખંભોળજ પેરીશ ખાતે ૧૩ બાળકોએ પ્રથમ વખત પ્રભુ ઈસુને ગ્રહણ કર્યા. પ્રથમ ખ્રિસ્ત પ્રસાદ અમીત ઓનેસ્ટ દ્વારા બધાજ બાળકોને મા મરિયમની છબી ફ્રીમાં આપવામાં આવી. સાથે તેઓનો ફોટો ખ્રિસ્ત પ્રસાદનો ઈશ્વરપિતા તેઓને સોઘણું આપે. સર્વ શિક્ષકોનો આભાર. શૈલેષ વાણીયા દ્વારા માનવામાં આવ્યો.

તા. ૧૪-૫-૨૦૧૮ દિવ્ય દયા પ્રાર્થના હોલ ભરોડાનું ઉદ્‌ઘાટન પૂ. બિશપ થોમાસ મેકવાન ગાંધીનગર ધર્મપ્રાન્તના આર્ચબિશપ દ્વારા. કાર્યક્રમની રૂપરેખા, સામૈયું બગીમાં બેસીને ડી.જે., ભજન મંડળી, નાની બાલીકાઓ દ્વારા પુષ્પથી સ્વાગત. ત્યારબાદ મહાયજ્ઞ પરમપૂજા મહાધર્માધ્યક્ષ શ્રી થોમાસ મેકવાનના વરદ્ હસ્તે. દિવાલોને આશિર્વાદ, વેદીને આશિર્વાદ, દિપ પ્રાગટય, મહેમાનોનો પરિચય, ફૂલહાર વિધિ, અહેવાલ વાંચન, દાન અર્પણ, સ્નેહ ભોજન સાથે વિદાય. આભાર વિધિ.

સમગ્ર સંચાલન શૈલેષ વાણીયા દ્વારા. દાતાશ્રીઓમાં જમીન દાન આપરનાર સ્વ. મેજર મગનલાલના સુપુત્ર. જહેમત ઉઠાવનાર શાંતિલાલ પરમાર, જુલીયાબેન તથા નામી અનામી વ્યક્તિઓ સર્વનો આભાર. શૈલેષ પરમાર દ્વારા.

ઉદઘાટન સમારોહ બરાબર ૯-૦૦ કલાકે શરુ થઈ ૧-૦૦ કલાકે પૂર્ણાહુતિ કરવામાં આવી. રેવ. ફાધર અરૂલનો ખૂબ ખૂબ આભાર.

તા. ૩-૬-૧૮ ને રવિવારના રોજ ખંભોળજ મુકામે ચતુર્થ પ્રસંગની ઉજવણી અમદાવાદ ધર્મપ્રાંતના પૂ. બિશપ રત્નસ્વામી દ્વારા ખ્રિસ્તયજ્ઞ હાથોનું ચુંબન, ડૉ. રશ્મી સેસિલ દ્વારા રાહતદરે ચોપડા વિતરણ, બોડી ચેકઅપ કેમ્પ, દૂરદર્શન દ્વારા માના મહિમાનું ટેલીકાસ્ટ.

આવનાર પ્રસંગની ઉજવણી માટે તાબડતોબ પેરીસની મિટીંગ રેવ. ફાધર દ્વારા બોલાવવામાં આવી. મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી. તા. ૨-૬-૧૮ ને શનિવારના રોજ મિટીંગ. પ્રસંગની ઉજવણીની ચર્ચા બધા સાથે મળીને પ્રસંગની ઉજવણી કરવી તેવું નક્કી કરવામાં આવ્યું. જુના દેવળથી નવા દેવળ સુધી સરઘસ સ્વરૂપે બિશપશ્રીના આવકારની સાથે ચર્ચમાં પ્રવેશ. ખ્રિસ્તયજ્ઞ બધા સાથે મળીને કાર્યક્રમની ઉજવણી હર્ષોલ્લાસ સાથે.

તા. ૧૦-૬-૨૦૧૮ ને રવિવારના રોજ ૮-૩૦ કલાકના ખ્રિસ્તયજ્ઞ બાદ નવા સભાપુરોહિત રેવ. ફાધર લૉરેન્સ, રેવ. ફાધપ પકિયારાજનો સન્માન સમારંભ ખંભોળજ મુકામે, રેવ. ફાધર અરૂલસ રેવ. ફાધર નટુનો વિદાય સમારંભ....

પેરીશ કાઉન્સીલ, મહિલા મંડળ, આપણી મા પરિવાર, કબ્રસ્તાન કમિટી, વિન્સેન્ટ-દ-પોલ, અનાથોની માતા ફોન્ફરન્સ કોપર ગ્રુપ દ્વારા, સિસ્ટરો દ્વારા, તથા ધર્મજનો દ્વારા આવકાર, રેવ. ફાધર આપનો ખૂબ ખૂબ આભાર.



# તમારો પત્ર....

૧૫ મી એપ્રિલ ૨૦૧૮ના રોજ ખંભોળજ દેવાલાયમાં આપણી મા મુખપત્રને પાંચ વર્ષ પૂર્ણ થયા નિમિત્તે તેની ઉજવણીના ભાગરુપે સ્નેહમિલનનું આયોજન સભાપુરોહિત પૂ. ફા. અરૂલ તથા તંત્રીશ્રી શૈલેષ વાણીયા દ્વારા કરવામાં આવ્યું હતું અને તેમાં વિશેષ મહાનુભાવોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમાં મુખ્ય પ્રમુખ શ્રી ડૉ. કે. પી. રાજભારતી, શ્રીમતી ઈવાબેન પટેલ, શ્રીમતી સુષ્માબેન,શ્રી અર્પણ મધુકર, ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી, શૈલેષ ક્રિસ્ટી, મંત્રીશ્રી રમેશ ક્રિસ્ટી, તંત્રી શ્રી રજનીકાંત ગોહીલ, અનીલ વાઘેલા તથા લેખક અને કવિ મિત્રો સાથે ફા. અપ્પા તુરાઈ, પૂ. ફા. બિપીન વાઘેલા અને ખંભોળજ દેવળના સભા પુરોહિત, આયોજક અને આપણી મા મુખપત્રના પ્રકાશક પૂ. ફા. અરૂલ તમામ વ્યક્તિ વિશેષો ઉપસ્થિત હતા.

કાર્યક્રમનો શુભારંભ મહેમાનો દ્વારા દીપ પ્રગટાવીને કરવામાં આવ્યો. પૂ. ફા. અરૂલે સૌને પ્રાર્થનામાં દોરવ્યા. અને ત્યારબાદ સૌ પ્રથમ મુખ્ય મહાનુભાવ પ્રમુખ શ્રી ડૉ. કે. પી. રાજભારતીનું સ્વાગત વડતાલના અનુવાદક અને લેખક શ્રી જોન ફિલીપ મેકવાન દ્વારા ફૂલોનો ગુલદસ્તો અર્પણ કરીને આવકાર આપવામાં આવ્યો. ત્યારબાદ એક પછી એક પ્રત્યેક મહેમાનોનું ગુલદસ્તાથી સ્વાગત કરવામાં આવ્યું. આ સભામાં સૌથી મહત્વની અને આકર્ષણરૂપ બાબત એ હતી કે મહેમાન શ્રીમતી ઈવાબેન પટેલ આપણી મા મરીયમ વિશે તેઓ વિશેષ પ્રેમ અને માન સન્માનની લાગણી ધરાવે છે. જે તેમના વક્તવ્યમાં જાણી શકાયું. ઉપરાંત આપણી મા મુખપત્રના વિતરકોને તથા મહાનુભાવોને ભેટરૂપે આપણી માનુ પ્રતિક (મોમેન્ટો) આપવામાં આવ્યું હતું. તથા એક વયોવૃદ્ધ લેખક અને વિતરણ શ્રી ફ્રાન્સિસ ગાલુસ મેકવાનને શાલ ઓઢાડીને સન્માન પત્રક આપવામાં આવ્યું હતું. લગભગ બધાજ આમંત્રિત મહેમાનોએ માતા મરિયમ વિશે પોતાના વક્તવ્યમાં વિશેષ લાગણી અને પ્રેમ દર્શાવ્યો હતો. તંત્રીશ્રી શૈલેષ વાણીયા પોતાના અતિ ઉત્સાહથી આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંપૂર્ણ વ્યસ્ત અને સમર્પિત જણાયા હતા. ભાઈ શ્રી શૈલેષ ક્રિસ્ટી પોતાની વિશેષ કુનેહ અને છટાથી સોંપાયેલી જવાબદારી નિભાવી રહ્યા હતા. કવિ મિત્રોએ પણ પોતાની કવિતાનું જોરદાર અને આક્રમક રીતે પઠન કર્યું હતું. છેલ્લે બપોરના ૨ વાગ્યે સૌએ સાથે મળીને સ્નેહભોજન લીધુ હતું. પ્રત્યેકની રુચિ અનુસાર વેજ-નોનવેજ ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી હતી અને ભોજનબાદ સૌએ વિદાય લીધી.

પરંતુ વ્યક્તિગતરૂપે હું માનુ છું કે પૂ. ફા. અરૂલ, ફા. નટુ તથા તંત્રી શ્રી શૈલેષ વાણીયા દ્વારા સ્નેહ સંમેલનનું ખુબ સરસ રીતે આયોજન કરવામાં આવ્યું હતું. અને પૂ. ફા. અરૂલના પ્રકાશન અને માર્ગદર્શન હેઠળ તથા તંત્રી શ્રી શૈલેષ વાણીયાના તંત્રીપદ હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં આપણી મા મુખપત્રએ ઘણીજ પ્રગતિ કરી છે. અને ગુણવત્તાની દ્રષ્ટિએ પમ આ મુખપત્ર ઘણુંજ સમૃદ્ધ થયું છે. જે બદલ આપણી મા મુખપત્રને સફળ અને સમૃદ્ધ બનાવવા માટે જેમનું વિશેષ યોગદાન છે તે સમગ્ર ટીમ ધન્યવાદને પાત્ર છે. તેવી મારી શુભકામના સાથે વિરમું છું.

**-જોન ફિલીપ મેકવાન**

વડતાલ

આપણી મા ત્રિમાસિક એપ્રિલ જૂન ૨૦૧૮ ના અંકની રાહ જોતો બેઠો હતો. સમયગાળો લાંબો લાગ્યો. વાંચવાની ટેવ મુજબ પડોશમાં પુછી આવ્યો. મા આવી તમારે ઘરે. તેઓ હસવા લાગ્યા મારી મા તો મારા ઘરે છે. મેં કહ્યું અનાથોની માતા. તેઓ હસ્યા નથી આવી પણ હું ખંભોળજ ગઈ હતી. મારી પાસે અંક છે. તમારે વાંચવો છે. હું લઈ આવ્યો.

અંક હાથમાં આવતા મુખ પુષ્ઠ ઉફર પૂ. બિશપ રત્ન સ્વામીનો ફોટો જોયો. ખૂબ જ આનંદ થયો. ફોટો મુકવાનું સજેશન આપનાર વ્યક્તિને મારા અભિનંદન. પાનાં પલટાવતાં પહેલા બે થી બાવીસ પાન સુધી લેખકોની લાંબી કતાર જોવા મળી. એક એકથી સભર લેખકોના નામ તથા તેમના લેખનું ટાઈટલ જોયું બહુંજ ગમ્યું. સર્વ લેખક મિત્રોને મારા અભિનંદન. મિત્ર તંત્રીશ્રીનો લેખ શોધતો હતો. લગભગ ફાધર પછી તરત તેઓનો લેખ આતો હોય છે. આ વખત તેઓનો ક્રમાંક નંબર સાતમાં પાને જાય છે. તેઓ પોતાના લેખમાં જણાવે છે કે સમજાય તો સમજી લો. પહેલાં વાંચતાની સાથે હસવું આવ્યું. થોડો મલકાયો મારા મિત્ર વળી પાછું આ શું લઈ આવ્યા. એવું પણ બનતું હોય છે કે જે વસ્તુની સમજ ન પડે તેની સમજ સામેવાળી વ્યક્તિને પડે. રોજિંદા જીવનમાં ઘણી ઘટનાઓ બનતી હોય છે. ખાલી હાથ આયે જો ખાલી હાથ જાયેગે. કહેવત દ્વારા તેઓ સમાજના ઉત્થાનમાં પોતાની કલમ ચલાવી રહ્યા છે. ખૂબ જ સરસ મથાળું પસંદ કર્યું એથીય સુંદર વાર્તા, ઉદાહરણ કહેવત દ્વારા લેખ રોચક બનાવવા બદલ શ્રી તંત્રી સાહેબને અભિનંદન.

રેવ. ફાધર અરૂલને કેમ ભુલી શકાય આટલું મોટું ધામ, ક્રિયાઓ સાથે ધાર્મિક વિધીઓ એમાંય મોટી જવાબદારી સામાયિકની તેઓ દ્વારા ક્ષમા લેખ લખાયો છે. ખૂબજ સુંદર લેખ છે. પહેલાં તો એવું લાગ્યું કે ટાઈટલ ઠીક છે પરંતું જેમ જેમ વાંચતો ગયો તેમ તેમ ખૂબજ મજા પડી. દરેક માણસમાં જાનવર સ્વભાવ

છે અને ઈશ્વરીય સ્વભાવ છે. જ્યારે એક વ્યક્તિ ક્ષમા કરે છે તે ઈશ્વર બને છે અને ક્ષમા કરવા તૈયાર નથી ત્યારે તે જાનવર બને છે. દરેકના જીવનમાં, કુટુંબમાં, સમાજમાં શાંતિથી જીવવા માટે ક્ષમા જોઈએ. ખૂબજ સુંદર માહિતી પુરી પાડવા બદલ રેવ. ફાધર આપને અભિનંદન. સાથે કવિમિત્રોની રચના બદલ અભિનંદન.

**-સંજય પરમાર, નરસંડા**

ખંભોળજ ધર્મવિભાગનું ત્રિમાસિક મુખપત્ર આપણી મા તાજેતરમાં (૧૫ એપ્રિલ-૧૮) પાંચ વરસ પુરા કર્યાની ઉજવણી મોટા પાયે રાખવામાં આવી. તંત્રીશ્રી શૈલષ વાણિયા સાથે શ્રી રાજુભાઈની વિશેષ જવાબદારી હતી. પૂ. રેવ. ફા. અરૂલની રાહબરી નીચે ઉજવણીમાં ચાર ચાંદ લાગી ગયા.

સામયિક સાથે સંકળાયેલા સર્વ લેખકો, કવિઓ તથા વિતરકો સર્વને આમંત્રણ આપવામાં આવ્યું. ડો. કે.પી. રાજભારતીના મુખ્ય મહેમાન તરીકે તથા અન્ય મહાનુભાવોએ ઉજવણીમાં પધારી શોભા વધારી. સૌનું ગુલદસ્તાથી સન્માન કરી પરિચય આપવામાં આવ્યો. કેટલાક કવિ મિત્રોએ પોતાની સ્વરચિત કવિતા મધુર કંઠે સંભળાવી, મંચસ્થ મહાનુભાવોએ આપણી મા વિશે વિચારો રજૂ કર્યા.

આ બધામાં એક ધ્યાન ખેંચે એવી એક બાબત છે. ઉજવણીમાં આયોજકોએ મારું ખૂબ દબદબાભેર સન્માન કર્યું. ખરેખર મારા જેવા નાના માણસ માટે આ સન્માન ઘણું મોટું ગણાય. એમાં મેં કંઈ વધારે કશું નથી કર્યું. મને માતા મરિયમની પ્રેરણા મળી, અને માતાજીના આશિષ થકી હું ગ્રાહક મિત્રો બનાવી શક્યો. જય મા મરિયમ. આયોજકો અને તેમાંય શૈલેષ ક્રિસ્ટીને કેમ ભૂલાય ? સાથે તંત્રીશ્રી શૈલેષ વાણીયા, શ્રી રાજુભાઈ અને શિરમોર એવા રેવ. ફાધર અરૂલ સર્વનો ખૂબ ખૂબ આભાર. સાથે અભિનંદન.

**-ફ્રાન્સિસ ગાલુસ મેકવાન**

ખંભોળજ ધર્મવિભાગના ત્રિમાસિક મુખપત્ર આપણી મા પંચમવર્ષ સ્થાપના દિન નિમિત્તે ઉજવણી સમારંભમાં પ્રમુખપદે મારી વરણી કરી માનસહિત ઉપસ્થિત મહેમાનોનું ભવ્યરીતે સ્વાગત-સન્માન કરવા બદલ ખૂબ ખૂબ આભાર...

સુંદર કાર્યક્રમ યોજવા બદલ તમામ આયોજકો, પુરોહિતગણ, સ્વયંસેવકો, તંત્રીશ્રી શૈલેશ વાણિયા તથા તંત્રીમંડળ અને ધર્મસભાના સૌ સભાજનોની ઉત્તમ સેવાઓને બિરદાવી અભિનંદન પાઠવું છું.

આપણી મા ત્રિમાસિક મુખપત્ર ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છા સહ પ્રભુ પ્રાર્થના...

**-ડૉ. કે. પી. રાજભારતી, નડિયાદ**

**ઓકટોમ્બર-નવેમ્બર-ડિસેમ્બર**

**૨૦૧૮ માં**

આવતા મહત્વના દિવસો ધર્મસભાના
પર્વને ધ્યાનમાં લઈ
લેખ લખવા. આપના લેખ તથા કાવ્ય
ડિસેમ્બરની ૧૦ મી તારીખ સુધીમાં
તંત્રીશ્રીને અથવા ચર્ચ ઑફીસમાં
મોકલી આપવા વિનંતી.

**તંત્રી શ્રી સરનામું :** ગોકુલધામ સોસાયટી,
કેથોલિક ચર્ચ સામે, નં. ૪૦,
ખંભોળજ, તા. જી. આણંદ. પીન નં. ૩૮૮ ૩૩૦.

**પ્રકાશક : રેવ. ફાધર લોરેન્સ**
**કેથોલિક ચર્ચ, ખંભોળજ, તા. જી. આણંદ.**
**પીન નં. ૩૮૮ ૩૩૦.**

## "આપણી મા" સામાયિકને મળેલ દાન

| | | |
|---|---|---|
| ૧. | સ્વ. સવિતાબેન ફિલીપભાઈ દાવલા | રૂા. ૧૫૦/- |
| ૨. | શેફાલીબેન કિરીટભાઈ રુણાજવાળા | રૂા. ૧૦૦/- |
| ૩. | નોયલ રાજનાથ, સામરખા | રૂા. ૧૦૦/- |
| ૪. | જયરામ જીન્ટો, મણીનગર દ્વારા | રૂા. ૧૦૦/- |

## :: અવસાન નોંધ ::

ધર્મવિભાગના નીચેના શ્રધ્ધાળુઓનું દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતના આત્માઓને પરમેશ્વર પરમ શાંતિ બક્ષે, અને તેમના દુઃખિત સ્વજનોને આશ્વાસન અને હિંમત આપે એવી પ્રાર્થના સાથે સૌ શ્રધ્ધાળુઓને "આપણી મા પરિવાર" તરફથી શ્રધ્ધાંજલિ.

૧. ઝવેરબેન સોમાભાઈ પરમાર
મરણ તારીખ ૧૭-૪-૨૦૧૮, ખંભોળજ

**આવ્યો છુ...**

નક્કી કરીને આવ્યો છું
તેની સાથે સમાધાન સાધી આવ્યો છું.

બધાજ બંધનો તોડી નાખી
મળવાની મંજૂરી લઈને આવ્યો છું

ઝખ્મો ઘણાં સહન કર્યા છે
મિત્રો સામે પાર જઈ આવ્યો છું

મહી પડયાં તે મહા સુખમાણે
ચવૃંદ વર્ષ ગાળી આવ્યો છું

ઘાયલ કી ઘાત ઘાયલ જાણે
તેની સાથે જગ તરી આવ્યો છું.

**- તંત્રીશ્રી, શૈલેષ વાણીયા (શૈલ)**

**બંધન...**

કામ જગનું કુદરતે દીધું મોટું
છતાં પર્વતો હેઠો હું બેઠો છું

રૂદનની વહેતી ધારા ડુંગરોથી
સ્નેહથી સમાવતો હું બેઠો છું...

દૂર દૂરના વાયરા મચાવે તોફાન
ને બદનામ થતો હું બેઠો છું...

ખોળે ખેલતા જગતને નીરખતો
હરખાતા હૈયે હું બેઠો છું....

પેલા ઘેલા બનતા મેઘો કાજે
ધખતો ધોમ વેઠતો હું બેઠો છું...

જગની લહેરાતી વનરાજી નીરખી
હરખાતા હૈયે હું બેઠો છું....

જગનું ભારણ ભારે છતાં
બંધને કુદરતના બંધાને હું બેઠો છું....

**-નગીન શાહ**

**આવી દ્વારે**

આવી છું તારા દ્વારે
પુષ્પ લઈને આજે
સમસ્યાઓ અનેક છે
જગ બોલે છે દ્વારે તારે.

લૂંટી લૂંટી ને ભેગું કર્યું
સાધન સંપત્તિથી સજ્જ
સમય આવતા રડશે એ
એકલા આવી દ્વારે તારે.

પીંખી નાખ્યાં અનેક પંખી
તેજ પૂર્યા કર્યા
પોશાક સફેદ ધારણ કરી
માફી માટે આવી દ્વારે તારે.

રોજ જોયા કરું છું તને
મળવાનું મન થાય
દૂરના અંતર મા દૂર થતા
સાદ સાંભળી આવી દ્વારે તારે.

**-પ્રિતી પરમાર, ખંભોળજ**

**વિશ્વાસુ ચાકર**

હે મન ચાલો પ્રભુની ગમ સંચરીયે
એના વિશ્વાસુ ચાકર થઈએ..... હે મન

જીવનવાડી માંહે આપણે વ્હેલા મોડા આવ્યા
વેતન તોયે સૌને સરીખું એ આપે એમ લઈએ.... હે મન

જે પોતાને ઊંચો સમજે, નીચો તેજ કરાશે
છેલ્લા તેઓ પહેલા થાશે માટે નમ્રતા ગ્રહીયે.... હે મન

ન્યાયીમા ઘણા ન્યાયી પ્રભુ છે, શાને દિલે દુભાઈએ
એમની મરજી મુજબ જીવન આપણે જીવી લઈએ.... હે મન

મનની મહેલાત મુંઝાઈ મરવું, શોભે નહીં આપણને
સૌની સાથે હુંફાળા રહીને, વેરભાવ પરહરિએ... હે મન

**-જોસેફ વાય. મેકવાન, વડોદરા**

# પ્રવેશ જાહેરાત

## સેંટ ફ્રાન્સિસ આસીસ ટેકનીકલ ટ્રેનિંગ ઈન્સ્ટીટયુટ

મુ. સદાનાપુરા, પો. સામરખા, તા. જી. આણંદ.

**સરકાર માન્ય સંસ્થા, રજી. નં. KD-150**

**કમિશ્નરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગરની માન્યતા હેઠળ ચાલતી સંસ્થામાં નીચે જણાવેલ કોર્ષમાં પ્રવેશ કાર્યવાહી ચાલું છે.**

| ક્રમ | સરકાર માન્ય અભ્યાસ ક્રમ | પ્રવેશ લાયકાત | કોર્ષની મુદત |
|---|---|---|---|
| ૧ | ફેબ્રિકેશન ફીટર કમ વેલ્ડર (TEB પેર્ટન)<br>Mo. 99097 71280 | ધોરણ-૯ પાસ અને S.S.C. પાસ/નાપાસ | ૧ વર્ષ |

પ્રવેશ ફોર્મ તથા વધુ માહિતી માટે રૂબરૂ સંસ્થાનો સંપર્ક કરો.

**સમય : સવારના ૮-૦૦ થી ૧૨-૦૦ (રવિવાર સિવાય)**

આચાર્યશ્રી

Mob. 98257 32365

નાઈસ એજ્યુકેશન ટ્રસ્ટ (ગુજ/૧૧૭૦/આણંદ)સંચાલિત

નર્સિંગ એડમીશન / Government of India / સરકાર માન્ય સંસ્થા

# NICE નાઈસ

PARAMEDICAL INSTITUTE

## પેરામેડીકલ ઈન્સ્ટીટ્યુટ



અખિલ ગુજરાત પેરામેડીકલ કાઉન્સીલ(વડોદરા)

ભારત સેવક સમાજ-નાઈસ ઈન્સ્ટીટ્યુટ(Guj/7792)Nadiad

## ૧ વર્ષ, ૨ વર્ષ, ૩ વર્ષ (બેંગ્લોર માર્ગદર્શન) નર્સિંગ કોર્ષ

| ક્રમ | કોર્ષનું નામ | લાયકાત | મુદત |
|---|---|---|---|
| 1 | જી.એન.એમ (બેંગ્લોર) માર્ગદર્શન | ૧૨ પાસ | ૩ વર્ષ |
| 2 | પેશન્ટ કેર આસીસ્ટન્ટ (એડવાન્સ નર્સિંગ હોસ્પિટલ પ્રોગ્રામ) | ૧૦, ૧૨ પાસ | ૨ વર્ષ |
| 3 | પેશન્ટ કેર આસીસ્ટન્ટ (નર્સિંગ આસીસ્ટન્ટ) | ૧૦, ૧૨ પાસ | ૧ વર્ષ |
| 4 | લેબ ટેક્નીશીયન (DMLT) | ૧૦, ૧૨ પાસ | ૧ વર્ષ |
| 5 | ડીપ્લોમા ઈન ઓ.ટી આસીસ્ટન્ટ | ૧૦, ૧૨ પાસ | ૧ વર્ષ |
| 6 | ડીપ્લોમા ઈન મેડીકલ હેલ્થ નર્સિંગ આસી. | ૧૦ નાપાસ | ૧ વર્ષ |

**ખાસ નોંધ :** (૧) લીમીટેડ સીટ (૨) દરેક કોર્ષમાં બુક્સ, મટીરીયલ્સ ફ્રી મળશે.
(૩) ગામડેથી આવનાર બહેનોને મફત બસ પાસ સુવિધા તથા ભાઈઓને કન્સેસન પાસ
(૪) ખૂબ જ ગરીબ, વિધવા, મા-બાપ વિનાની બહેનોને ખૂબજ ઓછી ફી અને જોબ અગ્રીમતા આપવામાં આવશે.

**વધુ માહિતી માટે રૂબરૂ મળો :**

| નડિયાદ | વિદ્યાનગર | બોરસદ |
|---|---|---|
| ૫૦૯, સીટી પોઈન્ટ કોમ્પ્લેક્ષ, ઈપ્કોવાલા હોલ સામે. M : 9510315040 | બીજો માળ, સુપર માર્કેટ કોમ્પલેક્ષ, નાના બજાર M : 9510042266 | 117, દિનશા ચેમ્બર, બસ સ્ટેન્ડ સામે, તાલુકા પંચાયત રોડ M : 9979974424 |
| **મહેમદાવાદ** | **વડોદરા** | **વડોદરા** |
| ૨૧૫, બીજો માળ, રાધેકિશન કોમ્પલેક્ષ, મહુધા રોડ M : 7383214339 | S.F.11, મારૂતિ કોમ્પ્લેક્ષ, નિઝામપુરા બસસ્ટેન્ડની સામે, M : 9376695255 | બી-૬૦, બ્લોક-૨, ઉનડદીપ કોમ્પલેક્ષ, તરસાલી રીંગ રોડ M : 7777955647 |

ધો. ૧૦,૧૨ (દરેક પ્રવાહ) તથા કોલેજ પાસ-નાપાસ માટે 100% જોબલક્ષી કોર્ષ

" નર્સિંગ તો માત્ર ગ્રો-વેલ અકેડેમી નું જ "

# ગ્રો-વેલ નર્સિંગ અકેડેમી

| | |
|---|---|
| **હોસ્પિટલ આસિસ્ટન્ટ**<br>ધોરણ : ૧૦ પાસ / ૧૨ પાસ - નાપાસ | ૧ વર્ષ |
| **GNM** (માર્ગદર્શન)<br>ધોરણ.૧૨ પાસ કોઈ પણ પ્રવાહ | ૩ વર્ષ |
| **એક્સ-રે ટેકનીશીયન**<br>ધો.૧૦ પાસ / ૧૨ પાસ-નાપાસ | ૧ વર્ષ |
| **ઓપરેશન થિયેટર ટેકનીશીયન**<br>ધો.૧૦ પાસ / ૧૨ પાસ-નાપાસ | ૧ વર્ષ |
| **ડિપ્લોમા ઈન હેલ્થ કેર**<br>ધો.૧૦ પાસ / ૧૨ પાસ-નાપાસ | ૨ વર્ષ |
| **પેશન્ટ કેર ટેકનીશીયન**<br>ધો.૧૦ પાસ / ૧૨ પાસ-નાપાસ | ૧ વર્ષ |
| **B.Sc Nursing** (બેંગલોર)<br>ધોરણ.૧૨ (સાયન્સ- B ગૃપ ) | ૪ વર્ષ |
| **P.B.B.Sc Nursing** (માર્ગદર્શન)<br>લાયકાત - GNM પાસ | ૨ વર્ષ |



**સ્ટીવન ક્રિશ્ચિયન**
DIRECTOR
99 135 57505

ગ્રો-વેલ અકેડેમી
શિક્ષણ । તાલીમ । સ્વ-વિકાસ

**નિકિતા પરમાર**
PRO
96 382 78952

**કિલ્લોલ હોસ્પિટલ નીચે, મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮૦૦૧.**
**ફોન :(૦૨૬૯૨) ૨૫૯૨૧૦.** www.jatancharity.org

સભાપુરોહીતશ્રીનું ભલામણપત્ર લઈને આવનારને ફી માં રાહત

૧-વર્ષ, ૨-વર્ષની નવી બેચ ૧ જુલાઈથી શરૂ

દરેક કોર્સમાં સ્ટડી મટીરિયલ, નોટબુક્સ,કોલેજ બેગ,યુનિફોર્મ ફ્રી

લીમીટેડ સીટ, વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ

PRINTED BOOK

To,..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

From :
**Catholic Church,**
Khambholaj - 388 330.
Dt. Anand.

વનિતા પ્રેસ. ૯૯૭૪૨૮૨૨૪૭